દાવો રજુ કર્યા તારીખ :– ૨૫/૦૭/૨૦૧૮
દાવો નોંધ્યા તારીખ :– ૨૫/૦૭/૨૦૧૮
દાવાનો નિર્ણય તારીખ :– ૩૦/૦૬/૨૦૨૬
સમયગાળો:– વર્ષ : માસ : દિવસ

*************************************************************

મોડાસાના મે. એડીશ્નલ સીવીલ જજ એસ. આર. શર્મા સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.મોડાસા,જી. અરવલ્લી.

*************************************************************

રે.દિવાની મુકદ્દમા નં.૨૬/૨૦૧૮

આંક–

વાદીઓ:– (૧) મગાજી કલાજી બામણીયા, ઉ.આ.વ.૬૦
(૨) શનાજી કલાજી બામણીયા, ઉ.આ.વ.૫૫
(૩) ભલાજી કલાજી બામણીયા, ઉ.આ.વ.૪૫
(૪) બાલાજી કલાજી બામણીયા ગુજરતાં વારસો
આંક –૨૬ ના હુકમના આધારે સુધારો કર્યો
૪/૧ લાલાભાઈ બાલાજી બામણીયા, ઉ.આ.વ.૩૦
૪/૨ બામણીયા રેખાબેન તે બાલાજી કલાજીની દીકરી
અને કાન્તીભાઈ સોમાભાઈ પુંજારાની સિધવા પત્ની, ઉ.આ.વ.૨૭,
મુળ રહે. બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લી.
હાલ રહે.બેડજ, તા.મેઘરજ, જી.અરવલ્લી.
(૫) સાયબાજી કલાજી બામણીયા ગુજરતાં વારસો
આંક – ૬૮ ના હુકમના આધારે સુધારો કર્યો
૫/૧ ચંપાબેન સાયબાજી બામણીયા, ઉ.આ.વ.૪૫
૫/૨ મહેશજી સાયબાજી બામણીયા, ઉ.આ.વ.૨૫
૫/૩ નરેશજી સાયબાજી બામણીયા, ઉ.આ.વ.૧૯
૫/૪ બામણીયા સંગીતા તે સાયબાજી કલાજીની દીકરીઅને રાજુભાઈ
મકવાણાના સિધવા પત્ની. ઉ.આ.વ.૨૬,
મુળ રહે. બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લી,
હાલ રહે. અમલાઈ, તા.મોડાસા, જી.અરવલ્લી.
તમામ ધર્મે – હિન્દુ, ધંધો – ખેતી, રહે. બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લી,

વિ રુ ધ્ધ

**પ્રતિવાદીઓ :**

**(૧) રમણજી મોતીજી બામણીયા, ઉ.આ.વ.૪૫**
**(૨) ફતાજી સુરાજી બામણીયા ગુજરતાં વારસો**
**આંક – ૭૯ ના હુકમના આધારે સુધારો કર્યો**
**૨/૧ બામણીયા ભાથીજી ફતાજી, ઉ.આ.વ.૬૦**
**૨/૨ બામણીયા વીરાજી ફતાજી, ઉ.આ.વ.૫૮**
**૨/૩ બામણીયા મણીબેન ફતાજી, ઉ.આ.વ.૫૫**
**૨/૪ બામણીયા ભુરીબેન ફતાજી, ઉ.આ.વ.૫૦**
**૨/૫ બામણીયા સોમાજી ફતાજી, ઉ.આ.વ.૪૮**
**૨/૬ બામણીયા કાન્તીજી ફતાજી, ઉ.આ.વ.૪૫**
**તમામ મુળ રહે. બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લી.**
**(૩) માલાજી સુરાજી બામણીયા ગુજરતાં વારસો**
**આંક – ૪૮ ના હુકમ આધારે સુધારો કર્યો**
**૩/૧ બામણીયા પ્રેમજીભાઈ માલાજી, ઉ.આ.વ.**
**૩/૨ બામણીયા ભુરીબેન માલાજી, ઉ.આ.વ.**
**બંને રહે. બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લી,**
**(૪) મહેશભાઈ ડાહ્યાજી બામણીયા, ઉ.આ.વ.**
**(૫) ડાહ્યાજી ફતાજી બામણીયા, ઉ.આ.વ.**
**(૬) રમીલાબેન ડાહ્યાજી બામણીયા, ઉ.આ.વ.**
**તમામ ધર્મે – હિન્દુ, ધંધો – ખેતી, રહે.બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લી.**

**દાવો:– રૂા. ૩૦૦/– ના આંકથી કાયમી મનાઈહૂકમ તથા ડેકલેરેશન મેળવવા માટેનો દાવો**

************************************************************

**વાદીઓ તરફે વિ.વ.શ્રી આર.ડી. પટેલ**
**પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી એસ.આર. ભરવાડ .**

************************************************************

## –: ચુ કા દો :–

## (૧) વાદીઓના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે,

૧) અમો વાદીઓની મોજે બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લીની સીમના જુના સર્વે નં.૨૦૯ જેનો નવો સર્વે નં.૨૫૮ ખાતા નં.૧૯૬ વાળી જુની શરતની ખેતી લાયક જમીન હે,૦૩– આરે–૦૧ – ચો.મી.–૫૫ કે જેનો આકાર રૂા.૨.૪૫ નો છે તે જમીનના અમો વાદીઓ સંયુક્ત માલીક કબજેદાર છીએ. અને સદર જમીનમાં અમો વાદીઓ સંયુક્ત માલીક કબ્જેદાર છીએ. અને સદર જમીનમાં અમો વાદીઓ સિવાય બીજા કોઈનો લાગભાગ હકક હિસ્સો આવેલ નથી. અને સદર જમીનમાં અમો વાદીઓ વર્ષોથી ખેતી કરતા આવ્યા છીએ અને કરીએ છીએ.

૨) ઉપરોક્ત પેરા–૧ માં જણાવેલ મોજે બડોદરાની સીમના સર્વે નંબર – ૨૦૯ (જુનો) જેનો નવો સર્વે નંબર – ૨૫૮ ના હદખુંટ નીચે મુજબ છે.

પૂવે :–વાંધુ છોડીને સરકારી જમીન આવેલ છે.

પશ્ચિમે :–ભેમાજી ભુરાજી ખાંટની જમીન આવેલ છે.

ઉત્તરે :–વલ્લાવાંટા જતો પાકો રોડ આવેલ છે.

દક્ષિણે :–વેચાતભાઈ ખેમાં ખોખરની જમીન આવેલ છે.

આમ ઉપર વર્ણવેલ ચાર હદખુંટવાળી જમીનને હવે પછી દાવામાં "દાવાવાળી જમીન" તરીકે સંબોધેલ છે.

૩) અમો વાદીઓના પિતા કલાજી દાંનાજી બામણીયા ને સંતાનમાં પાંચ દિકરાઓ જેમાં (૧) શનાજી કલાજી બામણીયા (૨) બાલાજી કલાજી બામણીયા (૩) મગાજી કલાજી બામણીયા (૪) સાયબાજી કલાજી બામણીયા (૫) ભલાજી કલાજી બામણીયા હતા. જેમાં બાલાજી કલાજી તથા સાયબાજી કલાજી ગુજરી ગયેલ છે અને તેમના વારસો અને અમો વાદીઓ સંયુક્ત રીતે દાવાવાળી જમીનમાં સ્થળ ઉપર ઉત્તર–દક્ષિણ તરફના પાંચ સરખા ભાગ શેઢા પાડી અલગ અલગ પોતપોતાના ભાગલાઓમાં ખેતી કરીએ છીએ. સદરહુ દાવાવાળી જમીનમાં અમો વાદીઓએ સંયુક્ત વીજ કનેક્શન લઈ રીંગબોરથી પીયત કરી ખેતીની ઉપજ લઈએ છીએ અને ખેતીનો પાક સાચવવા માટે અમોએ સદર દાવાવાળી જમીનમાં રહેવા માટે કાચુ છાપરૂ બનાવેલ છે.

૪) આ કામના પ્રતિવાદીઓ અમારા ગામના છે અને તેઓએ અમો વાદીઓની સંયુક્ત માલીકીની દાવાવાળી જમીનમાં અમો વાદી નં.૨ શનાજીછ બામણીયાઓના નામની ખોટી અને બનાવટી અરજી કરી દાવાવાળી જમીનમાં ખોટી રીતે સહભાગીદાર તરીકે હક દાખલ કરાવવાની મામલતદાર કચેરીએ અરજી કરતાં જેની ગામ નમુના નંબર – ૬ ના હક પત્રકે નોંધ નં.૯૩૩ તા. ૨૬/૦૪/૨૦૧૦ ની પડેલ જે નોંધ સર્કલ ઓફીસર મોડાસાનાઓએ તા. ૧૧/૦૯/૨૦૧૦ ના રોજ કુટુંબીજનોનો હકક પહોંચતો ન હોય રદ કરેલ. આમ પ્રતિવાદીઓ ગેરકાયદેસર રીતે અમો વાદીઓની સંયુક્ત દાવાવાળી જમીનમાં ખોટી રીતે નામ દાખલ કરવાની કોશીશ કરી અમારી સદર જમીન પડાવી લેવા તજવીજ કરેલ હોય અમો વાદીઓને હેરાન પરેશાન કરે છે.

૫) અમો વાદીઓએ ચાલુ સાલે ચોમાસાની સીઝનમાં દાવાવાળી જમીનમાં પુર્વબાજુએ અડધા ભાગમાં અડદ, સોયાબીન વિગેરેનું વાવેતર કરેલ છે અને પશ્ચિમ તરફની અડધા ભાગની જમીનમાં જુવા (સુઢીયા) નું વાવેતર કરવાનું હોય આશરે પંદરેક દિવસ અગાઉ ટ્રેક્ટરથી ખેડાણ કરાવતા હતા ત્યારે બપોરના બારેક વાગ્યાના સુમારે આ કામના પ્રતિવાદીઓ તથા તેમના પરિવારના અન્ય માણસો લાકડીઓ તથા ધારીયાઓ લઈ એકસંપ થઈ એકદમ અમારી દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર રીતે ઘુસી જઈ અને અમોને કહેવા લાગેલ કે આ જમીનમાં તો અમારો અડધો હિસ્સો છે અને તમો કેમ અમોને પુછ્યા વીના ખેડાણ કરો છો તેમ કહી ગંદીછ ગાળો બોલવા લાગેલ અને ટ્રેક્ટર આગળ આ કામના પ્રતિવાદી નં.૬ રમીલાબેન ડાહ્યાભાઈ બામણીયા સુઈ ગયેલ અને કહેવા લાગેલ કે જો તમો અહી ખેડશો તો તમારા બધાની લાશો અહી પડી જશે તેવી ધમકીઓ આપેલી અને અમોને ખેડાણ કરવા દીધેલ નહીં

જેથી પશ્ચિમ બાજુની દાવાવાળી અડધી જમીન હાલ પડતર છે. આમ દાવાવાળી જમીનનો પ્રતિવાદીઓ જોર જુલ્લી વાપરી અમો વાદીઓ પાસેથી ગેરકાયદેસર રીતે જમીનનો કબજો પડાવી લેવાની કોશીશ કરી રહ્યા છે અને પ્રતિવાદીઓને કાયદેસર રીતે અટકાવવામાં ન આવે તો કાયદો હાથમાં લઈ દાવાવાળી જમીનમાં અમો વાદીઓની સંયુક્ત કબજા ભોગવટાવાળી જમીનમાં હસ્તક્ષેપ કરી બળજબરીથી અમો વાદીઓને ખેતી કરતાં અટકાવી અમો વાદીઓના હકક હિત વિરૂધ્ધ ગેરકાયદેસર કૃત્ય કરી દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીઓ પડાવી લે તેમ છે અને જો પ્રતિવાદીઓ તેમના આ ગેરકાયદેસરના કૃત્યમાં સફળ થાય તો અમો વાદીઓને પારાવાર નુકશાન થાય તેમ છે પ્રતિવાદીઓ માથાભારે છે. અને બોલે તેવુ કરે તેવા છે આ સંજોગોમાં પ્રતિવાદીઓને કાયદેસર રીતે મનાઈ હુકમથી અટકાવવામાં ન આવે તો અમો વાદીઓની દાવાવાળી સંયુક્ત માલીકી કબજા ભોગવટા વાળી જમીન પડાવી લે તેમ છે. જેથી પ્રતિવાદીઓ વિરૂધ્ધ આ દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમની દાદ સહિત કામ ચલાઉ મનાઈ હુકમ સાથેનો આપ નામદાર કોર્ટમાં દાખલ કરવાની જરૂરીયાત પડેલ છે.

૬) દાવાનું કારણ :–અમો વાદીઓ દાવાવાળીછ જમીનના પુર્વ બાજુના ભાગે જુવાર (સુઢીયા) નુ વાવેતર કરવા માટે ટ્રેક્ટરથી ખેડાણ કરાવતા હોય ત્યાં આ કામના પ્રતિવાદીઓ તથા તેમના પરિવારના માણસોએ પંદરેક દિવસ અગાઉ દાવાવાળી જમીનમાં લાકડીઓ તથા ધારીયાઓ લઈ ગેરકાયદેસર રીતે ઘુસી જઈ બપોરના આશરે બારેક વાગ્યાના સુમારે આ જમીનમાં તો અમારો અડધો હિસ્સો છે અને તમે કેમ અમોને પુછ્યા વીના ખેડાણ કરો છો તેમ કહી ગંદી ગાળો બોલી ટ્રેક્ટર આગળ પ્રતિવાદી નં.૯ રમીલાબેન ડાહ્યાભાઈ બામણીયા સુઈ જઈ કહેલ કે જો આ જમીન ખેડશો તો તમારા બધાની અહી લાશો પડી જશે તેવી ધમકીઓ આપેલ હોય આ દાવો કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે.

૭) જેથી અમો વાદીઓ નામદાર કોર્ટમાં આ દાવો કરી દાદ માગીએ છીએ કે :–

(અ) મોજે બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લી સીમના સર્વે નં. ર૦૯ (જુનો) જેનો નવો સર્વે નં.૨૫૮ છે તે સદર પેરા–૧ માં જણાવેલ દાવાવાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓનો કોઈ કાયદેસરનો હકક હિસ્સો કે અધિકાર નથી તેવું જાહેર કરો.

(બ) સદર દાવાવાળી જમીન અમો વાદીઓની સંયુક્ત માલિકીની કબજા ભોગવટાની છે તે જમીનમાં પ્રતિવાદીઓ કે તેમના માણસો, નોકરો, ચાકરો, એજન્ટો વિગેરેનાઓ પ્રવેશ કરે કરાવે નહી કે ગેરકાયદેસર રીતે દાવાવાળી જમીનનો કબજો લે–લેવડાવે નહી તેમજ દાવાવાળી જમીનમાં અમો વાદીઓ ખેતી કરી ઉપજ લઈએ લેવડાવીએ તેમાં પ્રતિવાદીઓ કે તેમના માણસો, નોકરો, ચાકરો એજન્ટો કોઈપણ જાતનો હેલો હરકત, અંતરાય, અવરોધ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ કરવા અરજ કરેલ.

**(૨)** આ કામે પ્રતિવાદીઓને ધોરણસર નોટીસ બજવણી થઈ ગયેલ હોય. પ્રતિવાદી નં. ૧ થી

૬ તરફે પોતાના વકીલશ્રી મારફતે હાજર રહેલ અને આંક–૧૨ થી લેખીત વાંધા–જવાબ રજુ કરેલ છે જે વંચાણે તથા લક્ષમાં લીધા અને જેમાં જણાવેલ છે કે,વાદીઓની દાવા અરજીની તમામ હકીકતો તદૃન ખોટી હોઈ પ્રતિવાદીઓને કબુલ મંજુર અને બંધનકર્તા નથી.

પ્રતિવાદીઓ તરફે વાદીઓની દાવા તથા મનાઈઅરજીનો લેખીત જવાબ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે ,

૧) વાદીઓનો દાવો તથા મનાઈ અરજી ખોટા, ઉપજાવી કાઢેલ તથા સત્યથી વેગળી હકીકતો વાળા, કાયદાની જોગવાઈઓ અને પ્રસ્થાપિત સિદ્ધાંતો વિરુધ્ધનો હોઈ અમોને કબૂલ મંજુર નથી. તેથી રદ થવાને પાત્ર છે.

2) ખરી હકીકત એવી છે કે આ દાવાના કામના પક્ષકારો, અમો પક્ષકારોના વડવા સ્વહુરાજી ભાથીજી બામણીયાના વારસો છીએ. અમો પક્ષકારોના વડવા સ્વ.હુરાજી ભાથીજીએ પ્રથમ લગ્ન બામણીયા વજીબેન સાથે કરેલ. લગ્ન પછી વજીબેન થકી સંતાનો ન થતાં, મોજે રામપુરના ગલીબેન કે જેઓને કોઠી, તા.માલપુર મુકામે વાઘાજી ખાંટ સાથે પરણાવેલ અને વાઘાજી સાથેના લગ્નજીવન તથા સહવાસથી વાદીઓના દાદીને વાદીઓના વડવા દાનાજી ખાંટ(બામણીયા) નો જન્મ થયેલ. તેમના જન્મ પછી તેમના પિતા અને વાદીઓના દાદી ગલીબેનના પતિ ખાંટ વાઘાજીનું અવસાન થયેલ. આમ ગલીબેન વિધવા થયેલ. જેમને અમારા વડવા હુરાજી બામણીયા બીજી પત્ની તરીકે લાવેલ. તથા ગલીબેન વાર્તઓના દાદા ખાંટ દાંનાજી કે જેઓ ગલીબેનના વાઘાજી ખાંટ સાથેના પ્રથમ લગ્ન જીવનના સહવાસથી જન્મેલ આ દાંનાજી ખાંટને સાથે લઈને આવેલ. અને આમ અમો પક્ષકારોના વડવા હરાજી બામણીયાએ ગલીબેનને તેમના અગાઉના ઘર(કોઠી)થી થયેલ પુત્ર દાનાજી સાથે સ્વીકારેલ, તે પછી અમારા વડવા હરાજી ભાથીજીના પ્રથમ પત્ની એટલે કે અમારા દાદી વજીબેને ત્રણ પુત્રોને જન્મ આપેલ. જેમાં અમો પતિવાદી નં.૧ ના પિતા (૧) સ્વ.મોતીજી હરાજી બામણીયા: અમો પતિવાદી નં.ર ફતાજી હરાજી (સુરાજી) બામણીયા અને પ્રતિવાદી નં.૩ માલાજી હુરાજી(સુરાજી) બામણીયાનાઓ છે. આમ અમો પક્ષકારોના વડવા હરાજી(સુરાજી) ભાથીજી બામણીયાનું પેઢીનામું રજુ કરેલ. પેઢીનામા મુજબ અમો એક જ વડવાના સંતાનો છીએ. વર્ષો પૂર્વે અમારા વડવા હુરાજી ભાથીજી બામણીયા દાવાવાળી જમીન ખેડી ઉપજ લેતા હતા. તે પછી અમારા વડવા હુરાજી ઉમર લાયક થતાં તેમના ચાર પુત્રો વચ્ચે દાવાવાની તેમના બેડાણ હેઠળની જમીન સરખે ભાગે વહેચી આપવા તજવીજ કરતાં વાદીઓની દાદી. ગલીબેને વાંધો લીધેલ અને અમારા વડવા હરાજીને જણાવેલ કે દાવાવાળી જમીનમાં બે સરખા ભાગ પાડો અને અડધો ભાગ તેમના અગાઉના પતિ સ્વ.વાઘાજી ખાંટ થકી જન્મેલ દીકરા દાંનાજી (વાદીઓના દાદાને) આપો અને અડધો ભાગ તમારી અગાઉની પત્ની વજીબેનના ત્રણ દીકરાઓને આપો. કાયદેસર રીતે વાદીઓના વડવા દાંનાજીને અમારા વડવા હરાજી (સરાજી)

ની કોઈપણ મિલકતમાં ભાગ માગવાનો કે ભાગ લેવાનો હક નહોતો. વળી તેમના માતશ્રી ગલીબેનને પણ તેમના આગળના ઘરના દીકરા દાંનાજી માટે અડધો ભાગ દાવાવાળી જમીનમાં માગવાનો કે મેળવવાનો કોઈ હક કે અધિકાર નહોતો અને નથી. અમારા વડવા હુરાજી(સુરાજી)ની તમામ મિલકતોમાં ચાર સરખા હીસ્સા કરાવવા વાદીઓ વિરુધ્ધ અલગથી દાવો કરી રહેલ છીએ જે ના.કોર્ટને વિદિત થાય. જેથી અમારા વડવાએ મજબુરીથી દાવાવાળી જમીનના બે સરખા હીસ્સા કરી, દાવાવાળી જમીન પૈકીની પૂર્વ તરફની જમીન વાદીઓના દાદા દાનાજીના હીસ્સામાં સ્થળે આપેલ અને પશ્ચિમ તરફની અડધી જમીન અમો પ્રતિવાદી નં.૧ ના પિતા તથા અમારા કાકા પ્રતિવાદી નં.૨ અને ૩ ને સ્થળે આપેલ. પરંતુ પક્ષકારોના વડવાઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. તે વખતે દાનાજી મોટા હોવાના કારણે સંયુક્ત કુટુંબનો વહીવટ કરતા હતા. અમો પક્ષકારોના સંયુક્ત કુટુંબનો વહીવટ દાનાજી પછી તેમના મોટા દીકરા કલાજીએ સંભાળેલ. દરમ્યાન સરકારશ્રીએ સરકારી ખેડૂતોના ખેડાણ હેઠળની ખેતીની જમીનો જુના કબજેદારોને કબજા આધારે જમીન માલિકી હકે ખાતે કરી આપવાનો, નિર્ણય કરતાં, અમારા સંયુક્ત કુટુંબનો વહીવટ કરતા કલાજીએ દાવાવાળી સ.નં.૨૦૯ ની ખેતીની જમીન તેમના નામે ગ્રાન્ટ કરાવેલ. પરંતુ હકીકતમાં ઉપર જણાવ્યા મુજબ દાવાવાળી જમીન જે જે પક્ષકારોના ભાગમાં આવ્યા મુજબની જમીન રથળે જે તે પક્ષકારો ખેડતા હતા અને દાવાવાળી જમીન નવી શરતે મળેલ હોઈ જૂની શરતની થયેલ નહી. ત્યાં સુધી અમાશ પ્રતિવાદીઓના નામ રેવન્ચ રેકર્ડમાં દાખલ કરાવેલ નહી પરંત જની શરતની થયા પછી આ કામના વાદી નંર નાએ. અમો પ્રતિવાદી નં.૧ થી નં.૩ તથા વાદીઓના કાકાના દીકરા મંગાજી નાનાજી તથા દાલાજી ભેમાજીના નામો સંયુક્ત હિસ્સેદારો તરીકે સ.નં. ૨૫૮(જેનો જનો સ.નં.૨૦૯) વાળી દાવાવાળી જમીનમાં દાખલ કરવા, તેમની સહીથી મામલતદારશ્રી મોડાસાને અરજી આપેલ જે અરજી આધારે મામલતદારશ્રી મોડાસાનાએ મોજે બડોદરાના ગામ નમૂના નં.૬ માં નોંધ નંબર:૯૩૩ તા.૨૬/૦૪/૨૦૧૦ ના રોજ પાડેલ. આ નોંધ વાદીઓની સંમતિથી વાદી નં.૨ નાએ પાડી આપેલ. જે સામે વાદીઓ કે તેમના કુટુંબના સભ્યોએ કે બીજા કોઈએ વાંધો લીધેલ નહી. પરંત રેવન્ચ અધિકારીઓ કોઈ અગમ્ચ કારણોસર આ નોંધ ખોટું કારણ આપી એકતરફી રીતે નામંજર કરેલ. પરંત વાદીઓએ કરીથી અમો પતિવાદીઓ તથા તેમના કાકાના દીકરાઓના નામો સહહિસ્સેદારો તરીકે દાખલ કરાવી આપવાની હૈયાધારણ આપી. વાયદા કરે જતા હતા. પરંત અમારા આશ્ચર્ય વચ્ચે આ દાવાની નોટીસો મળેલ હકીકતમાં સ્થળે દાવાવાળી જમીન પૈકી અડધી પૂર્વ તરફની જમીન વાદીઓ અને તેમના કાકાઓના છોકરાઓના હિસ્સે છે અને વચ્ચેથી પશ્ચિમ તરફની અડધી જમીન અમો પ્રતિવાદી નં.૧, ૨, ૩ ના ભાગે પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ છે. અમો પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાઓ અમારા હીસ્સાની પશ્ચિમ તરફની જમીનમાં અમો ઉત્તર દક્ષિણ દીશાના ત્રણ હીસ્સા પાડી ખેતી કરાવીએ છીએ. તેવી જ રીતે વાદીઓ વચ્ચેથી પૂર્વના હીસ્સામાં મુખ્ય ત્રણ હીસ્સા

તેમજ તેમાં પણ પેટા હીસ્સા પાડી દાવાવાળી જમીનમાં ખેતી કરાવી ઉપજ લે છે. સ્થળની આ વાસ્તવિકતા છે જે કોર્ટ કમિશનરશ્રીએ કરેલ પંચનામા તથા નકશાથી સ્પષ્ટ સાબિત થાય છે. દાવાવાળી જમીનમાં અમો પ્ર.વાદી નં.૧ ના પિતા તથા પ્રતિવાદી નં.ર અને નં.૩ નું વર્ષો સુધીનું પાણીપત્રક થયેલ છે અને અમારા નામો આવેલ છે. આ તમામ સત્ય હકીકતો છપાવી આ કામના વાદીઓએ આ દાવો તથા મનાઈઅરજી ના કોર્ટમાં દાખલ કરેલ છે. જે ઉપરની વિગતે રદ થવાને પાત્ર છે.

૩) વાદીના દાવાને નન–જોઈન્ડર ઓફ પાર્ટીઝ અને મીસ–જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ હોઈ વાદીનો દાવો તે કારણસર રદ થવાને પાત્ર છે. કારણ કે આ કામે પ્રતિવાદી નં.૪ થી નં.૬ જરૂરી પક્ષકાર ન હોવા છતા આ દાવાના કામે ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલ છે. વળી વાદીઓના ભાઈ મહંમ બાલાજીને એક પુત્ર લાલાજી અને પત્રી રેખાબેન તેમજ તેમના બીજાભાઈ મહંમ સાયબાજીના પુત્રો (૧) મહેશભાઈ તથા (ર) નરેશભાઈ તથા તેમની વિધવા ચંપાબેન તથા તેમની દીકરી સંગીતાબેન નામના વારસો છે જેઓ આ દાવાના કામે જરૂરી પક્ષકારો છે. જેમને આ દાવાના કામે પક્ષકારો તરીકે જોડેલ નથી

૪) વાદીઓના દાવાને સી.પી.સી.ઓ.૭ રૂલ્સ ૧૧ ની જોગવાઈઓનો બાધ હોઈ વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ થવાને પાત્ર છે.

૫) વાદીઓને આ દાવો કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી અને આમ વાદીઓનો દાવો કોઝ ઓફ એક્શન વિહોણો હોઈ તેથી તે રદ થવાને પાત્ર છે.

૬) વાદીઓના દાવાને ઈસ્ટોપલ અને વેવરનો બાધ હોઈ તેથી પણ તે રદ થવાને પાત્ર છે.

૭) આ કામના વાદીઓએ સત્ય હકીકતો છુપાવી, આપ ના.કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ હોઈ, તેથી પણ વાદીઓનો દાવો રદ થવાને પાત્ર છે. કારણ કે અગાઉ આ કામના વાદીઓએ તા.૨૬/૪/૨૦૧૦ ના રોજ દાવાવાળી જમીન સ.નં.૨૫૮(જેનો જુનો સ.નં.૨૦૯) ની પશ્ચિમ તરફની અડધી જમીનના અમો પ્રતિવાદીઓ સહહિસ્સેદાર છીએ તેવું સ્વીકારી તેમની સંમતિથી મોજે બડોદરાની સીમના સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) વાળી જમીન ગામ નમુના નં.૬ માં નોંધ નંબર:૯૩૩ તા.૨૬/૦૪/૨૦૧૦ થી પડાવી આપેલ. રેવન્યુ અધિકારીશ્રી મોડાસાનાએ ઉપરની વિગતે આ નોંધ ખોટી રીતે નામંજુર કરેલ તે પછી કરીથી નોંધ પડાવવા માટે આ કામના વાદીઓએ અમોને હૈયાધારણ આપેલ પરંતુ અમારા આશ્ચર્ય વચ્ચે વાદીઓએ આ દાવો ના કોર્ટમાં કરી દીધેલ છે જે ના કોર્ટને જાહેર કરીએ છીએ.

૮) આ કામના વાદીઓને ઉપરની હકીકતે, આ કે આવા સ્વરૂપનો દાવો તથા મનાઈ અરજી કરવાનો કાયદેસર હક કે આધિકાર ન હોતો અને નથી તેથી પણ તેમનો દાવો રદ થવાને પાત્ર

૯) વાદીના દાવા તથા મનાઈ અરજીની કબુલ કર્યા સિવાઈની તમામ હકીકતોનો અમો પ્રતિવાદીઓ સ્પષ્ટપણે ઈન્કાર કરીએ છીએ.

૧૦) વાદીઓના દાવા તથા મનાઈઅરજીના પેરા નં.૧ ની હકીકતો ખોટી ઉપજાવી કાઢેલ તથા સત્યથી વેગળી હોઈ અમોને કબૂલ મંજુર નથી. વાદીઓ આ પેરામાં જણાવે છે તેમ મોજ બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લીની સીમના સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) (જેનો ખાતા નં.૧૯૬) વાળી જૂની શરતની ખેતીલાયક જમીન હે.૦૩–૦૧–૫૫ આરે ચો.મી. જેનો આકાર રૂા.૨–૭૫ પૈસા વાળી જમીન વાદીઓની સંયુક્ત માલિક કબજેદાર હોવાની હકીકત તેમજ સદર જમીનમાં અમો વાદીઓ સિવાઈ બીજા કોઈનો લાગભાગ હક–હિસ્સો આવેલ ન હોવાની હકીકત તેમજ સદરહુ જમીનમાં આ કામના વાદીઓ વર્ષોથી ખેતી કરતા આવ્યા છે અને કરે છે ની હકીકતો ખોટી, ઉપજાવી કાઢેલ અને સત્યથી વેગળી હોઈ અમોને કબૂલ મંજુર નથી. વાદીઓએ આ હકીકતો સાબિત કરવી જોઈએ.

૧૧) વાદીઓની દાવા તથા મનાઈ અરજીના પેરા નં.૨ માં જણાવેલ હદખૂંટ ચારનું વર્ણન ખોટી રીતે રજુ કરેલ હોઈ, વાદીઓએ પેરા નં.૨ ની હકીકતો સાબિત કરવી જોઈએ.

૧૨) વાદીઓના દાવા તથા મનાઈ અરજીના પેરા નં.૩ ની હકીકતો ખોટી હોઈ અમોને કબૂલ મંજુર નથી. વાદીઓ જણાવે છે તેમ વાદીઓના પિતા કલાજીને સંતાનમાં પાંચ દીકરા જ હોવાની હકીકતો ખરી નથી. વાદીઓના ભાઈઓ બાલાજી કલાજી તથા સાચબાજી કલાજી ગુજરી ગયેલ હોવા અંગે તકરાર નથી. વાદીઓ આ પેરામાં આગળ જણાવે છે તેમ દાવાવાળી જમીનના સ્થળે ઉત્તર–દક્ષિણ પાંચ સરખા ભાગ શેઢા પાડી અલગ અલગ પોત પોતાના ભાગલાઓમાં ખેતી કરતા હોવાની હકીકતો તેમજ દાવાવાળી જમીનમાં વાદીઓએ સંયુક્ત વીજ કનેકશન લઈ રીંગબોરથી પિયત કરી ખેતીની ઉપજ લેતા હોવાની હકીકત તેમજ ખેતીનો પાક સાચવવા માટે વાદીઓએ દાવાવાળી જમીનમાં રહેવા માટે કાચું છાપરું બનાવેલ હોવાની હકીકતો ખોટી અને સ્થળસ્થિતિ વિરુધ્ધની હોઈ અમોને કબૂલ મંજર નથી. હકીકતમાં સ્થળે દાવાવાળો સ.નું ૨૦૯ મુખ્ય બે સરખા ભાગે ઉત્તર દક્ષિણના ભાગલાથી વહેચાયેલ જેમાં પૂર્વનો ભગલો વાદીઓને તથા પશ્ચિમનો ભાગલો અમો પ્રતિવાદીઓનો છે. જેમાં પૂર્વના વાદીઓએ ત્રણભાઈઓના ત્રણ ભાગલા તથા પશ્ચિમના ભાગલામાં અમો પ્રતિવાદીઓના વડવાઓએ ત્રણ ભાઈઓના ત્રણ હીસ્સા કરેલ છે. આમ સ્થળે કુલ છ ભાગલા ઉત્તર દક્ષિણ દીશાના આવેલ છે તથા વાદીઓના હીસ્સાઓમાં વાદી નં.૦૨ શનાજી કલાજીના હીસ્સામાં કાચું ઝુપડું આવેલ છે. તેવી જ રીતે પ્રતિવાદીઓમાં પ્રતિવાદી નં.૧ ના હીસ્સામાં કાચું ઝુપડું આવેલ છે જે બંને હકીકતો, કોર્ટ કમિશનરશ્રીએ કરેલ પંચનામા તથા સ્થળસ્થિતિના નકશામાં પણ આવેલ છે જે ના.કોર્ટને વિદિત થાય.

૧૩) વાદીઓના દાવા તથા મનાઈ અરજીના પેરા નં.૪ ની હકીકતો ખોટી તથા વિકૃત સ્વરૂપે રજુ કરેલ હોઈ અમોને કબૂલ મંજુર નથી. આ કામના વાદીઓ આ પેરામાં જણાવે છે તેમ વાદીઓની કહેવાતી સંયુક્ત માલિકીની દાવાવાળી જમીનમાં વાદી નં૨ શનાજી કલાજી બામણીયાના નામની ખોટી અને બનાવટી અરજી કરી દાવાવાળી જમીનમાં ખોટી રીતે

સહભાગીદાર તરીકે હક દાખલ કરાવવાની મામલતદાર કચેરીએ અરજી કર્યાની હકીકત તેમજ ગામ નમુના નં.૬ ના હકપત્રકે નોંધ નં.૯૩૩ તા.૨૬/૦૪/૨૦૧૦ ની પડેલ જે નોંધ કુટુંબીજનોનો હક પહોંચતો ન હોય રદ કર્યાની હકીકત તેમજ અમો પ્રતિવાદીઓ ગેરકાયદેસર રીતે વાદીઓની કહેવાતી સંયુક્ત દાવાવાળી જમીનમાં ખોટી રીતે નામ દાખલ કરવાની કોશિશ કરી, વાદીની સદર જમીન પડાવી લેવા તજવીજ કરેલ હોવાની હકીકત તેમજ વાદીઓને હેરાન પરેશાન કરતા હોવાની હકીકતો ખોટી તથા ઉપજાવી કાઢેલ હોઈ અમોને કબૂલ મંજુર નથી. હકીકતમાં સદરહુ નોંધ નં.૯૩૩ વાદી નં.૨ નાએ સંમતિથી પાડી આપેલ હતી. જો સંમતિથી વાદીએ નોંધ પાડી આપેલ ન હોત તો તેમણે આ નોંધ સામે જરૂરથી લેખિત વાંધો લીધેલ હોતમોડાસાનાબે આ નોંધ નં.૦૩૩ તા.૨૬/૦૪/૨૦૧૦ ના રોજ ખોટ કારણ આપી નામંજુર કરેલ પરંતુ, આ નોંધ સામે વાદીઓએ કોઈ લેખિત વાંધો લીધેલ નથી તેમ છતા મર્કલ ઈન્સપેક્ટરશ્રી છે. જે ના કોર્ટને વિદિત થાય.

૧૪) વાદીના દાવા તથા મનાઈ અરજીના પેરા નં.૫ ની હકીકતો ખોટી હોઈ અમોને કબૂલ મંજુર નથી. આ કામના વાદીઓ આ પેરામાં જણાવે છે તેમ દાવાવાળી જમીનમાંપૂર્વ બાજુએ અડધા ભાગમાં અડદ, સોયાબીન વિગેરેનું વાવેતર કરેલ છે અને પશ્ચિમ તરફની અડધા ભાગની જમીનમાં જવાર(સંહીય) નું વાવેતર કરવાનું હોઈ આશરે પંદરેક દિવસ અગાઉ ટેક્ટરથી ખેડાણ કરાવતા હતા ત્યારે બપોરના બારેક વાગ્યાના સુમારે અમો પ્રતિવાદીઓ તથા અમારા પરિવારના અન્ય માણસો લાકડીઓ તથા ધારિયાઓ લઈ એકસંપ થઈ એકદમ વાદીઓની કહેવાતી દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર રીતે પુંસી ગયાની હકીકત તેમજ વાદીઓને કહેવા લાગેલ કે આ જમીનમાં ગેરકાયદેસર રીતે પુંસી જઈ કહેવા લાગેલ કે અમો વાદીઓનો અડધો હિસ્સો છે અને તમો કેમ પૂછ્યા વગર ખેડાણ કરો છો ? તેમ કહી ગંદી ગાળો બોલવા લાગેલા અને ટ્રેક્ટર આગળ પ્રતિવાદી નં.૬ રમીલાબેન ડાહ્યાભાઈ બામણીયા સુઈ ગયેલા અને કહેવા લાગેલ કે જો તમો અહીં ખેડશો તો બધાની લાશો અહીં પડી જશે તેવી ધમકીઓ આપેલાની હકીકત તેમજ વાદીઓને ખેડાણ કરવા દીધેલ નહી જેથી પશ્ચિમ બાજુની અડધી હાલ પડતર હોવાની હકીકત તેમજ અમો પ્રતિવાદીઓ જોર–જુલમથી દાવાવાળી જમીનનો કબજો વાદીઓ પાસેથી ગેરકાયદેસર રીતે પડાવી લેવાની કોશિષ કરી રહેલ હોવાની હકીકત તેમજ અમો પ્રતિવાદીઓને કાયદેસર અટકાવવામાં ન આવે તો કાયદો હાથમાં લઈ દાવાવાળી જમીનમાં, વાદીઓના કહેવાતા સંયુક્ત કબજા ભોગવટાવાળી જમીનમાં હસ્તક્ષેપ કરી બળજબરીથી આ કામના વાદીઓને ખેતી કરતાં અટકાવી, વાદીઓના હકહિત વિરુધ્ધ ગેરકાયદેસર કૃત્ય કરી દાવાવાળી જમીનનો કબજો અમો પ્રતિવાદીઓ પડાવી લઈએ તેમ છીએની હકીકત તેમજ અમો પ્રતિવાદીઓ કહેવાતા અમારા ગેરકાયદેસરના કૃત્યમાં સફળ થઈએ તો વાદીઓને પારાવાર નુકશાન થાય તેમ હોવાની હકીકત તેમજ અમો પ્રતિવાદીઓ માથાભારે હોવાની હકીકત તેમજ બોલીએ તેવું કરીએ તેવા હોવાની હકીકત તેમજ આ

સંજોગોમાં અમો પ્રતિવાદીઓને મનાઈહુકમથી અટકાવવામાં ન આવીએ તો વાદીઓની કહેવાતી સંયુક્ત માલિકી કબજા ભોગવટાવાળી જમીન પડાવી લે તેમ હોવાની હકીકત તેમજ તેથી અમો પ્રતિવાદીઓ વિરુધ્ધ આ દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઈની દાદ સહીત કામચલાઉ મનાઈ હકમ સાથેનો આપ ના કોર્ટમાં દાખલ કરવાની જરૂરત પડેલ હોવાની હકીકતો ખોટી. ઉપજાવી કાઢેલ તથા સત્યથી વેગળી હોઈ અમોને કબૂલ મંજર નથી વાદીઓએ પેરા નં.૧ થી નં.૫ ની હકીકતો દસ્તાવેજી પુરાવાથી સાબિત કરવી જોઈએ.

૧૫) ઉપરની વિગતે વાદીઓનો દાવો તથા મનાઈ અરજી ખોટી, તથા ઉપજાવી કાઢેલ હકીકતોવાળા હોઈ વાદીઓ તેમની દાવા તથા મનાઈ અરજીના પેરા નં.૬ માં જણાવે છે તેવું આ દાવો તથા મનાઈ અરજી કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. જેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી કોઝ ઓફ એક્શન વિહોણા હોઈ, વાદીઓ તેમની દાવા અરજીના પેરા નં.૭ તથા મનાઈ અરજીના પેરા નં.૮ માં માગે તેવી કોઈ દાદ માગવા કે મેળવવા હકદાર નથી. તેથી આ બંને પેરાની હકીકતો અમોને કબૂલ મંજુર નથી.

૧૬) વાદીની મનાઈ અરજીના પેરા નં.૭ ની હકીકતો ખોટી હોઈ અમોને કબૂલ મંજુર નથી. વાદીઓ જણાવે છે તેમ વાદીઓનો કોઈ પ્રાયમાફેશી કેશ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયંસ તેમના લાભમાં નથી. વાદીઓને માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે નહી તો અમો પ્રતિવાદીઓ વાદીઓના કહેવાતા સંયુક્ત કબજા ભોગવટાની માલિકીની જમીનમાં ઘુસી જઈ, દાવાવાળી જમીન પડાવી લઈ, વાદીઓના કહેવાતા હક હીસ્સાઓ નષ્ટ કરી દઈએ અને તેમ થાય તો વાદીઓને નાણાથી મળી ન શકે તેવું નુકશાન જાય તેમ હોવાની હકીકત વાદીઓનું અહિત થાય તેમ હોવાની હકીકત તેમજ મનાઈ આપવામાં આવે તો અમો પ્રતિવાદીઓને કોઈ પ્રકારનું નુકશાન જાય તેમ ન હોવાની તેમજ અહિત થાય તેમ ન હોવાની હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ હૌઈ અમોને કબૂલ મંજુર નથી.

૧૭) વાદીઓની દાવા અરજીના પેરા નં.૧૧ તથા મનાઈ અરજીના પેરા નં.૧૦ માં જણાવેલ દસ્તાવેજી પૂરાવાઓ, પુરાવાના કાયદાની જોગવાઈઓ મુજબ પુરાવામાં ગ્રાહ્ય ન હોઈ, તે ધ્યાને ન લેવા અમારી વિનંતી છે.

૧૮) ઉપર જણાવેલ વિગતે દાવાવાળી જમીન સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની જમીનના વચ્ચેના ઉત્તર–દક્ષિણ શેઢાથી પૂર્વ તરફની જમીન વાદીઓ અને તેમના કાકાના દીકરાઓની છે તથા આ શેઢાથી પશ્ચિમ તરફની જમીન અમો પ્રતિવાદી નં.૧ થી નં.૩ ની છે. તે મુજબ શરૂઆતથી ઉપર જણાવેલ હીસ્સાઓ મુજબ દાવાવાળી જમીન અમો પક્ષકારો ખેડતા આવ્યા છીએ અને ઉપજ લેતા આવેલ છીએ. વચ્ચેના ૩૦ વર્ષથી વધુ સમય સુધીનું દાવાવાળી જમીનનું પાણીપત્રક વાદીના વડવા અને અમો પ્રતિવાદી નં.૧ ના પિતા તથા પ્રતિવાદી નં.૨ અને નં.૩ ના નામનું થયેલ છે. જે રજુ કરેલ સ.નં.૨૦૯ ના જુના ઉતારાથી સ્પષ્ટ સાબિત થાય છે. પરંતુ ઉપર જણાવેલ વિગતે દાવાવાળી જમીન વારસાઈથી વાદીઓના

નામે થયેલ હોઈ, આ રેવન્યુ રેકર્ડનો ગેરલાભઉઠાવી આ કામના વાદીઓ દાવાવાળી જમીન પૈકીની અમો પ્રતિવાદીઓની પશ્ચિમ તરફની અમારી માલિકી કબજા ભોગવટાની જમીનનો કબજો, કાયદો હાથમાં લઈ તથા રેકર્ડ આધારે મનાઈહુકમ મેળવી, એબ્યુઝ ઓફ પ્રોસેસ ઓફ લો કરી, પડાવી લેવાની તજવીજ કરી રહેલ છે. જેના ભાગ રૂપે આ દાવો ના.કોર્ટમાં કરેલ છે. આ કામના વાદીઓનો કોઈ પ્રાયમાફેશી કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં નથી. પરંતુ ઉલ્ટાનું બેલેન્સ ઓફ કન્વીનીયનન્સ અમો પ્રતિવાદીઓના લાભમાં છે. માગ્યા ગુજાવનો મનાઈહુકમ વાદીઓને ન આપવાથી વાદીઓને કોઈ નુકશાન જાય તેમ નથી. હણનું માગ્યા મુજબનો મનાઈ હકમ આપવામાં આવે તો આ કામના વાદીઓ અબ્યુઝ શ્રોફ પ્રોસેસ ઓફ લો કરી દાવાવાળી જમીન પૈકી અમો પ્રતિવાદી નં.૧ થી નં.૩ ના પ્રત્યક્ષ કબજા ભોગવટાની જમીનનો પ્રત્યક્ષ કબજો અમો પ્રતિવાદીઓ પાસેથી પડાવી લે તેમ છે. આ કામના વાદીએ અને તેમના માણસોએ મળી અમો પ્રતિવાદીઓને અમારા પ્રત્યક્ષ કબજા ભોગવટાની દાવાવાળી જમીન પૈકીની પશ્ચિમ તરફની જમીનનો કબજો છોડીદેવા ધમકીઓ આપી હમલો કરેલ. જેથી વાદીઓ અને બીજા મળી ૧૬ ઈસમો વિરુધ્ધ અમો પ્રતિવાદી નાપે ને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને તા.૧૮/૦૭/૨૦૧૮ ના રોજ ફરીયાદ આપવાની ફરજ પડેલ. આ કામના વાદીઓ મોટાજૂથ વાળા, માથાભારે ઝનૂની અને પૈસાપાત્ર અને સાધન સંપન્ન માણસો છે. જો વાદીઓને તેમના ખોટા દાવામાં વચગાળાનો મનાઈહુકમ આપવામાં આવે તો મનાઈહુકમના ઓઠા નીચે એબ્યુઝ ઓફ પ્રોસેસ ઓફ લો કરી દાવાવાળી જમીન પૈકી પશ્ચિમ તરફની અડધી જમીનનો કબજો માલિકી હકે અમો પ્રતિવાદીઓ પાસે છે તે પડાવી લે તેમ છે અને જો તેમ થાય તો અમો પ્રતિવાદીઓના હકને ભારે અને પારાવાર નુકશાન થાય તેમ છે અને જેનો બદલો નાણાથી કે અન્ય રીતે વળી શકે તેમ નથી. ઉપરના તમામ સંજોગો ધ્યાને લઈ વાદીનો દાવો તથા મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા મે.કરશોજી.

(૩) બાદમાં આ કામના પ્રતિવાદીઓએ પોતાનો કાઉન્ટર કલેઈમ (દાવો) રજૂ કરેલ છે અને જેમાં આ કામના પ્રતિવાદીઓએ જણાવે છે કે,

૧) અમો પ્રતિવાદીઓ ઉપર જણાવેલ ઠેકાણે અમારા કુટુંબ કબીલા સાથે ખેતી કરાવી અમારું ગુજરાન ચલાવીએ છીએ અમો પક્ષકારોની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની ખેતીની જમીન મોજે બડોદરા તા.મોડાસાની સીમના સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની ખેતીની જમીન ક્ષેત્રફળ હે.૩–૦૧–૫૫ આરે ચો.મી.ની આવેલ છે. જે જમીન અમો પક્ષકારો અડધી અડધી એટલે કે વાદીઓની પૂર્વ તરફની સદરહુ સર્વે નંબરની અડધી જમીન તથા અમો પ્રતિવાદીઓની પશ્ચિમ તરફના ભાગલાની સદરહુ સર્વે નંબરની અડધી એમ સ્થળે ભાગલા પાડીને વર્ષોથી એટલે કે અમારા વડવાઓ વખતથીવાવેતર કરી પ્રથમ અમારા વડવા તથા તે

પછી અમો પક્ષકારો ખેડતા આવેલ છીએ તથા અમો પક્ષકારોના ઉપર મુજબના ભાગલા સ્થળે આવેલ ઉત્તર–દક્ષિણ શેઢાથી જુદા પડે છે. પૂર્વના વાદીઓના ભાગમાં ત્રણ મુખ્ય ભાગ તથા તેમાં પેટા ભાગલા પડે છે તેવી જ રીતે અમો પ્રતિવાદીઓના પશ્ચિમ તરફના ભાગલામાં અમો પ્રતિવાદીઓ ત્રણ ભાગલા કરી ખેતી કરાવી ઉપજ લઈએ છીએ. જે સ.નં.૨૫૮(જુનો સ.નં.૨૦૯) પૈકીની અમો પ્રતિવાદીઓના હીસ્સાની પશ્ચિમ તરફના ભાગલાની જમીનના ખુંટ ચારનું વર્ણન નીચે મુજબ છે.

પૂવે:– આ કામના વાદીઓની દાવાવાળા સ.નં.પૈકીની તેમના હીસ્સાની જમીન આવેલ છે.
પશ્ચિમે:– ભેમાજી ભુરાજી ખાંટની જમીન આવેલ છે.
ઉત્તરે:– વલ્લાવાંટા જતો પાકો ડામર રોડ આવેલ છે.
દક્ષીણે:– વેચાતભાઈ ખેમાભાઈની જમીન આવેલ છે.
ઉપરોક્ત ખુંટ ચારના વર્ણન વચ્ચેની સદરહુ ખેતીની જમીનને હવે પછી આ કાઉન્ટર દાવામાં "દાવાવાળી જમીન" તરીકે વર્ણવેલ છે.

૨) આ દાવાના કામના પક્ષકારો, અમો પક્ષકારોના વડવા સ્વ.હુરાજી ભાથીજી બામણીયાના વારસો છીએ. અમો પક્ષકારોના વડવા સ્વ.હુરાજી ભાથીજીએ પ્રથમ લગ્ન બામણીયા વજીબેન સાથે કરેલ. લગ્ન પછી વજીબેન થકી સંતાનો ન થતાં, મોજે રામપુરના ગલીબેન કે જેઓને કોઠી, તા.માલપુર મુકામે વાઘાજી ખાંટ સાથે પરણાવેલ અને વાઘાજી સાથેના લગ્નજીવન તથા સહવાસથી વાદીઓના દાદીને વાદીઓના વડવા દાનાજી ખાંટ(બામણીયા) નો જન્મ થયેલ. તેમના જન્મ પછી તેમના પિતા અને વાદીઓના દાદી ગલીબેનના પતિ ખાંટ વાઘાજીનું અવસાન થયેલ. આમ ગલીબેન વિધવા થયેલ. જેમને અમારા વડવા હુરાજી બામણીયા બીજી પત્ની તરીકે લાવેલ. તથા ગલીબેન વાદીઓના દાદા ખાંટ દાંનાજી કે જેઓ ગલીબેનના વાઘાજી ખાંટ સાથેના પ્રથમ લગ્ન જીવનના સહવાસથી જન્મેલ આ દાંનાજી ખાંટને સાથે લઈને આવેલ. અને આમ અમો પક્ષકારોના વડવા હુરાજી બામણીયાએ ગલીબેનને તેમના અગાઉના ઘર(કોઠી)થી થયેલ પુત્ર દાનાજી સાથે સ્વીકારેલ. તે પછી અમારા વડવા હુરાજી ભાથીજીના પ્રથમ પત્ની એટલે કે અમારા દાદી વજીબેને ત્રણ પુત્રોને જન્મ આપેલ. જેમાં અમો પ્રતિવાદી નં.૧ ના પિતા (૧) સ્વ.મોતીજી હુરાજી બામણીયા; અમો પ્રતિવાદી નં.૨ ફતાજી હુરાજી (સુરાજી) બામણીયા અને પ્રતિવાદી નં.૩ માલાજી હુરાજી(સુરાજી) બામણીયાનાઓ છે. આમ અમો પક્ષકારોના વડવા હુરાજી(સુરાજી) ભાથીજી બામણીયાનું પેઢીનામું રજુ કરેલ.

૩) પેઢીનામા મુજબ અમો એક જ વડવાના સંતાનોછીએ. વર્ષો પૂર્વે અમારા વડવા હુરાજી ભાથીજી બામણીયા દાવાવાળી જમીન ખેડી ઉપજ લેતા હતા. તે પછી અમારા વડવા હુરાજી ઉમર લાયક થતાં તેમના ચાર પુત્રો વચ્ચે દાવાવાળી તેમના ખેડાણ હેઠળની જમીન સરખે ભાગે વહેચી આપવા તજવીજ કરતાં વાદીઓની દાદી, ગલીબેને વાંધો લીધેલ. અને અમારા વડવા હુરાજીને જણાવેલ કે દાવાવાળી જમીનમાં બે સરખા ભાગ પાડો અને અડધો ભાગ તેમના અગાઉના પતિ સ્વ.વાઘાજી ખાંટ થકી જન્મેલ દીકરા દાંનાજી (વાદીઓના દાદાને) આપો અને અડધો ભાગ તમારી અગાઉની પત્ની વજીબેનના ત્રણ દીકરાઓને આપો.

કાયદેસર રીતે વાદીઓના વડવા દાંનાજીને અમારા વડવા હુરાજી (સુરાજી) ની કોઈપણ મિલકતમાં ભાગ માગવાનો કે ભાગ લેવાનો હક નહોતો. વળી તેમના માતૃશ્રી ગલીબેનને પણ તેમના આગળના ઘરના દીકરા દાંનાજી માટે અડધો ભાગ દાવાવાળી જમીનમાં માગવાનો કે મેળવવાનો કોઈ હક કે અધિકાર નહોતો અને નથી. અમારા વડવા હુરાજી(સુરાજી)ની તમામ મિલકતોમાં ચાર સરખા હીસ્સા કરવવા વાદીઓ વિરુધ્ધ અલગથી દાવો કરી રહેલ છીએ જે ના.કોર્ટને વિદિત થાય. જેથી અમારા વડવાએ મજબુરીથી દાવાવાળી જમીનના બે સરખા હીસ્સા કરી, દાવાવાળી જમીન પૈકીની પૂર્વ તરફની જમીન વાદીઓના દાદા દાનાજીના હીસ્સામાં સ્થળે આપેલ અને પશ્ચિમ તરફની અડધી જમીન અમો પ્રતિવાદી નં.૧ ના પિતા તથા અમારા કાકા પ્રતિવાદી નં.૨ અને ૩ ને સ્થળે આપેલ. પરંતુ પક્ષકારોના વડવાઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. તે વખતે દાનાજી મોટા હોવાના કારણે સંયુક્ત કુટુંબનો વહીવટ કરતા હતા. અમો પક્ષકારોના સંયુક્ત કુટુંબનો વહીવટ દાનાજી પછી તેમના મોટા દીકરા કલાજીએ સંભાળેલ. દરમ્યાન સરકારશ્રીએ સરકારી ખેડૂતોના ખેડાણ હેઠળની ખેતીની જમીનો જુના કબજેદારોને કબજા આધારે જમીન માલિકી હકે ખાતે કરી આપવાનો, નિર્ણય કરતાં, અમારા સંયુક્ત કુટુંબનો વહીવટ કરતા કલાજીએ દાવાવાળી સ.નં.૨૦૯ ની ખેતીની જમીન તેમના નામે ગ્રાન્ટ કરાવેલ. પરંતુ હકીકતમાં ઉપર જણાવ્યા મુજબ દાવાવાળી જમીન જે જે પક્ષકારોના ભાગમાં આવ્યા મુજબની જમીન સ્થળે જે તે પક્ષકારો ખેડતા હતા અને દાવાવાળી જમીન નવી શરતે મળેલ હોઈ જૂની શરતની થયેલ નહી, ત્યાં સુધી અમારા પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવેલ નહી. પરંતુ જૂની શરતની થયા પછી આ કામના વાદી નં.૨ નાએ, અમો પ્રતિવાદી નં.૧ થી નં.૩ તથા વાદીઓના કાકાના દીકરા મંગાજી નાનાજી તથા દાલાજી ભેમાજીના નામો સંયુક્ત હિસ્સેદારો તરીકે સ.નં.૨૫૮(જેનો જુનો સ.નં.૨૦૯) વાળી દાવાવાળી જમીનમાં દાખલ કરવા, તેમની સહીથી મામલતદારશ્રી મોડાસાને અરજી આપેલ. જે અરજી આધારે મામલતદારશ્રી મોડાસાનાએ મોજે બડોદરાના ગામ નમુના નં.૬ માં નોંધ નંબર:૯૩૩ તા.૨૬/૦૪/૨૦૧૦ ના રોજ પાડેલ. આ નોંધ વાદીઓની સંમતિથી વાદી નં.૨ નાએ પાડી આપેલ. જે સામે વાદીઓ કે તેમના કુટુંબના સભ્યોએ કે બીજા કોઈએ વાંધો લીધેલ નહી. પરંતુ રેવન્યુ અધિકારીઓ કોઈ અગમ્ય કારણોસર આ નોંધ ખોટું કારણ આપી, એકતરફી રીતે નામંજુર કરેલ. પરંતુ વાદીઓએ ફરીથી અમો પ્રતિવાદીઓ તથા તેમના કાકાના દીકરાઓના નામો સહહિસ્સેદારો તરીકે દાખલ કરાવી આપવાની હૈયાધારણ આપી, વાયદા કરે જતા હતા. પરંતુ અમારા આશ્ચર્ય વચ્ચે આ દાવાની નોટીસો મળેલ છે.હકીકતમાં સ્થળે દાવાવાળી જમીન પૈકી અડધી પૂર્વ તરફની જમીન વાદીઓ અને તેમના કાકાઓના છોકરાઓના હિસ્સે છે અને વચ્ચેથી પશ્ચિમ તરફની અડધી જમીન અમો પ્રતિવાદી નં.૧, ૨, ૩ ના ભાગે પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ છે. અમો પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાઓ અમારા હીસ્સાની પશ્ચિમ તરફની જમીનમાં અમો ઉત્તર દક્ષિણ દીશાના ત્રણ હીસ્સા પાડી ખેતી

કરાવીએ છીએ. તેવી જ રીતે વાદીઓ વચ્ચેથી પૂર્વના હીસ્સામાં મુખ્ય ત્રણ હીસ્સા તેમજ તેમાં પણ પેટા હીસ્સા પાડી દાવાવાળી જમીનમાં ખેતી કરાવી ઉપજ લે છે. સ્થળની આ વાસ્તવિકતા છે જે કોર્ટ કમિશનરશ્રીએ કરેલ પંચનામા તથા નકશાથી સ્પષ્ટ સાબિત થાય છે. દાવાવાળી જમીનમાં અમો પ્ર.વાદી નં.૧ ના પિતા તથા પ્રતિવાદી નં.૨ અને નં.૩ નું વર્ષો સુધીનું પાણીપત્રક થયેલ છે અને અમારા નામો આવેલ છે.

૪) આ કામના વાદીઓને, અમો પ્રતિવાદીઓને દાવાવાળી જમીન પૈકી અમારા હીસ્સાની જમીન પૈકી અમારા હીસ્સાની જમીન ખેડી ઉપજ લેતાં રોકવાનો કે અવરોધ કરવાનો કોઈ હક કે અધિકાર નથી. આ કામના વાદીઓ દાવાવાળી જમીન પૈકી અમારા હીસ્સાની જમીનમાંથી અમોને નીકળી જવા તથા કબજો છોડી દેવાની સતત ધમકીઓ આપે છે. તથા દાવાવાળી તમામ જમીન રેવન્યુ રેકર્ડે તેમના નામે હોઈ તેનો દુરઉપયોગ કરી, દાવાવાળી જમીન બોજામાં મૂકી લોન લઈ લેવાની ફીરાગમાં છે. અને જો વાદીઓ તેમના બદઈરાદામાં સફળ થાય તો અમો પ્રતિવાદીઓના વર્ષો જુના અમારા વડવાઓ વખતથી ચાલ્યા આવતા દાવાવાળી જમીનના માલિકી કબજા હકને ભારે અને પારાવાર નુકશાન જાય તેમ છે અમો પ્રતિવાદીઓનો પ્રાયમાફેશી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમો પ્રતિવાદીઓના લાભમાં છે. અમો પ્રતિવાદીઓએ અમારા કાઉન્ટર કલેઈમમાં માગ્યા મુજબની દાદ મંજુર કરવામાં આવે તો આ કામના વાદીઓને કોઈ નુકશાન જાય તેમ નથી પરંતુ અમો પ્રતિવાદીઓએ માગ્યા મુજબની દાદ મંજુર કરવામાં ન આવે તો અમો પ્રતિવાદીઓને ભારે તથા પારાવાર નુકશાન જાય તેમ છે. જેનો બદલો નાણાથી કે અન્ય રીતે વળી શકે તેમ નથી. જેથી મનાઈ હુકમની દાદ સહીત આ દાવો ના.કોર્ટમાં કરેલ છે.

૫) આ કાઉન્ટર દાવાનું કારણ દાવાવાળી જમીન પૈકી વચ્ચે ઉત્તર–દક્ષિણ શેઢાથી પશ્ચિમ તરફના હીસ્સાની અમો પ્રતિવાદીઓની જમીનમાંથી અમોને નીકળી જઈ દાવાવાળી જમીનનો કબજો છોડી દેવાની ધમકીઓ વાદીઓ તથા તેમના ઘરના સભ્યો દ્વારા આપવામાં આવી આ ખોટો દાવો કરી મનાઈની માગણી કરી, મનાઈ મળે તો એબ્યુઝ ઓફ પ્રોસેસ ઓફ લો કરી દાવાવાળી જમીનનો કબજો કાયદો હાથમાં લઈ પડાવી લેવાની તજવીજ કરી રહેલ છે. ત્યારથી તે રોજ બરોજ ના.કોર્ટની સ્થાનિક હકુમતમાં ઉત્તપન્ન થયેલ છે.

૬) આ કાઉન્ટર દાવો લાવી દાદ માગવાની કે:–

(અ) મોજે બડોદરા તા.મોડાસા, જી:અરવલ્લીના સ.નં.૨૫૮ (જુનો સ.નં.૨૦૯) ક્ષેત્રફળ હે.૦૩–૦૧–૫૫ આરે ચો.મી.વાળી જમીન પૈકી કાઉન્ટર દાવા અરજીના પેરા નં.૧ માં વર્ણવેલ ખુંટ ચારના વર્ણનવાળી અડધી જમીનના અમો પ્રતિવાદીઓ માલિક કબજેદાર છીએ અથવા વિકલ્પે સ.નં.૨૫૮ (જુના સ.નં.૨૦૯) વાળી સદરહુ જમીનના અમો પ્રતિવાદીઓ સંયુક્ત માલિક કબજેદાર છીએ તેવું ઠરાવો.

(બ) આ કાઉન્ટર દાવાના પેરા નં.૧ માં વર્ણવેલ ખુંટ ચારના વર્ણનવાળી મોજે બડોદરા,

તા.મોડાસા, જી.અરવલ્લીના સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) પૈકીની અડધી પશ્ચિમ તરફની અમો પ્રતિવાદીઓના હીસ્સાની જમીનમાં અમો પ્રતિવાદીઓને તથા અમારા વંશ, વાલી, વારસો અને માણસોને ખેતી કરી ઉપજ લેતા આ કામના વાદીઓ કે તેમના ઘરના સભ્યો, માણસો નોકરો, એજન્ટો, એસાનીઓ કે મુખત્યારો અડચણ, અવરોધ કરે–કરાવે નહી કે ધાક–ધમકીઓ આપે–અપાવે નહી તેવો આ કાઉન્ટર દાવો ચાલે ત્યાં સુધી વચગાળાનો તથા દાવો ચાલી ગયે કાયમી જાથુંનો મનાઈ હુકમ વાદીઓ વિરુધ્ધ આપવા મે.કરશોજી.તેમજ કાઉન્ટર અરજીનું તમામ ખર્ચ આ કામના વાદીઓ પાસેથી અપાવો. આ કામના પ્રતિવાદી નં. ૧ રમણજી મોતીજી બામણીયાનાઓએ વાદીઓએ કાઉન્ટર દાવાનો આપેલ જવાબની કાઉન્ટર એફીડેવીટ રજૂ કરેલ છે. જેમાં અગાઉ પ્રતિવાદીઓએ જવાબ રજૂ કરેલ છે જેમાંની હકીકતો ફરીથી દોહરાવી હોય તેનુ વારંવાર પુનરાવર્તન કરવાનુ ટાળેલ છે.

(૪) આ કામે વાદીઓ તરફે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે :–

**વાદી તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–**

**વાદીઓ તરફે મૌખીક પુરાવા :–**

| અ.નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૯૯ | વાદી નં. ૪/૧ લાલાભાઈ બાલાજી બામણીયાનુ સરતપાસનુ સોગંદનામુ |

**વાદીઓ તરફે દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૧૦૧ | વાદીઓની માલીકીનો દાવાવાળો સ.નં. ૨૫૮ નો ૭/૧૨ નો ઉતારો અસલ |
| ૨ | ૧૦૨ | વાદીઓની માલીકીનો ખાતા નં. ૧૯૬ નો ૮ અ નો ઉતારો અસલ |
| ૩ | ૧૦૩ | ગામના નમૂના નં. ૬ ના હકકપત્રકે પડેલ નોધ નં. ૯૩૩ જે રદ' થયેલ તે નોધ અસલ |
| ૪ | ૧૫૪ | કોટ કમીશ્નરશ્રી રુબરુ કરેલ પંચનામુ |
| ૫ | ૧૫૫ | કોટ કમીશ્નરશ્રીએ સ્થળ પર તૈયાર કરેલ નકશો |
| ૬ | ૧૦૪ | દાવાવાળો સ.નં. ૨૦૯ નો ૭/૧૨ નો ઉતારો ,સને ૧૯૫૦–૫૧ |
| ૭ | ૧૦૫ | તા. ૧/૩/૬૦ ના રોજ પડેલ નોંધ નં. ૫૩ ની સર્ટીફાઈડ નકલ |
| ૮ | ૧૦૬ | દાવાવાળા સ.નં. ૨૦૯ નો સને૧૯૬૧–૬૨ નો ૭/૧૨ નો ઉતારો |
| ૯ | નિ.૩૫ /૪ | તા. ૧૧/૬/૨૦૧૦ ના રોજ મામલતદારશ્રી મોડાસાનાએ નોધ નં. ૯૩૩ નામંજુર કરેલતેની સર્ટી.નકલ |
| ૧૦ | નિ. ૪૦/૧ થી નિ. | વાદીઓ તરફે રજૂ કરેલ આક:૪૦ ના કુલ:૧૪ દસ્તાવેજો |

| | | |
|---|---|---|
| | ૪૦/૧ ૪ | |
| ૧૧ | ૧૦૭ થી ૧૧ ૧ | વાદીઓ તરફે રજૂ કરેલ ગામ નમુના નં. ૭/૧૨ ના ઉતારા |
| ૧૨ | ૧૧૨ | વાદીઓની સ્વતંત્ર માલીકીની સદરહુ દાવાવાળી ખેતીની જમીનના હાલના તાજેતરનન નમુના નં. ૭ તથા ૧૨ ના ઉતારાની ખરી નકલ |
| ૧૩ | ૧૧૩ | વાદીઓની સ્વતંત્ર માલીકીની સદરહુ દાવાવાળી ખેતીની જમીનના હાલના તાજેતરના નમુના નં. ૮–અ ના ઉતારાની ખરી નકલ |
| ૧૪ | ૧૧૪ | સદરહુ દાવાવાળી જમીનમા વાદી ન. ૪ ના ગુજરતાં વાદીઓના વારસાઈ રીતે નામો દાખલ થયેલ તે નોધ નં. ૧૪૪૧ ની ખરી નકલ |
| ૧૫ | ૧૧૫ | સદર દાવાવાળી ખેતીની જમીનમાં વાદી ન. ૫ ના ગુજરતાં વાદીઓના વારસાઈરીતે નામો દાખલ થયેલ તે નોધ નં. ૧૪૯૯ ની ખરી નકલ |
| ૧૬ | ૧૧૬ | સદર દાવાવાળી ખેતીની જમીન તારણમાં મુકી જમીન વીકાસ બેંક મોડાસા શાખામાંથી વાદીઓએ ધીરાણ મેળવેલ છે તે ધીરાણની બોજા તારણની નોધ નં. ૯૫૦ ની ખરી નકલ |
| ૧૭ | ૧૧૭ | સદર દાવાવાળી ખેતીની જમીન તારણમાં મુકી બડોદરા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. માંથી વાદીઓએ ધીરાણ મેળવેલ છે તે ધીરાણની બોજા તારણની નોધ નં.૧૦૮૧ ની ખરી નકલ |
| ૧૮ | ૧૧૮ | સદર દાવાવાળી ખેતીની જમીન તારણમાં મુકી બડોદરા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. માંથી વાદીઓએ ધીરાણ મેળવેલ છે તે ધીરાણની બોજા તારણની નોધ નં.૧૨૮૨ ની ખરી નકલ |
| ૧૯ | ૧૧૯ | સદર દાવાવાળી ખેતીની જમીન તારણમાં મુકી બડોદરા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. માંથી વાદીઓએ ધીરાણ મેળવેલ છે તે ધીરાણની બોજા તારણની નોધ નં.૧૫૮૦ ની ખરી નકલ |
| ૨૦ | ૧૨૦ | સદર દાવાવાળી ખેતીની જમીન તારણમાં મુકી બડોદરા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. માંથી વાદીઓએ ધીરાણ મેળવેલ છે તે ધીરાણની બોજા તારણની નોધ નં.૧૬૧૮ ની ખરી નકલ |
| ૨૧ | ૧૨૦ /એ | સદર દાવાવાળી ખેતીની જમીન તારણમાં મુકી બડોદરા ગ્રુપ સેવા સહકારી મંડળી લી. માંથી વાદીઓએ ધીરાણ મેળવેલ છે તે ધીરાણની બોજા તારણની નોધ નં.૧૮૯૧ ની ખરી નકલ |
| ૨૨ | ૧૨૦ /બી | સદર દાવાવાળી ખેતીની જમીનમાં આ કામના પ્રતિવાદખીઓએ ખોટી રીતે સહભાગીદાર તરીકે નામો દાખલ કરેલ જે નોધ નં. ૯૩૩ નામંજુર રદ |

| | | |
|---|---|---|
| | | થયેલ તે નોધ નં. ૯૩૩ ની ખરી નકલ |
| ૨૩ | ૧૨૭ | આ કામે રેવન્યુ રેકર્ડમાં તા. ૨/૪/૧૯૬૨ ના રોજ દાખલ થયેલ નોધ નં. ૨ ની ખરી નકલ |
| ૨૪ | ૧૩૧ | વાદીઓ તરફે પુરાવો બધ કરવાની કલોજીગ પૂરશીશ |

(૫) આ કામે પ્રતિવાદીઓ તરફે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે :–

**પ્રતિવાદીઓ તરફે મૌખીક પુરાવા :–**

| અ.નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૧૩૨ | પ્રતિ. નં. ૧ રમણજી મોતીજી બામણીયાનુ સરતપાસનુ સોગંદનામુ |
| ૨ | ૧૪૬ | ખાંટ દિનેશકુમાર ભેમાભાઈનુ સરતપાસનુ સોગદનામું |
| ૩ | ૧૪૯ | પટેલ રણછોડભાઈ શીવાભાઈનુ સરતપાસનુ સોગદનામું |
| ૪ | ૧૫૦ | હાથીજી મોતીજી બામણીયાનુ સરતપાસનુ સોગદનામું |
| ૫ | ૧૫૨ | બિપીનચંન્દ્ર પોપટલાલ ચૌહાણની જુબાની |

**પ્રતિવાદીઓ તરફે દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં. | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૩૭ | જુદી જુદી વ્યકિતઓ ધ્વારા પ્રીન્સિપાલ સિનિયર સિવિલ જજ સા.શ્રીની કોર્ટના રજીસ્ટ્રાર રુબરુ કરવામાં આવેલ કુલ:૪૩ એફીડેવીટો |
| ૨ | ૬૩/૧ | તા.૨/૯/૨૨ ના રોજ દસ્તાવેજી પુરાવાલીસ્ટ ધ્વારા કુલ:૫ જુદા જુદા દસ્તાવેજો રજૂ કરેલ છે. |
| ૩ | ૧૩૬ | મોજે ગામ:બડોદરા ,તા.મોડાસાના સ.નં. ૨૦૯( નવો સ.નં. ૨૫૮) ના સને ૧૯૭૧–૭૨ થી સને ૧૯૮૧–૮૨ સુધીના પાણીપત્રકની સહીસીકકાવાળી નકલો (૨ પાનામાં) |
| ૪ | ૧૩૭ | મોજે ગામ:બડોદરા,તા.મોડાસાના સ.નં.૨૦૯( નવો સ.નં. ૨૫૮) ના સને ૧૯૮૨–૮૩ થી સને ૧૯૮૩–૮૪ સુધીના પાણીપત્રકની સહીસીકકાવાળી નકલો (૧ પાનામાં) |
| ૫ | ૧૩૮ | મોજે ગામ:બડોદરા,તા.મોડાસાના સ.નં.૨૦૯( નવો સ.નં. ૨૫૮) ના સને ૧૯૮૪–૮૫ થી સને ૧૯૯૨–૯૩ સુધીના પાણીપત્રકની સહીસીકકાવાળી નકલો (૨ પાનામાં) |
| ૬ | ૧૩૯ | મોજે ગામ:બડોદરા,તા.મોડાસાના સ.નં.૨૦૯( નવો સ.નં. ૨૫૮) |

| | | |
|---|---|---|
| | | ના સને ૧૯૯૩–૯૪ થી સને ૨૦૦૩–૨૦૦૪ સુધીના પાણીપત્રકની સહીસીક્કાવાળી નકલો (૨ પાનામાં) |
| ૭ | ૧૪૦ | મોજે ગામ:બડોદરા,તા.મોડાસાના સ.નં.૨૦૯( નવો સ.નં. ૨૫૮) ના સને ૨૦૦૪–૨૦૦૫ના પાણીપત્રકની સહીસીક્કાવાળી નકલો (૧ પાનામાં ) |
| ૮ | ૧૪૧ | આ કામના વાદીઓ તથા તેમના ઘરના સભ્યોએ પ્રતિવાદીઓને દાવાવાળી જમીન કેમ ખેડો છો અને કબજો છોડી દેવાની વારંવાર ઘમકીઓ આપેલ તેની પ્રનિ.નં.૫ નાઓએ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને તા. ૧૮/૨૦૧૮ના રોજ આપેલ લેખીત ફરીયાદની ઓફીસ કોપી |
| ૯ | ૧૪૨ | આકામના વાદી ન.૨ નાએ પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદીઓ વિરુઘ્ઘ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને તા. ૨૬/૧૦/૨૦૧૮ ના રોજ આપેલ ફરીયાદની સહીસીક્કાવાળી નકલ |
| ૧૦ | ૧૪૩ | વાદી નં.૨ નાએ તા. ૨૬/૧૦/૨૦૧૮ નારોજ આપેલ ફરીયાદ કે જે આ દાવાના કામે આક:૧૨૫( વાદીના આક:૪૦ લીસ્ટથી રજુ છે ) કે જેની ચાર્જશીટ થઈ મોડાસાના મે. ચીફ જયુડી. મેજી. સા.ની કોર્ટમાં ક્રિ.કેસ નં. ૧૧ /૨૦૧૯ થી રજીસ્ટર થયેલ તે કેસમાં વાદી નં.૪/૧ નાએ આક:૨૨ થી ફરીયાદના કામે આપેલ જુબાનીની નકલની સહીસીક્કાવાળી નકલ |
| ૧૧ | ૧૪૪ | આ દાવા કામે આક:૦૫ ના હુકમ વિરુઘ્ઘ વાદીઓએ મહે. અરવલ્લી ડીસ્ટ્રીકટ કોર્ટમાં કરેલ સી.એફ.ઓ. નં. ૦૨/૨૦૨૦ ના જજમેન્ટની સહીસીક્કાવાળા નકલ |
| ૧૨ | ૧૫૩ | કોર્ટ કમીશ્નરશ્રીએ પક્ષકારો તથા પંચોને હાજર રાખવા આપેલ નોટીશ |
| ૧૩ | ૧૫૪ | કોર્ટ કમીશ્નરશ્રીએ સ્વતંત્ર પંચોની હાજરીમાં તેમના રુબરુ દાવાના કામે વાદવાળી જગ્યાનુ કરેલ અસલ પંચનામુ |
| ૧૪ | ૧૫૫ | કોર્ટ કમીશ્નરશ્રીએ સ્વતંત્ર પંચોની હાજરીમાં તેમના રુબરુ દાવાના કામે વાદવાળી જગ્યાનો તૈયાર કરેલ અસલ નકશો |
| ૧૫ | ૧૫૬ | પ્રતિવાદીઓ તરફે સમગ્ર પુરાવો પુરો કર્યાની કલોજીગ પૂરશીશ |

**(૬)** ઉપરોકત હકીકતોએ સમગ્ર પુરાવો પુરો થયા બાદ વાદીઓ પક્ષે વિ.વ.શ્રીએ આંક – ૧૭૦ થી લેખીત દલીલો રજુ કરી જણાવેલ કે, અમો સદર કામના વાદીઓ તરફેના એડવોકેટ આ કામે આ કામના વાદીઓ તરફે નામદાર કોર્ટમાં અગાઉ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ કરેલ મૌખિક દલીલોના સમર્થનમાં લેખિત દલીલો આ કામના વાદીઓએ નામદાર કોર્ટમાં દાખલ કરેલ દાવાના કામે તથા પ્રતિવાદીઓ તરફે રજૂ કરેલ આંક–૧૫ વાળા કાઉન્ટર કલેઈમના કામે લેખિત દલીલો નીચે મુજબ રજૂ કરીએ છીએ.આ કામે મુખ્ય કેસના ગુણદોષ મુજબની દલીલો નીચે મુજબ છે.

૧) અમો વાદીઓ નામદાર કોર્ટની હકુમતના મોજે–મોડાસા તાલુકાના બડોદરા ગામના રહીશ છીએ. અમો તમામ વાદીઓ એકજ કુટુંબ પરિવારના સભ્યો છીએ. આ કામના પ્રતિવાદીઓ અમો વાદીઓના કોઈજ રીતે પેઢીગત વારસદારોમાં આવતા નથી. જે નામદાર કોર્ટને માનસર જણાવીએ છીએ.

૨) આ કામના વાદીઓએ હાલનો દાવો નામદાર કોર્ટમાં વાદીઓ પૈકી વાદી નં. ૧ થી ૫ ના મર્હુમ પિતાજી કલાજી દાંનાજી બામણીયાનાઓની સ્વતંત્ર માલીકીની જમીન મોજે–બડોદરા, તા.મોડાસા, જી. અરવલ્લીની સીમના સર્વે નંબર જુનો – ૨૦૯ નવો સ.નં. ૨૫૮ ખાતા નંબર – ૧૯૯ વાળી જૂની શરતની ખેતી લાયક જમીન કે જે જમીનનું કુલ ક્ષેત્રફળ હે.આરે.૦૩–૦૧–૫૫ ચો.મી. કે જેનો આકાર રૂા.૨.૪૫ નો છે તે જમીન તેમના મર્હુમ પિતાલજી સ્વ.કલાજી દાંનાજી બામણીયાનાઓને સરકારશ્રી તરફથી મળેલ અને તેઓહયાત હતા ત્યારે જાતે ખેતી કરતા હતા અને તેમના મરણ પછી અમો વાજદીઓ પૈકી નં. ૧ થી ૫ ના મહુમ અમારા પિતાજીના સીપીલીટીના કાયદેસરના વારસદારો હોઈ સ્થળ ઉપર અમારા પાંચ હિસ્સાઓ પડેલ અને હિસ્સાઓ મુજબ જાતે ખેતી કરતા હતા અને વાદીઓ પૈકી વાદી નં.૪ તથા ૫ ના મરણ થતાં આ કામે સુધારેલ દાવા અરજી મુજબના વારસદારો ખેતી કરીએ છીએ. આ કામના પ્રતિવાદીઓનો સદરહુ દાવાવાળી જમીનમાં પેઢીગત કે કોઈજ રીતે લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો આવેલ નથી કે રહેલ નથી તેમ છતાં હાલના પ્રતિવાદીઓ એકબીજાની ચઢવણી ઉશ્કેરણીથી ખેતી કરતાં રોકતા હોઈ અને તોફાન કરી ટ્રેકટર વિગેરે રોકતા હોઈ અને પ્રતિવાદીઓ કાયદાની કોઈ વાત માનવા તૈયાર ન હોઈ તેમજ ફરીયાદ કરવા છતાં ગેરકાયદેસરનું કૃત્ય ચાલુ રાખેલ હોઈ આ કામના પ્રતિવાદીઓનું ગેરકાયદેસરનું કૃત્ય'રોકવું જરૂરી હોઈ અમો વાદીઓના સદરહુ દાવાવાળી જમીનના કાયદેસરના માલીકી હકકોના રક્ષણ માટે હાલનો દાવો આંક – ૧ વાળી દાવા અરજીના પેરા–૬ માં બતાવેલ દાવાના કારણ સહિત તથા પેરા–૮ માં દર્શાવેલ દાદ મેળવવા માટે નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. જે નામદાર કોર્ટને માનસર જણાવીએ છીએ.

૩) આ કામે વાદીઓએ દાખલ કરેલ દાવાના કામે આ કામના પ્રતિવાદીઓને નોટીસ કાઢવામાં આવેલ જેથી આ કામે હાલના પ્રતિવાદીઓ નામદાર કોર્ટમાં હાજર થયેલ છે અને દાવાના કામે આંક–૧૨ થી લેખિત જવાબ રજૂ કરેલ છે અને લેખિત જવાબની સાથે આંક–૧૫ થી કાઉન્ટર કલેઈમ (પ્રતિ સામે દાવો) દાખલ કરેલ છે અને આંક – ૧૮ થી વચગાળાની મનાઈ અરજી દાખલ કરેલ છે. આ કામે આંક–૨૧ થી આ કામના પ્રતિવાદીઓએ દાખલ કરેલ કાઉન્ટર કલેઈમનો લેખિત જવાબ વાદીઓ તરફે આંક–૨૧ થી રજૂ કરેલ છે.

૪) આ કામે આ કામના વાદીઓએ નામદાર કોર્ટમાં દાખલ કરેલ આંક – ૧ વાળા દાવા સાથે આંક–૫ થી વચગાળાની મનાઈ અરજી દાખલ કરવામાં આવેલ હતી. આ કામે વાદીઓ તરફે દાખલ થયેલ આંક – ૫ ની વચગાળાની મનાઈ અરજી તથા પ્રતિવાદીઓ તરફે કાઉન્ટર કલેઈમ (પ્રતિ સામે) દાવાના કામે આંક–૧૮ થી રજૂ કરેલ વચગાળાની મનાઈ અરજીની સુનાવણી થતાં નામદાર કોર્ટ દ્વારા દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળી મિલકત બાબતે સ્ટેટસક્વો યથાસ્થિતી જાળવી રાખવાનો હુકમ કરવામાં આવેલ. સદરહુ હુકમથી નારાજ થઈ વાદીઓ દ્વારા મે.ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સાહેબશ્રી અરવલ્લીનાઓની કોર્ટમાં સી.એફ.ઓ. નં.૨/૨૦૨૦ થી અપીલ દાખલ કરવામાં આવેલ અને આ કામના પ્રતિવાદીઓ દ્વારા પણ સદરહુ હુકમની સામે સી.એફ.ઓ. નંબર – ૨/૨૦૨૧ થી અપીલ દાખલ કરવામાં આવેલ જે બંને અપીલો વાદીઓ તરફે દાખલ કરેલ સી.એફ.ઓ. નં.૨/૨૦૨૦ તથા પ્રતિવાદીઓએ દાખલ કરેલ સી.એફ.ઓ. નં.૨/૨૦૨૧ બંને અપીલો મે.અરવલ્લી જિલ્લાના મે.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સાહેબશ્રીનાઓની કોર્ટ દ્વારા તા. ૨૦/૦૨/૨૦૨૩ ના રોજ રદ નામંજુર કરવામાં આવેલ. આ કામે આ કામના વાદીઓએ સી.એફ.ઓ. નં.૨/૨૦૨૦ ના તા. ૨૦/૦૨/૨૦૨૩ના મે.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સાહેબશ્રીના હુકમથી નારાજ થઈ સદરહુ હુકમની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીટ સ્પે.સીવીલ એપ્લીકેશન નંબર–૧૫૦૦૫/૨૦૨૩ થી દાખલ કરેલ છે જે હાલ પેન્ડીંગ છે કોઈ ન્યાય નિર્ણય થયેલ નથી જે નામદાર કોર્ટને માનસર જણાવીએ છીએ.

૫) આ કામે નામદાર કોર્ટ દ્વારા આંક – ૪૧ થી તા. ૨૧/૦૨/૨૦૨૦ મુદ્દા ઈસ્યુ કરેલ છે.

આંક – ૫૮ અને આંક – ૬૩ ની અરજી હેઠળ હુકમ મુજબ વધારાના મુદ્દા કાઢવામાં આવેલ છે.

આ કામે મુદ્દા ઈસ્યુ ઉપરોક્ત ના. કોર્ટ દ્વારા કાઢ્યા પછી સદરહુ કામ પુરાવા માટે રાખવામાં આવેલ અને આ કામના વાદીઓ દ્વારા ના. કોર્ટના આંક–૫ ના હુકમની સામે મે.અરવલ્લી જીલ્લાના પ્રીન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સાહેબશ્રીનાઓની કોર્ટમાં દાખલ કરેલ સી.એફ.ઓ.નં.૨/૨૦૨૦ ના તા. ૨૦/૦૨/૨૦૨૩ ના હુકમની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૫૦૦૫/૨૦૨૩થી અપીલ રીટ દાચખલ કરેલ છે તે નામદાર કોર્ટમાં જાહેર કરેલ છે તે પછી નામદાર કોર્ટ દ્વારા આ કામે પુરાવો લેવામાં આવેલ છે.

૬) આ કામે વાદીઓ તરફે નામદાર કોર્ટમાં આંક – ૯૯ થી મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે તેમજ આંક – ૧૦૧ થી ૧૨૦ તથા ૧૨૭ થી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે.
તેમજ પ્રતિવાદીઓ તરફે આંક – ૧૨૪ તથા ૧૨૫ તથા આંક – ૧૩૬ થી ૧૪૪ તથા આંક – ૧૫૪ થી ૧૯૬ થી દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ છે તેમજ આંક – ૧૩૨, ૧૪૯ તથા ૧૪૯ થી રજૂ થયેલ છે.

૭) આ કામે હાલના વાદીઓ તરફે નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૬ મુજબની દલીલો નીચે મુજબ છે. આ કામે નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલ મુદ્દા નં.૧ થી ઈસ્યુ ફ્રેઈમ કરેલ છે કે શું વાદીઓ પુરવાર કરે છે કે મોજે – બડોદરા, તા.મોડાસાની સીમના જુના સર્વે નં.૨૦૯ જેનો નવો સ.નં.૨૧૮ વાળી જમીનના વાદીઓ એકલા જ સંયુક્ત માલીક અને કબ્જેદાર છે ?સદરહુ મુદ્દા નં. ૧ બાબતે વાદીઓ તરફે દાવાવાળી જમીનનું સદર કામમાં રેવન્યુ રેકર્ડ આંક – ૧૦૪ વાળું વાદીઓ પૈકી નં.૧ થી ૫ ના મર્હુમ પિતાજીના નામનું તેમજ આંક– ૧૦૫ થી વાદીઓ પૈકી ૧ થી ૫ ના મર્હુમ પિતાજી કલાજી દાંનાજી નાઓને સદરહુ જમીન સરકારશ્રી દ્વારા કાયમી માલીકી ધોરણે ફાળવવામાં આવેલ તે નોંધ નં. ૫૩ જેમાં બીજા ગામના ઈસમો સાથે અનુક્રમ નં. ૧૪ થી મર્હુમ કલાજી દાંનાજી નાઓને સદરહુ દાવાવાળા સર્વે નંબર સહીત તથા ક્ષેત્રફળનો ઉલ્લેખ કરી ફાળવણી કરેલ છે. તેમજ વાદીઓ પૈકી નં. ૧ થી ૫ ના મર્હુમ પિતાજીના મરણ પછી આ કામના વાદીઓ નામો વારસાઈ રીતે માલીકી હકકે દાખલ થયેલ છે જે વારસાઈની નોંધો નામાદાર કોર્ટમાં દસ્તાવેજી પુરાવાઓથી રજૂ કરેલ છે. તેમજ આ કામે વાદીઓ પૈકી વાદી નં. ૪ તથા ૫ નાઓનું મરણ થતાં તેઓના સીધીલીટીના વારસદારો વારસાઈ નોંધોથી દાખલ થયેલ છે જે વારસાઈ નોંધો નામદાર કોર્ટમાં દસ્તાવેજી પુરાવાથી રજુ કરેલ છે અને સુધારેલ દાવા અરજી મુજબ હાલના આંક–૧ મુજબના વાદીઓ સદરહુ દાવાવાળી જમીનના કબજેદાર માલીક છે તે બાબતે નામદાર કોર્ટમાં આંક– ૧૦૧ તથા આંક – ૧૦૪ થી આંક – ૧૧૧ વાળા સદરહુ દાવાવાળી ખેતીની જમીનના નમુના નં.૭/૧૨ તથા ૮–અ ના ઉતારાઓની નકલો રજુ કરેલ છે જે જોતાં હાલના વાદીઓ એક માત્ર માલીક કબ્જેદાર હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. તેમજ આ કામે પ્રતિવાદી નં.૧ નાઓનું નામદાર કોર્ટમાં આંક – ૧૩૨ થી સરતપાસ સોગંદનામુ જુબાની રજુ કરવામાં આવેલ છે જેની વાદીઓ તર્ફે ઊલટ તપાસ લેવામાં આવેલ છે જે આંક – ૧૩૨ ની ઊલટ તપાસ જોવામાં આવે તો પ્રતિવાદી નં.૧ નાઓએ “એ વાત ખરી છે કે ફતાજી તથા માલાજી બંને ભાઈઓ ગુજરી ગયા બાદ તેમની જમીન તેમના વારસદારોના નામે દાખલ થયેલ છે એ વાત ખરી છે કે મારા પિતાજીની જમીનમાં અમો હાલ ખેતી કરીએ છીએ. એ વાત ખરી છે કે માલાજી અને ફતાજી જે જમીન આવેલી છે તેમાં તેમના વારસદારો ખેતી કરે છે"આમ, દાવાવાળી ખેતીની જમીન વાદીઓના સંયુક્ત માલીકી હકકે આવેલાનું નામદાર કોર્ટમાં રજુ કરેલ આંક – ૧૦૧ થી આંક– ૧૧૧ વાળા દસ્તાવેજી પુરાવાઓથી તથા આ કામે વાદી તર્ફે રજૂ કરેલ આંક – ૯૯ ના મૌખિક પુરાવાથી તથા નામદાર કોર્ટમાં પ્રતિવાદીઓ તર્ફે રજૂ થયેલ આંક – ૧૩૨ વાળા સરતપાસ સોગંદનામાના કામે વાદીઓ તર્ફે થયેલ ઉલટ તપાસ જોતાં વાદીઓ સદરહુ દાવાવાળી જમીનના સંયુક્ત માલીક અને કબજેદાર છે તે સ્પષ્ટપણે વાદીઓ તર્ફે સાબીત કરેલ છે. આમ, નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલ મુદ્દા નં. ૧ વાદીઓએ દસ્તાવેજી પુરાવાઓથી સ્પષ્ટપણે સાબિત કરેલ છે.આ કામે નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલ મુદ્દા નં.૨ થી ઈસ્યુ ફ્રેઈમ કરેલ છે કે શું વાદીઓ પુરવાર કરે છે કે દાવાવાળી જમીન સ્થળ ઉપર ઉત્તર–દક્ષિણ તરફના પાંચ સરખા શેઢા પાડી વાદીઓ અલગ–અલગ પોતપોતાના ભાગલામાં ખેતી કરે છે ?સદરહુ મુદ્દા નં. ૨ બાબતે વાદીઓ તરફે નામદાર કોર્ટમાં વાદીઓએ દાખલ કરેલ આંક – ૧ ની દાવા

અરજીના કામે પેરા–૩ થી સદરહુ હકીકતોનો શરૂઆતથી જ ઉલ્લેખ કરેલ છે તેમજ આ કામે નામદાર કોર્ટ દ્વારા વાદીઓ તર્ફે કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા પંચનામુ કરવામાં આવેલ. સદરહુ કોર્ટ કમિશ્નરશ્રીના પંચનામામાં પણ દાવાવાળી જમીનમાં પાંચ હિસ્સાઓ પડેલ હોવાનું સ્પષ્ટપણે બતાવેલ છે તથા વાદીઓ તર્ફે આંક – ૯૯ થી મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ તેમાં પણ સદરહુ હકીકતોનો ઉલ્લેખ કરેલ છે આમ, નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલ મુદ્દા નં.ર વાદીઓએ દસ્તાવેજી પુરાવાઓથી સ્પષ્ટપણે સાબિત કરેલ છે. આ કામે નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલ મુદ્દા નં.૩ થી ઈસ્યુ ફ્રેઈમ કરેલ છે કે શું વાદીઓ પુરવાર કરે છે કે દાવાવાળી જમીન સરકારશ્રીએ તેમના દાદા કલાજી દાંનાજી બામણીયાને ફાળવેલ અને તે જમીન કલાજીની સ્વપાર્જીત જમીન છે ? સદરહુ મુદ્દા નં. ૩ બાબતે વાદીઓ તરફે નામદાર કોર્ટમાં આંક– ૧૦૫ થી વાદીઓ પૈકી ૧ થી ૫ ના મર્હુમ પિતાજી કલાજી દાંનાજી નાઓને સદરહુ જમીન સરકારશ્રી દ્વારા કાયમી માલીકી ધોરણે ફાળવવામાં આવેલ તે નોંધ નં.૫૩ રજુ કરેલ છે જેમાં બીજા ગામના ઈસમો સાથે અનુક્રમ નં. ૧૪ થી મર્હુમ કલાજી દાંનાજી નાઓને સદરહુ દાવાવાળા સર્વે નંબર જુનો –ર૦૯ નો તથા ક્ષેત્રફળ ત્રણ એકર ઉપરનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમજ સદરહુ જમીન મર્હુમ કલાજી દાંનાજી નાઓના નામે શરૂઆતથી રેવન્યુ રેકર્ડમાં માલીકી હકકે દાખલ થયેલ તે સને–૧૯૬૧–૬ર થી સને–૧૯૭૦–૭૧ વાળા નમુના નં.૭અને ૧ર ની નકલ નામદાર કોર્ટમાં આંક – ૧૦૪ થી રજુ થયેલ છે જે જોતાં કલાજી દાંનાજી નાઓનું નામ માલીકી હકકે તથા પાણી પત્રક વર્ષ વાઈઝ જોવામાં આવે તો સને– ૧૯૬૧–૧૯૬ર થી સને – ૧૯૭૦–૭૧ નું પાણી પત્રકમાં કલાજી દાંનાજી એકલાઓનું નામ સ્પષ્ટપણે બતાવેલ છે. આમ, નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલ મુદ્દા નં.૩ વાદીઓએ દસ્તાવેજી પુરાવાઓથી સ્પષ્ટપણે સાબિત કરેલ છે કે સદરહુ દાવાવાળી જમીન વાદીઓ પૈકી નં. ૧ થી ૫ ના પિતાજી તથા બીજા વારસદારોના દાદા મર્હુમ કલાજી દાંનાજી બામણીયાનાઓની સ્વપાર્જીત જમીન આવેલ છે તે સ્પષ્ટપણે સાબિત થાય છે.આ કામે નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલ મુદ્દા નં.૪ થી ઈસ્યુ કેઈમ કરેલ છે કે શું વાદીઓ પુરવાર કરે છે કે પ્રતિવાદીઓ સદર દાવાવાળી જમીનમાં ક્યારેય ખેતી કરવા આવેલ નથી કે પ્રતિવાદીઓએ સદર દાવાવાળી જમીન ઉપર ક્યારેય કબજો ભોગવટો પણ કરેલ નથી ? સદરહુ મુદ્દા નં.૪ બાબતે વાદીઓ તરફે રજુ કરેલ આંક – ૯૯ ના મૌખીક પુરાવામાં સદરહુ હકીકતોનો ઉલ્લેખ કરેલ છે તેમજ આ કામે પ્રતિવાદીઓ તર્ફે મહત્વના સાક્ષી પ્રતિવાદી નં.૧ નાઓની આંક – ૧૩ર થી સરતપાસ જુબાની રજુ થયેલ જેમાં વાદી તર્ફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે સદરહુ ઊલટ તપાસમાં આ કામના પ્રતિવાદી નં.૧ નાઓએ સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે “એ વાત ખરી છે કે ફતાજી તથા માલાજી બંને ભાઈઓ ગુજરી ગયા બાદ તેમની જમીન તેમના વારસદારોના નામે દાખલ થયેલ છે એ વાત ખરી છે કે મારા પિતાજીની જમીનમાં અમો હાલ ખેતી કરીએ છીએ. એ વાત ખરી છે કે માલાજી અને ફતાજી જે જમીન આવેલી છે તેમાં તેમના વારસદારો ખેતી કરે છે” તેમજ પ્રતિવાદી નં.૧ નાઓએ કબુલ કરેલ છે કે દાવાવાળી જમીનમાં વાદીઓના વારસદારોના નામો દાખલ થયેલ તે બાબતે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ વારસાઈ નોંધો બાબતે કોઈ વાંધો વિરોધ કે કોઈ લેખિત વાંધા અરજી કરેલ હોઈ કે કોઈ અપીલ દાખલ કરેલ હોય તેવું પણ બનેલ નથી. તેમજ સદરહુ દાવાવાળી જમીનમાં દાવો દાખલ થયેલ તે પહેલાં અને દાવો દાખલ થયા પછી ઉત્તરોઉત્તર હાલના વાદીઓએ બેંકો માંથી તેમજ સહકારી મંડળી માંથી તથા જમીન વિકાસ બેંક માંથી લોનો લીધેલ છે અને દાવાવાળી જમીનમાં તારણની નોંધો દાખલ થયેલ છે અને નોંધો બાબતે કોઈ વાંધો વિરોધ કે કોઈ લેખિત વાંધા અરજી કરેલ હોઈ કે કોઈ અપીલ દાખલ કરેલ હોય તેવું પણ બનેલ નથી. અને આ કામે દાવાવાળી જમીનના દાવો દાખલ થયેલ તે સમયે રજુ કરેલ નમુના નં.૭તથા ૧ર ના ઉતારાની નકલો તેમજ તે પછીના વર્ષોના સદરહુ દાવાવાળી ખેતીની જમીનના નમુના નં.૭ તથા ૧ર ના ઉતારાઓની નકલો નામદાર કોર્ટમાં આંક – ૧૦૬ થી આંક – ૧૧૧ થી રજુ કરેલ છે જે જોતાં દાવાવાળી જમીનમાં વાદીઓના માલીકી હકકે નામો આવેલ છે વાદીઓ ખેતી કરતા હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. સદરહુ દસ્તાવેજોમાં પ્રતિવાદીઓના કોઈજ નામો આવેલ નથી. આમ, નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલ મુદ્દા નં. ૪ વાદીઓ તરફે સ્પષ્ટપણે ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓથી સાબીત કરેલ છે કે દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કબજો ભોગવટો આવેલ નથી કે ખેતી કરતા નથી.આ કામે નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલ મુદ્દા

નં.પ થી ઈસ્યુ ફેઈમ કરેલ છે કે શું વાદીઓ પુરવાર કરે છે કે પ્રતિવાદીઓ તેમના વડવા સ્વ.હુરાજીની વડીલો પાર્જીત ખેતીની જમીન દાવાવાળી જમીનની જગ્યાથી આશરે બે કિ.મી. દૂર બડોદરા સીમના સર્વે નં.૬ માં આવેલ છે તે જમીનમાં તેમના હિસ્સામાં પ્રતિવાદીઓ ખેતી કરે છે ?સદરહુ મુદ્ધા નં.પ બાબતે વાદીઓ તરફે નામદાર કોર્ટમાં પ્રતિવાદીઓ તરફે આંક – ૧૩૨ થી સરતપાસ સોગંદનામુ જુબાની રજુ થયેલ છે તે કામે વાદીઓ તર્ફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જે જોવામાં આવે તો ઉલટ તપાસના પ્રથમ પેરામાં પ્રતિવાદી નં.૧ નાઓએ કબુલ કરેલ છે કે એ વાત ખરી છે કે મારા પિતાજી મોતીજી અને બીજા બે ભાઈઓ ફતાજી અને માલાજી એમ ત્રણ ભાઈઓ હતા. એ વાત ખરી છે કે મારા પિતાજી તથા તેમના બે ભાઈઓ બધા મરણ પામેલ છે એ વાત ખરી છે કે મારા પિતાજીની માલીકીની જમીન તથા તેમના બે ભાઈઓ વચ્ચે જમીનની વહેચણી થઈ ગયેલ છે. સવાલ :–તમારા પિતાજીની જમીન હતી તેમના મરણ પછી તમારી માતા અને તમારૂ નામ તથા તમારી બહેનનું નામ દાખલ થયેલ છે ?

જવાબ :– એ વાત ખરી છે કે ફતાજી તથા માલાજી બંને ભાઈઓ ગુજરી ગયા બાદ તેમની જમીન તેમના વારસદારોના નામે દાખલ થયેલ છે એ વાત ખરી છે કે મારા પિતાજીની જમીનમાં અમો હાલ ખેતી કરીએ છીએ. એ વાત ખરી છે કે માલાજી અને ફતાજીની જે જમીન આવેલી છે તેમાં તેમના વારસદારો ખેતી કરે છે. આમ, નામદાર કોર્ટ દ્બારા કાઢવામાં
આવેલ મુદ્ધા નં.પ નો ખુલાસો વાદીઓની તરફેણમાં પ્રતિવાદી નં. ૧ નાની આંક – ૧૩૨ ની સરતપાસ સોગંદનામા વાળી જુબાનીના કામે થયેલ ઊલટ તપાસમાં બટપણે થઈજાય છે. આમ, વાદીઓ તરફે નામદાર કોર્ટ દ્બારા કાઢવામાં આવેલ મુદ્ધા નં.પ વાદીઓ દ્બારા સ્પષ્ટપણે સાબિત કરવામાં આવેલ છે.

૮) આ કામે આ કામના પ્રતિવાદીઓ તર્ફે નામદાર કોર્ટમાં આંક–૧૨ થી લેખિત જવાબ રજૂ કરવામાં આવેલ છે તેમજ આંક – ૧૫ થી લેખીત જવાબની સાથે કાઉન્ટર કલેઈ (પ્રતિ સામે દાવો) તથા આંક – ૧૮ થી વચગાળાની મનાઈ અરજી તેમજ આંક – ૧૩૨ થી પ્રતિવાદી નં.૧ નાઓનું સરતપાસ સોગંદનામુ જુબાની તથા નામદાર કોર્ટમાં પ્રતિવાદીઓ તુકે લેખિત દલીલો રજુ થયેલ છે જે તમામમાં પ્રતિવાદીઓએ સ્વ.હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયા નાઓનું પેઢીનામુ રજુ કરેલ છે.આમ, પ્રતિવાદીઓ તર્ફે રજુ થયેલ ઉપરોક્ત આંક – ૧૨, આંક – ૧૫, આંક – ૧૮ તથા આંક–૧૩૨ તથા રજૂ થયેલ લેખીત દલીલોના કામે ઉપરોક્ત પેઢીનામાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે સદરહુ પેઢીનામુ જોતાં સ્વ.હુરાજી (સુરાજી) ભાથીજી બાંમણીયાના બે પત્નીઓ તેમાં પ્રથમ પત્ની સ્વવજીબેન (પ્રતિવાદીઓની દાદી) તેવું બતાવેલ છે તેમજ બીજા પત્ની સ્વ. ગલીબેન (વાદીઓની દાદી) તેવું બતાવેલ છે અને નીચે (આગળના ઘરનો સાથે લઈને આવેલ પુત્ર) સ્વ.દાનાજી તેવું બતાવેલ છે. આમ, પ્રતિવાદીઓએ સ્વ.હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયાના વાદીઓ તથા પ્રતિવાદીઓ સીધીલીટીના વારસદારો હોવાનું કથન કરી સદરહુ દાવાવાળી જમીન બાબતે હકકદાવો ઉભો કરવાની તજવીજો કરેલ છે આ કામે વાદીઓએ તેઓએ જણાવેલ ઉપરોક્ત જાતે બનાવેલ પેઢીનામા બાબતે કોઈ સક્ષમ અધિકારી સાહેબશ્રીનાઓનું તેઓએ જણાવેલ ઉપરોક્ત પેઢીનામા મુજબનું સહી સિક્કાવાળું કોઈ પેઢીનામુ રજુ કરેલ હોય કે તે મુજબનો કોઈ દસ્તાવેજી સહી સિક્કાવાળો પેઢીનામાવાળો રજુ કરેલ હોય કે તે બાબતે કોઈ સાહેદ દ્બારા ઉપરોક્ત પેઢીનામા મુજબની હકીકતો સાબિત કરેલ હોય તેવું પણ બનેલ નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૦૧ ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાતી હોય છે ન્યાયિક સરળતા ખાતર તે નીચે મુજબ છે કલમ – ૧૦૧ સાબીતીનો બોજો જો કોઈ એક ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબીતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વીશે કોઈ બીજું ન્યાયલય ફેસલો આપે તો તેણે સાબીત કરવું પડશે કે તે હકીકતો અસિત્વમાં છે. કોઈ વ્યક્તિ કોઈ હકીકતનું અસિત્વ સાબીત કરવા બંધાયેલી હોય ત્યારે સાબીતીનો બોજો તે વ્યક્તિ ઉપર છે એમ કહેવાય. આમ, આ કામે પ્રતિવાદીઓએ જાતે સ્વ.હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયાનાઓનું પેઢીનામુ બનાવી રજુ કરેલ છે તે બાબતે કોઈ સક્ષમ અધીકારીની સહી સિક્કાવાળુ પેઢીનામુ રજુ કરેલ હોય કે તેવો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ હોય તેવું બનેલ નથી. આમ, ઉપરોક્ત હકીકતો પ્રતિવાદીઓ તર્ફે પેઢીનામા મુજબ તેઓના કથન મુજબની ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૦૧ મુજબ સાબિત કરવાનો બોજો પ્રતિવાદીઓ ઉપર છે જે પ્રતિવાદીઓ સાબીત કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે.

કોઈપણ માણસનું જીવીત કે મરણ પામેલ ઈસમનું પેઢીનામુ કાયદેસરના વારસદારો બાબતનું બનાવવાનું હોય તો તે પેઢીનામુ બનાવવાની સરકારશ્રી દ્વારા માત્ર ને માત્ર જે તે પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીશ્રીને આપવામાં આવેલ છે આ કામે પ્રતિવાદીઓ દ્વારા તેવા અધીકારીની સહી સિક્કાવાળું પેઢીનામુ કે તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ હોય કે તેવા અધીકારીને તપાસેલ હોય અને સદરહુ તેઓએ જણાવેલ પેઢીનામુ સાબીત કરેલ હોય તેવું બનેલ નથી. આ કામે પ્રતિવાદીઓએ બનાવેલ સદરહુ પેઢીનામામાં બીજી પત્ની વાદીઓની દાદી સ્વ.ગલીબેન અને નીચે (આગળના ઘરનો સાથે લાવેલ પુત્ર) સ્વ.દાનાજી તેવું બતાવેલ છે. આમ, સ્વ.દાનાજી પ્રતિવાદીઓએ ઉપર બતાવેલ સ્વ.હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયાના દીકરા નથી કે સીધીલીટીના વારસદારમાં આવતા નથી. સ્વ.હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયા નાઓએ બીજા પત્ની નાતરૂ કરેલ તે ગલીબેનના આગળના પતિના સ્વ.દાનાજી સંતાન છે તે વાદીઓએ જાતે આંક – ૧૨, આંક – ૧૫ તથા આંક – ૧૮ તથા આંક–૧૩૨ તથા રજુ કરેલ લેખીત દલીલોમાં સદરહુ હકીકતોનો સ્વીકાર કરેલ છે. સદરહુ દાવાવાળી મિલકત ખેતીની જમીન નામદાર કોર્ટમાં વાદીઓ તર્ફે રજુ કરેલ આંક– ૧૦૫ તથા આંક – ૧૦૪ વાળા દસ્તાવેજી પુરાવાઓ જોતાં સદરહુ દાવાવાળી જમીન વાદીઓ પૈકી વાદી નં. ૧ થી ૫ ના પિતાજી કલાજી દાનાજી નાઓને સરકારશ્રી દ્વારા મુળથી માલીકી હકકે વાવેતર કરવા આપેલાનું સ્પષ્ટપણે જણાઈ આવેલ છે. આમ, દાવાવાળી જમીન કલાજી દાનાજી નાઓની સ્વપાર્જીત મિલકત છે સદરહુ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ જણાવેલ સ્વ.હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયા નાઓની માલીકીની આવેલ હોય તેવું પણ નથી. તેમજ સ્વ.દાનાજી ના પિતાજી સ્વ.હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયાના હોય તેવું પણ નથી. સ્વ.દાનાજી નાઓને તેમના માતા ગલીબેન તેમના બીજા પતિના સહવાસથી સ્વ.દાનાજીનો જન્મ થયેલ અને નાતરૂ કરીને આવેલ ત્યારે સાથે લઈને આવેલ છે અને સ્વ.દાનાજી ના કાયદેસરના વારસદાર સ્વ.કલાજી દાનાજી બામણીયા તથા તેમના બીજા દીકરા નાનાજી તથા ભેમાજી આવેલ છે. અને કલાજીના મરણ પછી તેમના પુત્રો આ કામના વાદીઓ પૈકી ૧ થી ૫ ના આવેલ છે અને વાદી નં. ૪ તથા ૫ ના મરણ પછી તેમના સીધીલીટીના વારસદારો હાલના બીજા વાદીઓ આવેલ છે આમ, આ કામના પ્રતિવાદીઓનો દાવાવાળી જમીનમાં કોઈજ કાયદેસરનો લાગભાગ, હકક, હીત, હિસ્સો આવેલ નથી તે આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓથી સ્પષ્ટપણે સાબિત થાય છે.

૯) આ કામના પ્રતિવાદીઓ તર્ફે રજુ થયેલ મૌખીક પુરાવાઓ જોતાં આંક – ૧૩૨ થી પ્રતિવાદી નં.૧ નાઓનું સરતપાસ સોગંદનામુ જુબાની રજુ થયેલ છે જેમાં વાદીઓ તર્ફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં પ્રતિવાદી નં. ૧ નાઓએ સ્પષ્ટ રીતે કબુલ કરેલ છે કે દાવાવાળી ખેતીની જમીન વાદીઓના મર્હુમ વડીલ કલાજી દાનાજી નાઓની માલીકીની મુળથી રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે અને આવેલ છે તેમના મરણ પછી વાદીઓના તથા તેમના બીજા સહવારસદારોના નામો વારસાઈ રીતે દાખલ થયેલ તે નોંધો સામે તેમજ વાદીઓએ દાવાવાળી જમીન ઉપર બેંકો તથા સહકારી સંસ્થા માંથી લોન ધિરાણ લીધેલ તે બાબતે તારણની નોંધો રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ તેની સામે કોઈ વાંધો વિરોધ કે લેખિત વાંધા અરજી અમોએ કે બીજા પ્રતિવાદીઓએ કરેલ હોય કે આપેલ હોય તેવું પણ બનેલ નથી કે સદરહુ નોંધો બાબતે કોઈ અપીલ કરેલ હોય તેવું પણ બનેલ નથી. તેમજ તે હકીકત પણ કબુલ કરેલ છે કે અમો પ્રતિવાદીના પિતાજી કે બીજા પ્રતિવાદીઓના પિતાજી કે અમો પ્રતિવાદીઓ સ્વ.કલાજી દાનાજી ના સીધીલીટીના પેઢીગત વારસદારોમાં આવતા નથી માત્ર વાદીઓ જ આવે છે તે હકીકત પણ પ્રતિવાદી નં.૧ નાઓએ આંક – ૧૩૨ વાળી ઉલટ તપાસમાં કબુલ કરેલ છે અને તે હકીકત પણ કબુલ કરેલ છે કે અમારા પિતાજીની તથા અમારા પિતાજીના બીજા ભાઈઓની જે જમીન આવેલ છે તેમાં અમારા પિતાજીની જમીનમાં વારસાઈ તરીકે અમારા નામો દાખલ થયેલ છે અને અમો ખેતી કરીએ છીએ. તેમજ પ્રતિવાદીઓ તર્ફે આંક – ૧૪૬ થી સાહેદ ખાંટ દીનેશકુમાર ભેમાભાઈ નાઓનું સરતપાસ સોગંદનામું રજુ કરેલ છે તે કામે વાદીઓ તર્ફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ કબુલ કરેલ છે કે હું મોટર સાયકલ રીપેરીગંનું કામ ટીસ્કી મુકામે કરૂ છું એ વાત ખરી છે કે ટીસ્કી મુકામે આવેલ ગેરેજ મારી માલીકીનું છે એ વાત ખરી છે કે આઠેક મહીલા પહેલાં સદર ગેરેજ મારી માલીકીનું થયેલ

અને તે પહેલાં હું ગેરેજમાં નોકરી કરતો હતો. એ વાત ખરી છે કે હું કામ કવા માટે સવારે જાઉ અને રાત્રે પાછી આવું છું. એ વાત ખરી છે કે આ પ્રતિવાદીઓ અમારા ઘરે આવતા જતા હોય છે આમ, પ્રતિવાદીઓ તર્ફે રજુ કરેલ આંક – ૧૪૬ ની સાહેદની ઊલટ તપાસ જોતાં તેઓએ સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે તેઓ કોઈ ખેતી કરતા હોય તેવી કોઈ હકીકત તેઓએ જણાવેલ નથી અને તેઓ મોટર સાયકલનું ગેરેજ ધરાવે છે અને સવારે જાય અને રાત્રે પાછા આવે છે તેમજ પ્રતિવાદીઓ તેમના ઘરે આવતા જતા હોય છે તે હકીકત કબુલ કરેલ છે. આમ, આંક – ૧૪૬ ના સાહેદ પ્રતિવાદીઓના ઓળખીતા મળતીયા હોય તેઓની તરફેણમાં ખોટી જુબાની આપેલાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, આંક – ૧૪૬ ના સાહેદની જુબાનીનું કોઈ સમર્થન પ્રતિવાદીઓને મળતું નથી. તેમને લાભ લેવા તેઓને આ કામે ખોટું સોગંદનામુ કરી જુબાની રજુ કરેલાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. તેમજ પ્રતિવાદીઓ તર્ફે આંક – ૧૪૯ થી સાહેદ પટેલ રણછોડભાઈ શીવાભાઈનાઓને તપાસેલ છે તે કામે વાદીઓ તર્ફે સદરહુ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેઓએ કબુલ કરેલ છે કે મારા પરિવારમાં એક દીકરો અને ત્રણ દીકરીઓ છે એ વાત ખરી છે કે બડોદરાના પ્રતિવાદી પૈકી હીરાજી ફતાજી અને કાન્તીજી ફતાજી અમારા ખેતી કામ કરવા આવે છે તેમને કામ કરવાના પૈસા આપું છું આમ, આંક – ૧૪૯ ના સાહેદે કબુલ કરેલ છે કે પ્રતિવાદીઓ તેમની ખેતીની જમીનમાં ખેતી કરવા માટે આવે છે આમ, પ્રતિવાદીઓ તથા આંક – ૧૪૯ ના સદરહુ સાહેદને સબંધો હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, આંક– ૧૪૯ સદરહુ સાહેદે પ્રતિવાદીઓના ફાયદા માટે તેઓની તરફેણમાં સદરહુ ખોટું સોગંદનામુ કરેલાની સ્પષ્ટપણે જણાઈ આવે છે. તેમજ પ્રતિવાદીઓ તર્ફે આંક – ૧૫૦ થી સાહેદ હાથીજી મોતીજી બામણીયાનાઓને તપાસેલ છે તે કામે વાદીઓ તર્ફે સદરહુ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેઓએ કબુલ કરેલ છે કે મારે ત્રણ સંતાનો છે જેમા લાલાજી હાથીજી, સોમાજી હાથીજી અને કાળાજી હાથજી છે અને તેઓ અલગ રહે છે હું મારા નાના બાબા જોડે રહું છું એ વાત ખરી છે કે મારી પોતાની જ્મીન મારા છોકરાઓ વચ્ચે વહેચણી કરી દીધેલ છે અને વહેચણી કરેલ તે મુજબ મારા છોકરાઓ ખેતી કરે છે તેમજ એ વાત પણ કબુલ કરેલ છે કે એ વાત ખરી છે કે મે લગ્ન રીંછવાડ ગામે કરેલ છે અને મારા પત્ની હયાત છે એ વાત ખરી છે કે પ્રતિવાદી રમણજી મોતીજીને ઓળખુ છું એ વાત ખરી છે કે રમણજી મોતીજીએ પણ રીંછવાડ મુકામે લગ્ન કરેલ અને તેમના પત્નીનું નામ દીવાબેન છે એ વાત ખરી છે કેમારા પત્ની શાન્તાબેન રમણજીની પત્ની દીવાબેનના સગા ફોઈ થાય છે. આમ, આ કામે પ્રતિવાદીઓ તર્ફે તપાસેલ આંક – ૧૫૦ વાળા સાહેદ તેમની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે પ્રતિવાદી નં. ૧ ના પત્ની તથા સદરહુ સાહેદના પત્ની બંને સગા ફોઈ થાય છે. આમ, આ કામના સાહેદ આંક – ૧૫૦ વાળા નાઓએ પ્રતિવાદી નં. ૧રમણજી મોતીજી નાઓ સાથે સામાજીક સબંધ હોય તેઓની તરફેણ કરવા અને તેઓને લાભ થાય તે માટે સદરહુ ખોટું સોગંદનામુ કરી જુબાની આપેલાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, આંક – ૧૫૦ સદરહુ સાહેદે પ્રતિવાદીઓના ફાયદા માટે તેઓની તરફેણમાં સદરહુ ખોટું સોગંદનામુ કરેલાની સ્પષ્ટપણે જણાઈ આવે છે. તેમજ આ કામના પ્રતિવાદીઓ તર્ફે આંક – ૧૨૪ તથા આંક – ૧૨૫ તથા આંક – ૧૩૬ થી આંક – ૧૪૪ તથા આંક – ૧૫૪ તથા આંક – ૧૫૫ તથા આંક – ૧૬૫ તથા આંક– ૧૬૬ વાળા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે જેમાં આંક – ૧૨૪ થી મોડાસાના મે.ચીફ જ્યુડી.મેજી.સાહેબશ્રીનાઓની કોર્ટના ક્રિ.કેસ નં. ૧૧/૨૦૧૯ ના કામે થયેલ જુબાની (મૌખિક પુરાવા)ની નકલ રજુ કરેલ છે તેમજ આંક – ૧૨૫ થી તે કામે રજુ થયેલ જુબાનીની નકલ રજુ કરેલ છે તેમજ આંક – ૧૪૨ થી તે કામે થયેલ ફરીયાદની નકલ તથા આંક –૧૪૩ થી તે કામે થયેલ ચાર્જશીટની નકલ રજુ કરેલ છે અને સદરહુ દસ્તાવેજો ઉપર ભાર મુકી કબજો દાવાવાળી જમીનમાં આવેલ હોવાનું સાબીત કરવાનો પ્રયત્ન કરેલ છે તે બાબતે નામદાર કોર્ટને માનસર જણાવવાનું કે, સદરહુ કેસ દાખલ થયેલ તે સમયે ભારતીય ફોજદારી ધારો અસ્તિત્વમાં હતો. ભારતીય ફોજદારી ધારાની જોગવાઈઓ અને સીવીલ ધારાની જોગવાઈઓ અલગ હકીકતો જટીલ આવે છે કોઈપણ સ્થાવર મિલકત બાબતે હક દાવો સાબિત કરવા બાબતે સીવીલ કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવાની હોય છે. આ કામના પ્રતિવાદીઓએ નામદાર કોર્ટમાં રજુ કરેલ આંક – ૧૨૪ તથા આંક – ૧૨૫ ની જુબાનીઓ જોવામાં આવે તો સદરહુ ફોજદારી અદલિલોકો છે. જે તે સમયના પ્રિસાઈડીંગ ઓફીસર સમક્ષ સદરહુ જુબાનીઓ કેવા સંજોગોમાં અને કઈ રીતે થયેલ છે તે આ કામે

સીધેસીધી લાભ માટે ઉપયોગમાં લઈ શકાય નહીં. હાલનો દાવો નામદાર કોર્ટમાં દાખલ થયેલ છે તે દાવાના કામે જુબાની આપનાર આંક – ૧૨૪ તથા આંક– ૧૨૫ ના સાહેદો એકલા જ માલીક હોય તેવું પણ નથી. સદરહુ દાવાવાળી જમીન વાદીઓની સંયુક્ત માલીકીની આવેલ છે આમ, ફોજદારી અદાલતની સદરહુ જુબાનીઓ આ કામના સહહિસ્સેદાર વાદીઓને કોઈજ રીતે લાગુ પડતી નથી. જેથી આ કામે સીધેસીધી વંચાણે લેવાય નહીં. આમ, પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ સદરહુ આંક –૧૨૪, આંક – ૧૨૫ તથા આંક – ૧૪૨ તથા આંક – ૧૪૩ નાઓની કોઈજ રીતે સમર્થન પુરૂ પાડતી નથી. જેથી આ કામે વંચાણે ન લેવા વાદીઓ તર્ફે માનસર અરજ વિનંતિ છે. તેમજ પ્રતિવાદીઓ તર્ફે આંક– ૧૩૬, આંક – ૧૩૭ તથા આંક – ૧૩૮ તથા આંક–૧૩૯ તથા આંક – ૧૪૦ થી તેઓના નામવાળા પાણી પત્રક સદરહુ દાવાવાળી જમીનમાં થયેલાનું બતાવી રજુ કરેલ છે સદરહુ દસ્તાવેજોને કોઈ સક્ષમ અધિકારી દ્વારા આ કામે તપાસી સાબીત કરેલ હોય તેવું પણ બનેલ નથી. જે તે સમયે રેવન્યુ રેકર્ડ તલાટી કમ મંત્રીઓના તાબામાં રહેતું હતું જેથી જે તે સમયે જે તે સમયના ફરજ પરના તલાટી કમ મંત્રીઓ સાથે ભળી જઈ આવું ખોટું રેકર્ડ ઉભું કરેલ હોઈ શકે. અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૦૧ મુજબ જ્યાં સુધી કોઈ સક્ષમ અધીકારી દ્વારા તપાસી સાબીત કરવામાં ન આવે ત્યાં સુધી આવા દસ્તાવેજોને સીધેસીધા વંચાણે લઈ શકાય નહીં. જેથી પ્રતિવાદીઓએ રજુ કરેલ સદરહુ દસ્તાવેજો વંચાણે ન લેવા વાદીઓ તરફે અરજ વિનંતિ છે.

૧૦) આ કામે વાદીઓ તર્ફે નામદાર કોર્ટને માનસર જણાવવાનું છે, સદરહુ દાવાના કામે આંક– ૧૦૩ થી નોંધ નં.૯૩૩ આ કામના પ્રતિવાદીઓ દ્વાર ાસદરહુ દાવાવાળી જમીનમાં નામો દાખલ કરવા બાબતે દાખલ કરવામાં આવેલ. જે આંક– ૧૦૩ વાળી નોંધ નં.૯૩૩ જે તે સમયે સક્ષમ અધિકારી દ્વારા નામંજુર રદ કરવામાં આવેલ છે. જે હકીકતો સદરહુ નોંધના શેરામાં ઉલ્લેખ કરવામાં આવેલ છે અને નામંજુર રદ કરવાનું જે કારણ બતાવેલ છે તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે નોંધમાં દેશાવેલ મિલકતના પેઢીગત વારસદારમાં આવતા ન હોઈ નામંજુર રદ તેવો શેરો કરી નામંજુર રદ કરવામાં આવેલ છે. આમ, આ કામના પ્રતિવાદીઓએ જે ખોટી નોંધ નં.૯૩૩ દાખલ કરેલ તેમાં જણાવેલ મિલકત ખેતીની જમીન હાલની દાવાવાળી ખેતીની જમીનનો ઉલ્લેખ કરેલ છે. જો આ કામના પ્રતિવાદીઓ પેઢીગત વારસાઈ રીતે સદરહુ દાવાવાળી જમીનમાં કોઈ હકક, હિત, હિસ્સો, લાગભાગ ધરાવતા હોત તો સદરહુ નોંધ પ્રમાણિત મંજુર થઈ ગઈ હોત, નામંજુર થતી નહીં અને સદરહુ નામંજુર રદ હુકમની સામે જો પ્રતિવાદીઓ સદરહુ દાવાવાળી જમીનમાં કોઈ હકક, હીત, હિસ્સો ધરાવતા હોત તો તેની સામે સક્ષમ રેવન્યુ ઓથોરીટી સમક્ષ અપીલ રાહે દાદ માગી શકતા હતા તેવી કોઈ અપીલ કરેલ હોય કે તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવોર જુ કરેલ હોય તેવું પણ બનેલ નથી. તેમજ પ્રતિવાદીઓ તરફે આ કામના પ્રતિવાદી નં. ૧ નાઓએ આંક – ૧૩૨ થી સરતપાસ સોગંદનામુ જુબાની નામદાર કોર્ટમાં રજુ કરેલ છે તે કામે વાદીઓ તર્ફે ઊલટ તપાસ લેવામાં આવેલ તેમાં આ કામના પ્રતિવાદી નં. ૧ નાઓએ એ સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે આંક – ૧૦૩ બતાવવામાં આવે જે જોઈને કહું છું કે નોંધ નં. ૯૩૩ વાળી નોંધ તા. ૨૬/૦૪/૨૦૧૦ ના રોજ દાખલ કરેલ તે તા. ૧૧/૦૬/૨૦૧૦ ના રોજ નામંજુર કરવામાં આવેલ હતી. જેની વિરૂધ્ધ અમોએ કોઈ અપીલ કરેલ નથી. એ વાત ખરી છે કે સદર દાવાવાળી જમીન બાબતે નામદાર કોર્ટમાં દાવો દાખલ થયેલ તે પહેલાં અને તે પછી વખતો વખત વારસાઈ બાબતે તેમજ ધિરાણ બાબતે નોંધો દાખલ થયેલ છે તે વિરૂધ્ધ અમો પ્રતિવાદીએ કે બીજા સહપ્રતિવાદીઓએ રેવન્યુ અધીકારી સાહેબો સમક્ષ કોઈ લેખિત અરજી કે વાંધો રજુ કરેલ નથી. આમ, આ કામના વાદીઓ દાવાવાળી જમીનમાં વારસાઈ રીતે કોઈજ હકક્ક, હીત, હિસ્સો ધરાવતા નથી તે સદરહુ આંક – ૧૦૩ વાળી નોંધ નં.૯૩૩ તથા આ કામે પ્રતિવાદીઓ તર્ફે રજુ થયેલ આંક – ૧૩૨ ની વાદીઓ તરફે થયેલ ઊલટ તપાસ જોતાં સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ, સદરહુ દાવાના કામે કેસનો ગુણદોષ મુજબ ન્યા નિર્ણય કરવા માટે સદરહુ આંક–૧૦૩ વાળો દસ્તાવેજી પુરાવો અગત્યનો પુરાવો હોઈ આ કામે વંચાણે લેવા અરજ વિનંતિ છે.

૧૧) આ કામે આ કામના વાદીઓ તર્ફે આંક – ૧૦૧ થી આંક – ૧૨૦ વાળા તથા આંક – ૧૨૭વાળા દસ્તાવેજી પુરાવાઓ આ કામના પ્રતિવાદીઓ તર્ફે નામદાર કોર્ટમાં રજુ કરેલ આંક– ૧૩૨ ની સરતપાસ જુબાનીના કામે વાદીઓ તરફે થયેલ ઊલટ તપાસમાં સદરહુ તમામ દસ્તાવેજો ઊલટ તપાસમાં રીફર કરી સાબીત કરવામાં આવેલ છે આમ, આ કામના વાદીઓ

તરફે રજુ થયેલ ઉપરોક્ત આંક – ૧૦૧ થી આંક – ૧૨૦ વાળા તથા આંક – ૧૨૭ વાળા તમામ દસ્તાવેજો કાયદેસર રીતે સાબિત કરવામાં આવેલ છે જેથી આ કામે વંચાણે લેવા માનસર અરજ વિનંતિ છે. આ કામના પ્રતિવાદીઓ તર્ફે દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓએ હકક દાવો ઉભો કરવા નામદાર કોર્ટમાં રજુ કરેલ આંક – ૧૨ વાળો લેખીત જવાબ, આંક – ૧૫ વાળો કાઉન્ટર કલેઈમ (પ્રતિ સામે દાવો) તથા આંક – ૧૩૨ થી રજુ કરેલ સરતપાસ જુબાની તથા રજુ કરેલ લેખિત દલીલોના કામે સદરહુ દાવાવાળી જમીન બાબતે જે મર્હુમ વડીલ સ્વ.હુરાજી(સુરાજી) ભાથીજી બામણીયાના પ્રતિવાદીઓ સીધીલીટીના વારસદારો હોય તેવો કોઈજ દસ્તાવેજી પુરાવો સક્ષમ અધીકારીનો રજુ કરેલ નથી તેમજ વાદીઓ સ્વ.હુરાજી(સુરાજી) ભાથીજી બામણીયા ના સીધીલીટીના વારસદારો હોય તેવું પણ નથી દાવાવાળી જમીન નામદાર કોર્ટના મુદ્ધા નં.૩ મુજબ વાદીઓના સ્વ.વડીલ કલાજી દાનાજી બામણીયાનાઓને માલીકી હકકે આપેલ છે અને સદરહુ દાવાવાળી જમીન કલાજીની સ્વપાર્જીત જમીન છે તે વાદીઓ તર્ફે આંક – ૧૦૪ તથા આંક – ૧૦૫ ના દસ્તાવેજી પુરાવાઓથી સાબિત કરવામાં આવેલ છે સદરહુ દાવાવાળી જમીનના મુળ માલીક કલાજી બામણીયા સ્વ.દાનાજીના દીકરા હતા અને દાનાજી સ્વ.હુરાજી(સુરાજી) ભાથીજી બામણીયાના કાયદેસરના દીકરા કે વારસદાર નથી. તેમની માતા તેમને સાથે લઈને આવેલ. આમ, સ્વ.દાનાજીના પિતાજી તેમની માતા ગલીબેનના બીજા પતિ હતા. આમ, વાદીઓની સદરહુ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કોઈજ પેઢીગત વારસાઈ રીતે હકક, હિત સમાયેલ નથી કે આવેલ નથી કે કોઈજ લાગ, ભાગ, હકક, હિસ્સો આવેલ નથી. સદરહુ દાવાવાળી જમીન દાવા તારીખે દાવા તારીખ પહેલાં અને આજની તારીખે પણ આ કામના વાદીઓના સ્વતંત્ર કબજા ભોગવટામાં આવેલ છે અને માલીકીની આવેલ છે તે બાબતે વાદીઓ તરફે આંક – ૧૦૧ થી આંક – ૧૨૦ તથા આંક – ૧૨૭ વાળા દસ્તાવેજી પુરાવાઓથી સ્પષ્ટપણે સાબિત કરેલ છે અને પ્રતિવાદીઓ તરફે આંક – ૧૩૨ થી આ કામના પ્રતિવાદી નં.૧ નાઓની સરતપાસ જુબાની રજુ થયેલ તે કામે વાદીઓ તરફે થયેલ ઉલટ તપાસમાં સદરહુ હકીકતોને સમર્થન આપેલ છે આમ, દાવાવાળી જમીન વાદીઓની માલીકી કબજા ભોગવટાની આવેલાનું નામદાર કોર્ટ દ્ધારા આંક – ૪૧ થી મુદ્ધા નં.૧ થી ૬ કાઢવામાં આવેલ તે મુજબ સ્પષ્ટપણે દસ્તાવેજી પુરાવાઓથી સાબીત કરવામાં આવેલ છે. આમ, આ કામના વાદીઓ તર્ફે નામદાર કોર્ટને માનસર જણાવવાનું કે, વાદીઓ તર્ફે નામદાર કોર્ટમાં દાખલ કરેલ આંક – ૧ ના દાવાના કામે ઉપરોક્ત હકીકતો મુજબ દસ્તાવેજી પુરાવાઓથી વાદીઓ સદરહુ દાવાવાળી જમીનના સ્વતંત્ર માલીક અને કબજેદાર હોવાનું સ્પષ્ટપણે સાબિત કરેલ હોઈ વાદીઓએ દાખલ કરેલ આંક – ૧ ની દાવા અરજી મંજુર કરી દાવા અરજીમાં જણાવેલ દાદ મંજુર કરવા માનસર અરજ વિનંતિ છે. આ કામે નામદાર કોર્ટ દ્ધારા વાદીઓ તરફે દાખલ કરેલ આંક –૫ ના હુકમની સામે વાદીઓએ મે.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સાહેબશ્રીનાઓની કોર્ટમાં સી.એફ.ઓ.નં.૨/૨૦૨૦ થી અપીલ દાખલ કરેલ જે રદ થતાં હાલના વાદીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સદરહુ મે.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સાહેબશ્રીનાઓની કોર્ટના તા.૨૦/૦૨/૨૦૨૩ ના હુકમની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૫૦૦૫/૨૦૨૩ થી અપીલ રીટ દાખલ કરેલ છે જે હાલ પેન્ડીંગ છે કોઈ ન્યાય નિર્ણય થયેલ નથી. જેના ઓનલાઈન સ્ટેટસની નકલ તથા તે કામે થયેલ નોટીસના હુકમની નકલ આ સાથે સામેલ છે. દાવા અરજીની હકીકતોને ,વાદી નં.૧ ના સરતપાસના સોગં દનામાની હકીકતોને તેમજ વાદી તરફે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓને દોહરાવીને વાદીઓએ પોતાના પુરાવાથી દાવાની હકીકતો પુરવાર કરેલ હોઈ વાદીઓનો દાવો મંજુર કરવા વિનંતી કરેલ છે.

**(૭)** ઉપરોકત હકીકતોએ સમગ્ર પુરાવો પુરો થયા બાદ પ્રતિવાદીઓ પક્ષે વિ.વ.શ્રીએ આંક–૧૬૯ થી લેખીત દલીલો રજુ કરી જણાવેલ કે, ૧) મોજે બડોદરા તા.મોડાસાની સીમના સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની ખેતીની જમીન ક્ષેત્રફળ હે.૩–૦૧–૫૫ આરે

ચો.મી.ની આ કામના પક્ષકારોની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડે સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે. આ કામના વાદીઓએ સદરહુ સર્વે નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની ખેતીની જમીન ક્ષેત્રફળ હે.૩–૦૧–૫૫ આરે ચો.મી.ની તેમની એટલે કે વાદીઓની સ્વતંત્ર માલિકીની આવેલ છે તેવી ખોટી તથા ઉપજાવી કાઢેલ હકીકતો જણાવી આ કામે આંક:૦૧ વાળો દાવો. ના.કોર્ટમાં દાખલ કરેલ છે. આ દાવાની નોટીસની આ કામના પ્રતિવાદીઓને બજવણી થતા આ કામના પ્રતિવાદીઓએ ના.કોર્ટમાં દાવાના કામે આંક:૧૨ થી દાવાનો જવાબ આપેલ, તથા જવાબ સાથે આંક:૧૫ થી પ્રતિવાદીએ કાઉન્ટર કલેઈમ આ દાવાના કામે ( આપેલ. જે આંક:૧૫ વાળા કાઉન્ટર કલેઈમ (દાવા)ની હકીકતો નીચે મુજબ છે.

૨) આ કામના પક્ષકારોની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની ખેતીની જમીન મોજે બડોદરા તા.મોડાસાની સીમના સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની ક્ષેત્રફળ હે.૩–૦૧–૫૫ આરે ચો.મી.ની આવેલ છે. જે જમીન આ કામના પક્ષકારોના વડવાઓએ ઘરમેળ સ્થળે કરેલ વહેચણી મુજબ અડધી અડધી એટલે કે વચ્ચે આવેલ ઉત્તર–દક્ષિણના શેઢાથી વાદીઓની પૂર્વ તરફની સદરહ સર્વે નંબરની અડધી જમીન તથા આ કામના પ્રતિવાદીઓની પશ્ચિમ તરફના ભાગલાની સદરહ સર્વે નંબરની દાવાવાળી અડધી જમીન એમ સ્થળે ભાગલા પાડીને વર્ષોથી એટલે કે ઉપરની વિગતે પક્ષકારો વડવાઓ વખતથી વાવેતર કરી પ્રથમ પક્ષકારોના વડવા તથા તે પછી આ કામના પક્ષકારો પોત પોતાના હિસ્સામાં ખેડી ઉપજ લેતા આવેલ છે તથા આ કામના પક્ષકારોના ઉપર મુજબના ભાગલા ઉપરની વિગતે સ્થળે આવેલ ઉત્તર–દક્ષિણ શેઢાથી જુદા પડે છે. પૂર્વના વાદીઓના ભાગમાં ત્રણ મુખ્ય ભાગ તથા તેમાં પેટા ભાગલા પાડી વાદીઓ વાવેતર કરી ઉપજ લે છે તેવી જ રીતે આ કામના પ્રતિવાદીઓના પશ્ચિમ તરફના ભાગલામાં, પ્રતિવાદીઓ ત્રણ ભાગલા કરી ખેતી કરાવી ઉપજ લે છે. જે સ.નં.૨૫૮(જુનો સ.નં.૨૦૯) પૈકીની આ કામના પ્રતિવાદીઓના હીસ્સાની ઉત્તર દક્ષિણ શેઢાની પશ્ચિમ તરફના ભાગલાની જમીનના ખુંટ ચારનું વર્ણન નીચે મુજબ છે.

પુર્વે:–આ કામના વાદીઓની સ.નં.૨૫૮ (જુનો સ.નં.૨૦૯) પૈકીની તેમના હીસ્સાની શેઢાથી પૂર્વ તરફની અડધી જમીન આવેલ છે.
પશ્ચિમે:–ભેમાજી ભુરાજી ખાંટની જમીન આવેલ છે.
ઉત્તરે:–વલ્લાવાંટા જતો પાકો ડામર રોડ આવેલ છે.
દક્ષીણે:–વેચાતભાઈ ખેમાભાઈની જમીન આવેલ છે.
ઉપરોક્ત ખુંટ ચારના વર્ણન વચ્ચેની આ કામના પ્રતિવાદીઓની સદરહુ ખેતીની જમીનને હવે પછી આ દલીલોના કામે "દાવાવાળી જમીન" તરીકે વર્ણવેલ છે.

૩) આ દાવાના કામના પક્ષકારો, પક્ષકારોના વડવા સ્વ.હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયાના વારસો છે. આ કામના પક્ષકારોના વડવા સ્વ.હુરાજી ભાથીજીએ પ્રથમ લગ્ન બામણીયા વજીબેન સાથે કરેલ. લગ્ન પછી વજીબેન થકી સંતાનો ન થતાં, મોજે રામપુરના ગલીબેન કે જેઓને કોઠી, તા.માલપુર મુકામે વાઘાજી ખાંટ સાથે પરણાવેલ અને વાઘાજી સાથેના લગ્નજીવન તથા સહવાસથી વાદીઓના દાદીને વાદીઓના વડવા દાનાજી ખાંટ (બામણીયા) નો જન્મ થયેલ. તેમના જન્મ પછી તેમના પિતા અને વાદીઓના દાદી ગલીબેનના પતિ ખાંટ વાઘાજીનું અવસાન થયેલ. આમ ગલીબેન વિધવા થયેલ. આ ગલીબેનને પક્ષકારોના વડવા હુરાજી બામણીયા સામાજીક રીતરીવાજો મુજબ લગ્ન કરી બીજી પત્ની તરીકે લાવેલ. તથા ગલીબેન વાદીઓના દાદા ખાંટ દાંનાજી કે જેઓ ગલીબેનના વાઘાજી ખાંટ સાથેના પ્રથમ લગ્ન જીવનના સહવાસથી જન્મેલ આ દાંનાજી ખાંટને સાથે લઈને આવેલ, અને આમ પક્ષકારોના વડવા હુરાજી બામણીયાએ ગલીબેનને તેમના અગાઉના ઘર(કોઠી)થી થયેલ પુત્ર દાનાજી સાથે સ્વીકારેલ. તે પછી પક્ષકારો વડવા હુરાજી ભાથીજીના પ્રથમ પત્ની એટલે કે પક્ષકારોના દાદી વજીબેને ત્રણ પુત્રોને જન્મ આપેલ. જેમાં આ કામના પ્રતિવાદી નં.૧ ના પિતા (૧) સ્વ.મોતીજી હુરાજી (સુરાજી)બામણીયા; આ કામના પ્રતિવાદી

નં.૨ ફતાજી હુરાજી (સુરાજી) બામણીયા અને પ્રતિવાદી નં.૩ માલાજી હુરાજી(સુરાજી) બામણીયાનાઓ છે/હતા.પક્ષકારોના વડવા હુરાજી(સુરાજી) ભાથીજી બામણીયાનું પેઢીનામું રજુ કરેલ છે.આ ગલીબેનને પક્ષકારોના વડવા હુરાજી બામણીયા સામાજીક રીતરીવાજો મુજબ લગ્ન કરી બીજી પત્ની તરીકે લાવેલ. તથા ગલીબેન વાદીઓના દાદા ખાંટ દાંનાજી કે જેઓ ગલીબેનના વાઘાજી ખાંટ સાથેના પ્રથમ લગ્ન જીવનના સહવાસથી જન્મેલ આ દાંનાજી ખાંટને સાથે લઈને આવેલ, અને આમ પક્ષકારોના વડવા હુરાજી બામણીયાએ ગલીબેનને તેમના અગાઉના ઘર(કોઠી)થી થયેલ પુત્ર દાનાજી સાથે સ્વીકારેલ. તે પછી પક્ષકારો વડવા હુરાજી ભાથીજીના પ્રથમ પત્ની એટલે કે પક્ષકારોના દાદી વજીબેને ત્રણ પુત્રોને જન્મ આપેલ. જેમાં આ કામના પ્રતિવાદી નં.૧ ના પિતા (૧) સ્વ.મોતીજી હુરાજી (સુરાજી)બામણીયા; આ કામના પ્રતિવાદી નં.૨ ફતાજી હુરાજી (સુરાજી) બામણીયા અને પ્રતિવાદી નં.૩ માલાજી હુરાજી (સુરાજી) બામણીયાનાઓ છે/હતા. પક્ષકારોના વડવા હુરાજી(સુરાજી) ભાથીજી બામણીયાનું પેઢીનામું રજુ કરેલ.

૪) આમ ઉપર જણાવ્યા મુજબના પેઢીનામા મુજબ પક્ષકારો એક જ વડવાના સંતાનો છે. વર્ષો પૂર્વે પક્ષકારોના વડવા હુરાજી ભાથીજી બામણીયા દાવાવાળી જમીન ખેડી ઉપજ લેતા હતા. તે પછી પક્ષકારોના વડવા હુરાજી ઉમર લાયક થતાં તેમના ચાર પુત્રો વચ્ચે સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની ખેતીની તેમના ખેડાણ હેઠળની જમીન સરખે ભાગે વહેચી આપવા તજવીજ કરતાં વાદીઓની દાદી ગલીબેને વાંધો લીધેલ. અને પક્ષકારોના વડવા હુરાજીને જણાવેલ કે દાવાવાળી જમીનમાં બે સરખા ભાગ પાડો અને અડધો ભાગ તેમના અગાઉના પતિ સ્વ.વાઘાજી ખાંટ થકી જન્મેલ દીકરા દાંનાજી (વાદીઓના દાદાને) આપો અને અડધો ભાગ તમારી અગાઉની પત્ની વજીબેનના ત્રણ દીકરાઓને આપો. કાયદેસર રીતે વાદીઓના વડવા દાંનાજીને અમારા વડવા હુરાજી (સુરાજી) ની કોઈપણ મિલકતમાં ભાગ માગવાનો કે ભાગ લેવાનો હક નહોતો. વળી તેમના માતૃશ્રી ગલીબેનને પણ તેમના આગળના ઘરના દીકરા દાંનાજી માટે અડધો ભાગ દાવાવાળી જમીનમાં માગવાનો કે મેળવવાનો કોઈ હક કે અધિકાર નહોતો અને નથી. જેથી પક્ષકારોના વડવાએ મજબુરીથી સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની જમીનના બે સરખા હીસ્સા કરી, સદરહુ સર્વે નંબરની જમીન પૈકીની પૂર્વ તરફની જમીન વાદીઓના દાદા દાનાજીના હીસ્સામાં સ્થળે આપેલ અને પશ્ચિમ તરફની અડધી જમીન આ કામના પ્રતિવાદી નં.૧ ના પિતા, પ્રતિવાદી નં.૨ તથા નં.૩ ને સ્થળે આપેલ. પરંતુ પક્ષકારોના વડવાઓ સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. તે વખતે દાનાજી મોટા હોવાના કારણે સંયુક્ત કુટુંબનો વહીવટ દાનાજી કરતા હતા. આ કામના પક્ષકારોના સંયુક્ત કુટુંબનો વહીવટ દાનાજી પછી તેમના મોટા દીકરા કલાજીએ સંભાળેલ. દરમ્યાન સરકારશ્રીએ ખેડૂતોના ખેડાણ હેઠળની સરકારી ખેતીની જમીનો જુના કબજેદારોને કબજા આધારે જમીન માલિકી હકે આપવાનો નિર્ણય કરતાં, પક્ષકારોના સંયુક્ત કુટુંબનો વહીવટ કરતા કલાજીએ દાવાવાળી સ.નં.૨૦૯ ની ખેતીની જમીન તેમના નામે ગ્રાન્ટ કરાવેલ. પરંતુ હકીકતમાં ઉપર જણાવ્યા મુજબ દાવાવાળી જમીન જે જે પક્ષકારોના ભાગમાં આવ્યા મુજબની જમીન સ્થળે જે તે પક્ષકારો ખેડતા હતા અને ખેડે છે અને દાવાવાળી જમીન નવી શરતે મળેલ હોઈ જૂની શરતની થયેલ નહી, ત્યાં સુધી પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવેલ નહી. પરંતુ જૂની શરતની થયા પછી આ કામના વાદી નં.૨ નાએ, પ્રતિવાદી નં.૧ થી નં.૩ તથા વાદીઓના કાકાના દીકરા મંગાજી નાનાજી તથા દાલાજી ભેમાજીના નામો સંયુક્ત હિસ્સેદારો તરીકે સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) વાળી દાવાવાળી જમીનમાં દાખલ કરવા, તેમની સહીથી મામલતદારથી મોડાસાને અરજી આપેલ. જે અરજી આધારે મામલતદારશ્રી મોડાસાનાએ મોજે બડોદરાના ગામ નમુના નં.૬ માં નોંધ નંબર:૯૩૩ તા.૨૬/૦૪/૨૦૧૦ ના રોજ પાડેલ. આ નોંધ વાદીઓની સંમતિથી વાદી નં.૨ નાએ પાડી આપેલ. જે સામે વાદીઓ કે તેમના કુટુંબના સભ્યોએ કે બીજા કોઈએ વાંધો લીધેલ નહી. પરંતુ રેવન્યુ અધિકારીઓ કોઈ અગમ્ય કારણોસર ખોટું કારણ આપી, આ નોધ નં.૯૩૩ એકતરફી રીતે નામંજુર કરેલ. પરંતુ વાદીઓએ ફરીથી પ્રતિવાદીઓ તથા તેમના કાકાના દીકરાઓના નામો સહહિસ્સેદારો તરીકે દાખલ કરાવી આપવાની હૈયાધારણ આપી, વાયદા કરે જતા હતા. પરંતુ પ્રતિવાદીઓના આશ્ચર્ય વચ્ચે આ દાવાની નોટીસો પ્રતિવાદીઓને મળેલ છે.

૫) હકીકતમાં સ્થળે દાવાવાળી જમીન પૈકી અડધી પૂર્વ તરફની જમીન વાદીઓ અને તેમના કાકાઓના છોકરાઓના કબજે ભોગવટે છે અને વચ્ચેથી પશ્ચિમ તરફની અડધી જમીન પ્રતિવાદી નં.૧, ૨, ૩ ના ભાગે પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ છે. પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાઓ તેમના હીસ્સાની પશ્ચિમ તરફની જમીનમાં ઉત્તર–દક્ષિણ દિશાના ત્રણ હીસ્સા પાડી ખેતી કરાવે છે. તેવી જ રીતે વાદીઓ વચ્ચેથી પૂર્વના હીસ્સામાં મુખ્ય ત્રણ હીસ્સા તેમજ તેમાં પણ પેટા હીસ્સા પાડી દાવાવાળી જમીનમાં ખેતી કરાવી ઉપજ લે છે. સ્થળની આ વાસ્તવિકતા છે જે કોર્ટ કમિશનરશ્રીએ કરેલ આંક: ૧૫૪ વાળા પંચનામા તથા આંક:૧૫૫ વાળા નકશાથી સ્પષ્ટ સાબિત થાય છે. દાવાવાળી જમીનમાં પ્ર.વાદી નં.૧ ના પિતા તથા પ્રતિવાદી નં.૨ અને નં.૩ નું વર્ષો સુધીનું પાણીપત્રક થયેલ છે અને તેમના નામો પાણીપત્રકમાં દાખલ થયેલ છે. ઉપરોક્ત હકીકતો સાથે કાઉન્ટર દાવાના પેરા નં.૬ માં માગ્યા મુજબની આ કામના પ્રતિવાદીઓએ દાદ માંગેલ. તે પછી વાદીઓએ તેમના દાવાના સમર્થનમાં તથા પ્રતિવાદીઓએ તેમના આંક:૧૫ વાળા કાઉન્ટર દાવાના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા રજુ કરેલ છે.

૬) ઉપર મુજબ અમો પક્ષકારોના પ્લીડીંગ આધારે ના.કોર્ટે
આંક:૪૧ થી નીચે મુજબ મુદ્દા (ઇસ્યુ) ફ્રેમ કરેલ છે.આંક:૫૮ અને આંક:૬૩ ની અરજી હેઠળ હુકમ મુજબ વધારાના મુદ્દા કાઢવામાં આવેલ છે.

૭) ઈસ્યુ વાઈજ દલીલો નીચે મુજબ કરીએ છીએ.ઇસ્યુ નં.૧ થી ઇસ્યુ નં.૫ અંગે દલીલો..
ઇસ્યુ નં.૧ થી ઇસ્યુ નં.૫ એકબીજા સાથે સંકળાયેલા હોય હકીકતનું પુનરાવર્તન ટાળવા ઇસ્યુ નં.૧ થી ઇસ્યુ નં.૫ ની દલીલો એક સાથે કરીએ છીએ. ઇસ્યુ નં.૧ થી ઇસ્યુ નં.૫ સાબિત કરવાનું બર્ડન વાદીઓના શીરે છે. આ કામે ઇસ્યુ નં.૧ થી ઇસ્યુ નં.૫ સાબિત કરવા વાદીઓએ કોઈ મજબૂત પુરાવો રજૂ કરેલ નથી આ કામના પક્ષકારો એકજ વડવા/વડીલ/પરદાદા/હુંરાજી (સુરાજી) ભાથીજી બામણીયાના સંતાનો છે. અગાઉ પરદાદા સુરાજીનું પેઢીનામું અગાઉના પેરા નં.૩ તથા આ પેરામાં પણ નીચે જણાવ્યા/બતાવ્યા મુજબનું છે.આ દાવાના કામના પક્ષકારો, પક્ષકારોના વડવા સ્વ.હુરાજી (સુરાજી)ભાથીજી બામણીયાના સંતાનો/વારસો છે પક્ષકારોના વડવા સ્વ.હુરાજી (સુરાજી) ભાથીજીએ પ્રથમ લગ્ન બામણીયા વજીબેન સાથે કરેલ. લગ્ન પછી વજીબેન થકી સંતાનો ન થતાં, મોજે રામપુરના ગલીબેન કે જેઓને કોઠી, તા.માલપુર મુકામે વાઘાજી ખાંટ સાથે પરણાવેલ અને વાઘાજી સાથેના લગ્નજીવન તથા સહવાસથી વાદીઓના દાદીને વાદીઓના વડવા દાનાજી ખાંટ(બામણીયા) નો જન્મ થયેલ. તેમના જન્મ પછી તેમના પિતા અને વાદીઓના દાદી ગલીબેનના પતિ ખાંટ વાઘાજીનું અવસાન થયેલ. આમ ગલીબેન વિધવા થયેલ. જેમને અમારા વડવા હુરાજી (સુરાજી) બામણીયા સામાજીક રીત રીવાજ મુજબનું લગ્ન કરી બીજી પત્ની તરીકે લાવેલ. તથા ગલીબેન વાદીઓના દાદા ખાંટ દાંનાજી કે જેઓ અગાઉ ગલીબેનના વાઘાજી ખાંટ સાથેના પ્રથમ લગ્ન જીવનના સહવાસથી જન્મેલ અને આ દાંનાજી ખાંટને આંગડીપાત્ર તરીકે સાથે લઈને આવેલ અને આમ અમો પક્ષકારોના વડવા હુરાજી (સુરાજી) બામણીયાએ ગલીબેનને તેમના અગાઉના ઘર(કોઠી)થી થયેલ પુત્ર દાનાજી સાથે સ્વીકારેલ. તે પછી અમારા વડવા હુરાજી (સુરાજી) ભાથીજીના પ્રથમ પત્ની એટલે કે અમારા દાદી વજીબેને હુરાજી (સુરાજી) ના સાથેના સહવાસથી ત્રણ પુત્રોને જન્મ આપેલ. જેમાં લગ્ન જીવનના સહવાસથી પ્રતિવાદી નં.૧ ના પિતા (૧) સ્વ.મોતીજી હુરાજી (સુરાજી) બામણીયા, પ્રતિવાદી નં.૨ ફતાજી હુરાજી (સુરાજી) બામણીયા અને પ્રતિવાદી નં.૩ માલાજી હુરાજી(સુરાજી) બામણીયાના આમ અમો પક્ષકારોના વડવા હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયાનું પેઢીનામું રજુ કરેલ.

૮) આ કામના વાદીઓને, આ કામના પ્રતિવાદીઓને દાવાવાળી જમીન ખેડી ઉપજ લેતાં રોકવાનો કે અવરોધ ઉભો કરવાનો કોઈ હક કે અધિકાર નથી. આ કામના વાદીઓ દાવાવાળી જમીનમા થી પ્રતિવાદીઓને નીકળી જવા તથા કબજો છોડી દેવાની સતત ધમકીઓ આપે છે. તથા દાવાવાળી તમામ જમીન રેવન્યુ રેકર્ડે તેમના નામે હોઈ તેનો દુરઉપયોગ કરવાની ફીરાગમાં છે જો વાદીઓ તેમના બદઈરાદામાં સફળ થાય તો પ્રતિવાદીઓના વર્ષો જુના તેમના વડવાઓ વખતથી ચાલ્યા આવતા દાવાવાળી જમીનના માલિકી કબજા હકને ભારે અને પારાવાર નુકશાન જાય તેમ છે સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની ખેતી ની જમીન

ક્ષેત્રફળ હે ૩–૦૧–૫૫ આર.ચો.મીની આ કામના પક્ષકારોની રેવન્યુ રેકર્ડે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની જમીન આવેલ છે. આ અગત્યની તમામ હકીકતો આ કામના વાદીઓએ તેમના દાવામાં છુપાયેલ છે. આ સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની ખેતી ની જમીન વડીલો વખતથી સ્થળે ભાગલા પાડી પક્ષકારો પોત પોતાના કબજાની જમીનમાં ખેતી કરાવી ઉપજ લે છે તે મુજબ આ સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની ખેતી ની જમીન મોડાસા થી બડોદરા ગામમાં જતા ડામર રોડની દક્ષિણે દિશાએ અડીને આવેલ છે. જે જમીન ઉપરની વિગતે વડીલો વખતથી આગળ ઉપર જણાવેલ વિગતે સ્થળે થયેલ વહેચણી મુજબ વાવેતર કરે છે જે મુજબ ઉપર જણાવેલ વિગતે ઉત્તર–દક્ષિણના શેઢા થી સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની પૂર્વ તરફની અડધી જમીન આ કામના વાદીઓના હિસ્સે તથા પશ્ચિમ તરફની અડધી જમીન આ કામના પ્રતિવાદીઓના હિસ્સે આવેલ છે. વાદીઓના હિસ્સાની જમીનમાં એક જૂની કાચી ઓરડી, ઝૂંપડુ તથા કુવો છે તથા પ્રતિવાદીઓના હિસ્સાની દાવાવાળી જમીનમાં પણ એક જૂની કાચી ઓરડી (ઝૂંપડુ) છે. ઉત્તર–દક્ષિણના શેઢાથી પૂર્વ આવેલ જમીન આ કામના વાદીઓના હિસ્સાની જમીન છે. આ કામના વાદીઓએ તેમના હિસ્સાની પૂર્વ તરફની જમીનમાં સ્થળે મુખ્ય ત્રણ હિસ્સા અને તેમાં પેટા હિસ્સા પાડી વાવેતર કરી ઉપજ લે છે. ઉપરોક્ત હકીકત કે અમો પક્ષકારો અમારા વડવા હુંરાજી (સુરાજી) ભાથીજી બામણીયાના સંતાનો છીએ તથા સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની જમીન અમારા વડવા વખતથી મજીયારી (સંયુક્ત) માલિકીની છે તે હકીકત આ કામના વાદી નં. (૪/૧) લાલાભાઈ બાલાજી બામણીયાએ મોડાસા મે.ચીફ.જ્યું.મેજી.સાહેબની કોર્ટના ક્રિ.કે.નં. ૧૧/૨૦૧૯ ની વાદી નં.૨ શજી કલાજી બામણીયાની ફરિયાદના કેસમાં આપેલ જુબાની કે જે જુબાનીની નકલ આ દાવાના કામે વાદી નં.૪/૧ લાલાભાઈ બામણીયાની જુબાનીની ઉલટતપાસમાં આંક:૧૨૪ (નિ.૬૩/એ/૩/૩) થી તથા આંક: ૧૪૩ થી રજૂ થયેલ છે. તે ફોજદારી કેસમાં વાદી નં.૪/૧ બામણીયા લાલાભાઇએ ઉલટતપાસની પ્રથમ લીટીમા સ્પષ્ટ કબુલ કરેલ છે કે "એ વાત ખરી છે કે અમો તથા આરોપીઓએ એટલે કે (આ કામના અમો પ્રતિવાદીઓ પૈકીના પ્રતિવાદીઓ) હુરાજી બામણીયાના વારસો છીએ એ વાત ખરી છે કે અમારા વડવા હુરાજીના વખતથી આ જમીન ખેડાતી હતી એ વાત ખરી છે કે તેમના બાદ આવતી પેઢીઓએ પણ આ જમીન ખેડેલી." આ હકીકત આ કામના વાદી નં.૪/૧ નાએ ફોજદારી કેસની જુબાનીની ઉલટતપાસની હકીકત આ દાવાના કામે વાદી નં.૪/૧ ની આંક:૯૯ ની જુબાનીની ઉલટતપાસમાં રિફર કરવામાં આવેલ છે. અને તેમણે કબુલ કરેલ છે વધુમાં ચીફ જ્યુ.મેજી.સાહેબ મોડાસાની કોર્ટના ક્રી.કે.નં.૧૧/૨૦૧૯ ની ફરિયાદી કે ફરિયાદ આ દાવાના વાદી નં.૨ નાએ રૂરલ પોલીસ સ્ટેશને આપેલ છે તે વાદી નં.૨ શનાજી કલાજી બામણીયાની ફરિયાદ કી.કે.નં.૧૧/૨૦૧૯ ના કામે આંક:૧૫ થી અને આ દાવાના કામે આંક:૧૨૫ (નિ.૬૩/એ/૩/૨) થી તથા આંક:૧૪૨ થી રજુ છે. તે આંક:૧૨૫ ની ફરિયાદમાં પેરા નં.૨ માં વાદી નં.૨ નાએ સ્પેસિફિક જણાવેલ છે કે,". મારા પરદાદા હુરાજીનાએ બે લગ્ન કરેલ હતા જે પ્રથમ વજીબેન સાથે તથા બીજા ગલીબેન સાથે કરેલ હતા જેમાં ગલીબેનથી મારા દાદા દાનાજી તેમજ વજીબેનથી ફતાજી, તથા મોતીજી તથા માલાજી એમ મારા દાદાને ચાર ભાઈઓ હતા જેમાં મારા દાદા થી મારા પિતા કલાજી તથા ભેમાજી તથા નાનાજી અને મારા કુટુંબી દાદા ફતાજીને પાંચ દીકરા જેમાં કાંતિભાઈ તથા ડાહ્યાભાઈ છે જેમાં ડાહ્યાભાઈને બે પુત્રો છે જેમાં મહેશભાઈ સૌથી મોટા પુત્ર છે તેમજ મોતીજીને એક દીકરો નામે રમણભાઈ છે જે રમણભાઈને બે દીકરા છે જેમાં કલ્પેશભાઈ છે તેમજ કુટુંબી દાદા માલાજીને એક પુત્ર નામે પ્રેમજીભાઈ માલજીભાઈ છે અમો બધા હાલ અલગ અલગ રહીએ છીએ અને અમારી જમીન મજિયારી છે..." આ કામે સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની ખેતીની જમીનના ૭/૧૨ ના ઉતારા આ કામના વાદીઓએ આંક:૪૦ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી (નિ.૪૦/૪ થી નિ.૪૦/૭) થી રજૂ કરેલ છે. જે વાદીઓના દસ્તાવેજો આ દાવાના કામે વાદી નં.૪/૧ ની આંક:૯૯ ની જુબાનીની ઉલટતપાસમાં, અમોએ આંક: ૧૨૬, ૧૨૭, ૧૨૮, તથા ૧૨૯ થી સને ૧૯૭૨–૭૩ થી સને ૨૦૦૩–૦૪ સુધીના (૭/૧૨ ના ઉતારા) રજૂ કરાવેલ છે સ.નં ૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ના ૭/૧૨ ના ઉતારા ના.કોર્ટ ધ્યાને લેશે તો સ્પષ્ટ સાબિત થાય છે કે સને ૧૯૭૨–૭૩ થી સને ૨૦૦૩–૦૪ સુધી સતત સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) જેનો ની જમીનમાં વાવેતર વાદીઓના પિતા/દાદા કલાજી દાનાજી

તથા તેમના ભાઈઓ મોતીજી હુરાજી, ફતાજી સુરાજી તથા માલાજી સુરાજી વિગેરે કે જે પ્રતિવાદીઓના વડવા હતા તે બધા કરતા હતા અને છેલ્લે ૨૦૦૪–૦૫ થી રેવન્યુ રેકર્ડે કોમ્પ્યુટરરાઈઝ થતા પાણીપત્રક થવાનું બંધ થયેલ અથવા વાદીઓએ ગેરકાયદેસર રીતે બંધ કરાવેલ છે. ના.કોર્ટ કમિશનરે પંચો રૂબરૂ આંક:૧૫૪ થી કરેલ પંચનામું તથા આંક:૧૫૫ થી તૈયાર કરેલ સ.નં.૨૫૮ નો નકશો ધ્યાને લેવામાં આવશે તો તે હકીકત સ્પષ્ટ પણે જણાશે કે સ.નં.૨૫૮ ની ખેતીની જમીન સ્થળે વાદીઓના દાવા વિરુદ્ધ અમો પ્રતિવાદીઓ આંક:૧૨ થી રજુ કરેલ જવાબ તથા દાવાના કામે પ્રતિવાદીઓના આંક:૧૫ ના કાઉન્ટર દાવાના પ્લીડીંગમાં જણાવ્યા મુજબ સ્થળે પક્ષકારો વચ્ચે સ.નં.૨૫૮ (જેનો જુનો સ.૨૦૯) ની જમીનની વહેચણી બતાવી ભાગલા બતાવેલ છે તે તમામ હકીકતો ને સમર્થન મળે છે. સને ૨૦૦૪ થી રેવન્યુ રેકર્ડ કોમ્પ્યુટરરાઈઝ થતા, હાલ ઈ–ધરામાં ખાસ કેસમાં પાણી પત્રક કરાવવામાં આવે તો જ પાણીપત્રક કરવામાં આવે છે. અને આ પદ્ધતિ સને ૨૦૦૫–૦૬ થી ઈ–ધારાએ બંધ કરેલ છે અથવા રેવન્યુ રેકોર્ડ કોમ્પ્યુટરરાઈઝ થતા તલાટી કમ મંત્રીશ્રીઓએ ખેતીની જમીનનું પાણીપત્રક કરવાનું બંધ કરેલ છે. પરંતુ સ્થળે વાદીઓની જાણમાં અને કોઈ ના કોઈ પણ જાતના અવરોધો વગર, દાવાવાળી જમીનનો શાંત અને પ્રત્યક્ષ કબજો વડીલો વખતથી તેમજ દાવો કર્યો તે તારીખ અને આજે પણ પહેલા પક્ષકારોના વડીલોનો તથા તેમના પછી આ કામના પ્રતિવાદીઓનો હતો અને છે. પરંતુ વાદીઓના પિતા કલાજી કુટુંબમાં બધા ભાઈઓથી મોટા હોઈ, કુટુંબનો વહીવટ પણ મોટા હોવાના નાતે તેઓ કરતા હોઈ સરકારશ્રીએ જુના કબજા આધારે કબજા ભોગવટાવાળી જમીનો જે તે ખેડૂતના નામે માલિકી હકે કરી આપવાનો નિર્ણય કરેલ તથા સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની ખેતીની જમીન અમારા વડવા/પરદાદાશ્રી હુરાજી (સુરાજી) બામણીયાના વખતથી કબજા ભોગવટામાં હતી તે જમીન (કલાજી) મોટાભાઈ હોવાના નાતે તથા ઘરનો તમામ વહીવટ તેઓ કરતા હોઈ તેમના (કલાજી)ના નામે કલાજીએ આ જમીન ગ્રાન્ટ કરાવેલ. પરંતુ ગ્રાન્ટ કરાવેલ સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની જમીનમાં તમામ ચારે ભાઈઓનો ભાગ હતો અને છે. તે પછી કલાજીનું અવસાન થતા રેવન્યુ રેકર્ડે આ જમીન કલાજીના નામે હોઈ વારસાઈથી વાદીઓના નામે રેવન્યુ રેકર્ડમાં આવતા વાદીઓની દાનત બગડતા રેવન્યુ રેકર્ડનો ખોટો અને હક અધિકાર વગરનો લાભ લેવા ખરી હકીકતો છુપાવી ખોટી, ઉપજાવી કાઢેલ અને સત્યથી વેગળી હકીકતો દર્શાવી આ ખોટો દાવો ના.કોર્ટમાં કરેલ છે. આ કામના વાદીઓ કલીન હેન્ડથી આ દાવો લઈને ના.કોર્ટમાં આવેલ નથી, જે ના.કોર્ટને જાહેર કરીએ છીએ. હકીકતમાં ઇસ્યુ નં.૫ માં જણાવેલ મોજે બડોદરાના સ.નં.૬ ની જમીન પણ આ કામના પક્ષકારોને તેમના વડવાઓ પાસેથી વારસાઈમાં મળેલ છે તથા રેવન્યુ રેકોર્ડ શરૂઆતથી તે આજદિન સુધી પક્ષકારોના નામે સંયુક્ત રીતે ચાલે છે પરંતુ સ્થળે પક્ષકારો વચ્ચે મુખ્ય બે ભાગ તથા વાદીઓના હિસ્સામાં તેમના ભાઈઓ વચ્ચે ત્રણ ભાગ તથા આ કામના પ્રતિવાદીઓના અડધા હિસ્સામાં સ્થળે ત્રણ હિસ્સા પાડેલ છે અને પોત પોતાના હિસ્સામાં ખેતી કરાવી પક્ષકારો ખેતી કરાવે છે આ સાથેના લિસ્ટથી આંક:૧૬૫ થી સ.નં.૨૭ (નવો સ.નં.૬) ના સને ૧૯૬૧–૬૨ થી સને ૨૦૦૪–૦૫ સુધીના ૭/૧૨ ના ઉતારા તથા આંક:૧૬૬ થી સ.નં.૬ (જુનો સ.નં.૨૭) ના નમુના નં.૭ ની નકલ રજૂ કરેલ છે. સદરહુ બંને આંકવાળુ રેવન્યુ રેકર્ડ ના.કોર્ટ ધ્યાને લેશે તો પણ સ્પષ્ટ સાબિત થાય છે કે પક્ષકારોના પરદાદાને ચાર દીકરા હતા જેમાં દાંનાજી હુરાજી (સુરાજી) બામણીયા, મોતીજી હુરાજી (સુરાજી) બામણીયા, ફતાજી હુરાજી (સુરાજી) બામણીયા, તથા માલાજી હુરાજી (સુરાજી) બામણીયા આ સ.નં.૬ ના ૭/૧૨ થી પણ પ્રતિવાદીઓએ તે હકીકત સ્પષ્ટ પણે સાબિત કરેલ છે કે પક્ષકારો તેમના પરદાદા હુરાજી (સુરાજી) ભાથીજીના વારસો છે. વાદીઓના વડવા દાંનાજી હુરાજી (સુરાજી) બામણીયાનું અવસાન થતા તેમના ત્રણ દીકરા કલાભાઈ દાનાભાઈ, નાનાભાઈ દાનાભાઈ, ભેમાભાઈ દાનાભાઈના નામો વારસાઈથી આ સર્વે નં.૨૭ (નવો સ.નં.૬) ના રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ અને આમ સ.નં.૬ ની જમીન આ કામના પ્રતિવાદીઓની સ્વતંત્ર માલિકીની નથી. પરંતુ આ કામના પક્ષકારોની સંયુક્ત માલિકીની છે. અને આમ ઉપરની વિગતે સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની જમીન પણ પક્ષકારોની સંયુક્ત માલિકીની હતી અને છે. સ.નં.૬ ની જમીનને, સ.નં.૨૫૮ ની જમીન સાથે કંઈ લેવા દેવા નથી. આમ ઉપર કરેલ ચર્ચા મુજબ વડીલોએ કરેલ વહેચણી મુજબ સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની જમીન પૈકી ઉત્તર–

દક્ષિણ શેઢા થી પૂર્વ તરફની અડધી જમીન વાદીઓના પ્રત્યક્ષ કબજે ભોગવટે છે. તથા ઉત્તર–દક્ષિણ શેઢાથી પશ્ચિમ તરફની દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદીઓના પ્રત્યક્ષ કબજે ભોગવટે છે જે તમામ હકીકતોથી તેમજ પક્ષકારો એકજ વડવાના એટલે કે પક્ષકારોના પરદાદા હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયાના વારસો છે તે હકીકતથી આ કામના વાદીઓ સારી રીતે માહિતગાર હોવા છતાં ઉપર જણાવેલ ખરી હકીકતો છુપાવી આ કામના વાદીઓ આ ખોટો દાવો લાવેલ છે. તેથી સપ્રેશન ઓફ ફેક્ટસના કારણે પણ વાદીઓનો દાવો રદ કરવા મેં.કરશોજી. આમ વાદીઓએ ઉપર કરેલ ચર્ચા મુજબ ઇસ્યુ નં.૧ થી ઇસ્યુ નં ૫ નું બર્ડન તેમના શિરે હતું તે ડિસ્ચાર્જ કરેલ નથી અને ઇસ્યુ નં ૧ થી ઈસ્યુ નં. ૫ સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં.૧ થી નં.૫ નો જવાબ નકારમાં આપી વાદીઓના આંક:૦૧ વાળો દાવો નામંજૂર કરવાનો હુકમ કરવા મેં.કરશોજી.

૯) ઈસ્યુ નં.૬ થીનં.૧૦ અંગે દલીલો :–

ઈસ્યુ નં.૬ થી નં.૧૦ એકબીજા સાથે સંકળાયેલ હોઈ હકીકતોનું પુનરાવર્તન ટાળવા તેમની દલીલો એક સાથે કરીએ છીએ. આ ઈસ્યુ નં.૬ થી નં. ૧૦ સાબિત કરવાનું ભારણ (બર્ડન) આ કામના પ્રતિવાદીઓના શિરે છે. ઉપર જણાવેલ વિગતે સર્વે ન. ૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની ઉત્તર–દક્ષિણ શેઢાથી પશ્ચિમ તરફની દાવાવાળી જમીન આ 18 કામના પક્ષકારોના વડીલોએ કરેલ વહેચી મુજબ આ કામના પ્રતિવાદીઓના હિસ્સે છે. સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની જમીન પક્ષકારોની મજીયારી/સંયુક્ત માલિકીની રેવન્યુ રેકર્ડે ચાલે છે તે સાબિત કરવા પ્રતિવાદીઓએ આંક:૧૩૨ થી પ્રતિવાદી નં.૧ ની દાવાના કામે જુબાની અપાવેલ છે. પ્રતિવાદી નં.૧ નાએ કાઉન્ટર દાવો આંક:૧૫ ની હકીકતો સોગંદ ઉપરની જુબાનીથી સાબિત કરેલ છે તથા કાઉન્ટર દાવાના સમર્થનમાં આંક:૧૩૪ ના લીસ્ટ થી આંક:૧૩૬ થી આંક:૧૪૦ સુધી સને ૧૯૭૨–૭૩ થી સને ૨૦૦૪–૦૫ સુધીના સ.નં.૨૦૯ (નવો સ.નં.૨૫૮) ના પાણીપત્રક ના ૭/૧૨ ના ઉતારા રજૂ કરેલ છે જે ધ્યાને લેવામાં આવે તો સ.નં.૨૦૯ (નવો સ.નં.૨૫૮) ની ખેતીની જમીનમાં પક્ષકારોના વડવાઓનું સંયુક્ત વાવેતર હોવા અંગેનું પાણીપત્રક છે તથા આ ૭/૧૨ ના ઉતારાથી સ.નં.૨૫૮ પૈકી ઉત્તર–દક્ષિણ શેઢાથી પશ્ચિમ તરફની અડધી (૫૦%) કાઉન્ટર દાવાના પેરા નં.૨ માં વર્ણવેલ ખૂટચારના વર્ણન વચ્ચેની દાવાવાળી જમીન પ્રતિવાદીઓના પ્રત્યક્ષ કબજે ભોગવટે હોવાનું તથા તેમાં પ્રતિવાદીએ ખેતી કરી ઉપજ લેતા હોવાનું સાબિત કરેલ છે. પ્રતિવાદીઓના કાઉન્ટર દાવાની હકીકતોને આ કામે આંક:૧૫૨ થી તપાસેલ કોર્ટ કમિશનરશ્રી બિપિનચંદ્ર પોપટલાલ ચૌહાણે તેમની જુબાનીથી સમર્થન આપેલ છે તથા આ કોર્ટ કમિશનરે પંચો રૂબરૂ કરેલ આંકં: ૧૫૪ વાળા સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની સ્થળસ્થિતિના પંચનામા તથા આંક:૧૫૫ વાળા સ.નં.૨૫૮ (જુનો સ.નં.૨૦૯) ની સ્થળસ્થિતિના નકશાથી પ્રતિવાદીઓના કાઉન્ટર દાવાની હકીકતોને સમર્થન આપેલ છે. પંચનામા તથા નકશામાં સ્થળે જે ઉત્તર–દક્ષિણ દિશાના શેઢાથી સ.નં.૨૫૮ ની ખેતીની જમીનના હિસ્સા પડેલ છે તેની સ્થળસ્થિતિ દર્શાવે છે. આ પંચનામાં વખતે વાદીઓ વતી આ દાવાના કામના પ્રતિવાદી નં.૨ તથા આ કામના પ્રતિવાદીઓ હાજર રહેલ. તથા આ બધાની હાજરીમાં આ પંચનામું થયેલ છે. પંચનામુ પૂર્ણ થયેથી પક્ષકારોએ તેમની સહીઓ કરેલ છે. વધુમાં આ પંચનામું વાદીઓની અરજી આધારે કરવામાં આવેલ છે. વધુમાં આ પંચનામાં તથા નકશો ખોટા થવા અંગે આજદિન સુધી કોઈપણ તરફે કોઈ વાંધો આવેલ નથી. જેથી આ પંચનામું તથા નકશો ન માનવાનું કોઈ કારણ નથી. વધુમાં આંક:૧૪૨/૧૨૫ વાળી વાદી નં.૨ નાએ અમો પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદીઓ અને બીજાઓ વિરુદ્ધ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને આપેલ ફરિયાદ તથા આંક:૧૪૩ /૧૨૪ થી આ કામના વાદી નં.૪/૧ નાએ ઉપરોક્ત ફરિયાદના ક્રી.કેસ નં.૧૧/૨૦૧૯ ના કામે મોડાસાના મે.ચીફ.જ્યુડિશિયલ મેજી.સાહેબની કોર્ટમાં આપેલ જુબાની થી વાદીઓની થીયરી કે અમો પ્રતિવાદીઓ સાથે તેમને કોઈ સંબંધ નથી તથા સ.નં.૨૦૯ (નવો સ.નં.૨૫૮) ની જમીન વાદીઓની સ્વતંત્ર માલિકીની છે તે હકીકતો વાદીઓએ ખોટી જણાવી સાચી હકીકતો છુપાવેલ હોવાનું સ્પષ્ટ સાબિત થાય છે. આ હકીકતોની અમોએ ઇસ્યુ નં.૧ થી નં.૫ ની દલીલોમાં ઉંડાણપૂર્વક ચર્ચા કરેલ હોઈ ફરીથી તેનું પુનરાવર્તન કરતા નથી પરંતુ આ બંને આંક:૧૪૩/૧૨૪ તથા આંક:૧૪૨/૧૨૫ ના વાદીઓ તથા પ્રતિવાદીઓના દસ્તાવેજોથી સ્પષ્ટ સાબિત થાય છે કે આ કામના પક્ષકારો હુરાજી

(સુરાજી) ભાથીજી બામણીયાના ચાર છોકરાના વારસો છે. તથા સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની ખેતીની જમીન આ કામના પક્ષકારોની મરજીયારી જમીન છે. વધુમાં એવી હકીકત પણ સાબિત થાય છે કે હુરાજી (સુરાજી) બામણીયાના ચાર દીકરાઓ પૈકી કલાજી મોટા દીકરા હોવાના નાતે ઘરનો તમામ વહીવટ તેઓ કરતા હતા અને તેમના પિતા હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયાના વખતથી જુના કબજા ભોગવટા આધારે સ.નં.૨૦૯ (નવો સ.નં.૨૫૮) ની ખેતીની જમીન, સરકારે જુના કબજા આધારે જે તે કબજેદાર ખેડૂતને કાયમી માલિકી હક્કે આપવાના નિર્ણય મુજબ કલાજી ઘરનો વહીવટ કરતા હોઈ સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની જમીન કલાજીએ તેમના નામે ગ્રાન્ટ કરાવેલ હોવાનું સ્પષ્ટ સાબિત થાય છે. પ્રતિવાદીઓએ એવું પણ સાબિત કરેલ છે કે કલાજી ગુજરતા તેમના વારસો તરીકે વાદીઓના નામ વારસાઈથી આવતા વાદીઓની દાનત બગડતા વાદીઓએ તેમના નામનો ખોટો આધાર લઈ આ ખોટો દાવો કરેલ છે. શરૂઆતથી તેમજ દાવા તારીખે તથા આજે પણ દાવાવાળી જમીનનો વર્ષો જુનો વાદીઓની તથા તે પહેલા તેમના વડવાઓની જાણમાં, શાંત અને અવરોધ વિનાનો ૮૦ વર્ષ ઉપરાંતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો પહેલા પક્ષાકારોના પરદાદા તથા તે તે પછી પ્રતિવાદીઓના વડવા અને તે પછી પ્રતિવાદીઓનો હતો અને છે તેથી વિરુદ્ધ કબજાની (Adeverse Possession) રૂઈએ દાવાવાળી જમીનના પ્રતિવાદીઓ માલિક છે તેવું પણ પ્રતિવાદીઓએ સાબિત કરેલ છે. આમ ઉપર કરેલ ચર્ચા મુજબ પ્રતિવાદીઓએ ના.કોર્ટે આંક:૪૧ થી કાઢેલ ઇસ્યુ નં.૬ થી ઇસ્યુ નં.૧૦ સાબિત કરવાનું ભારણ પ્રતિવાદીઓના શિરે છે તે ભારણ પ્રતિવાદીઓએ આ પેરામાં ઉપર રીફર કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા પ્રતિવાદી નં.૧ ના આંક:૧૩૨ ના મૌખિક પુરાવાથી, પ્રતિવાદીઓએ સાબિત કરેલ છે કે સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની જમીન આ કામના પક્ષકારોની રેવન્યુ રેકર્ડે સંયુક્ત માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની છે. પક્ષકારોના વડવા સ્વ.હુરાજી ભાથીજીએ સ.નં.૨૫૮ ની જમીન ઉત્તર-દક્ષિણના શેઢાથી સરખે હિસ્સે પક્ષકારોને વહેંચી આપેલ છે જે મુજબ ઉત્તર-દક્ષિણ શેઢાથી પૂર્વનો ભાગ વાદીઓના હિસ્સે તથા આ શેઢાથી પશ્ચિમ તરફની દાવાવાળી જમીન પ્રતિવાદીઓના હિસ્સે આપેલ છે તથા તે મુજબ સ્થળે પોતપોતાના કબજામાં જમીનો આવેલ છે અમારા વડવા હુરાજીના જુના કબજા આધારે તથા તે પછી હુરાજીના મોટા દીકરા કલાજી ઘર તથા ખેતી તમામનો વહીવટ સંભાળતા હોઈ સ.નં.૨૦૯(જેનો નવો સ.નં.૨૫૮) ની જમીન જુના કબજા આધારે ઉપર કરેલ ચર્ચા મુજબ કલાજીના નામે ગ્રાન્ટ કરાવેલ. ઉત્તર-દક્ષિણ શેઢાથી પશ્ચિમ તરફની અડધી દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદીઓએ સ્થળે ત્રણ હિસ્સા પાડી તેમના હિસ્સાઓમાં ખેતી કરાવી ઉપજ લે છે તથા ઉત્તર-દક્ષિણ શેઢાથી પૂર્વ તરફની જમીન વાદીઓ તથા તેમના કાકાના દીકરાના હિસ્સે આવેલ છે જેમાં મુખ્ય ત્રણ હિસ્સા તથા પેટા હિસ્સા પાડી પોતપોતાના હિસ્સામાં ખેતી કરાવે છે. ઉપરાંત આ કામના પ્રતિવાદીઓ તરફે આંક:૧૪૬ થી તપાસેલ સાહેદ (૧) ખાંટ દિનેશકુમાર ભેમાભાઈ કે જેઓનું ખેતર દાવાવાળા પ્રતિવાદીઓના હિસ્સાની જમીનની પશ્ચિમે અડીને આવેલ છે. તેમણે તેમના મૌખિક પુરાવાથી પ્રતિવાદીઓના આંક:૧૫ ના કાઉન્ટર દાવાની હકીકતોને સમર્થન આપેલ છે. ઉપરાંત (૨) આંક:૧૪૯ થી તપાસેલ સાહેદ રણછોડભાઈ શીવાભાઈ પટેલ (૩) આંક:૧૫૦ થી તપાસેલ સાહેદ હાથીજી મોતીજી બામણીયાનાઓએ પણ પ્રતિવાદીઓના આંક:૧૫ ના કાઉન્ટર કલેઈમની હકીકતોને સમર્થન આપેલ છે આ કામના વાદીઓએ તેમના તરફે કોઈ સાહેદ તપાસેલ નથી. આમ ઉપર કરેલ ચર્ચા મુજબ ઇસ્યુ.નં.૬ થી ઇસ્યુ.નં.૧૦ આ કામના પ્રતિવાદીઓએ સાબિત કરેલ હોઈ ઇસ્યુ.નં.૬ થી ઇસ્યુ.નં.૧૦ નો જવાબ હકારમાં આપી, કાઉન્ટર દાવો ડીકી કરવાનો હુકમ કરવા મેં.કરશોજી.

૧૦)ઇસ્યુ નં. ૧૧ :- ઉપરની વિગતે ઇસ્યુ નં.૧ થી નં.૫ અંગે પેરા નં.૪ માં કરેલ ચર્ચા મુજબ તથા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાથી સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની ખેતીની જમીન પક્ષકારોની મજીયારી સાબિત કરેલ છે તેથી વાદીઓએ તેમના દાવામાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર નથી. તેથી ઇસ્યુ નં.૧ થી ઇસ્યુ નં. ૫ નો જવાબ નકારમાં આપી વાદીઓનો આંક:૧ વાળો દાવો ખર્ચ સહિત રદ કરવા મે.કરશોજી

૧૧)ઇસ્યુ નં. ૧૨ :– ઉપર ઇસ્યુ નં.૬ થી ઇસ્યુ નં. ૧૦ અંગે પેરા નં. ૮ માં કરેલ ચર્ચા મુજબ આ કામના પ્રતિવાદીઓએ ઇસ્યુ નં.૬ થી ઇસ્યુ નં.૧૦ ની દલીલોના પેરામાં રિફર કરેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવાથી ઇસ્યુ નં.૬ થી ઇસ્યુ નં.૧૦ સાબિત કરી આ કામના પ્રતિવાદીઓના આંક:૧૫ ના કાઉન્ટર દાવાની હકીકતો સાબિત કરેલ છે કે સ.નં.૨૫૮ (જેનો જુનો સ.નં.૨૦૯) ની ખેતીની જમીનમાં ઉત્તર–દક્ષિણ શેઢાથી પશ્ચિમે આવેલ દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદીઓના વડવા તથા તે પછી આ કામના પ્રતિવાદીઓના પ્રત્યક્ષ કબજે ભોગવટે, આ કામના વાદીઓની જાણમાં બિન અવરોધે, શાંત કબજે ભોગવટે આવેલ છે તેવું ઠેરવી તેથી ઇસ્યુ નં.૧૨ નો જવાબ હકારમાં આપી અમો પ્રતિવાદીઓના આંક:૧૫ નો કાઉન્ટર દાવો ખર્ચ સહિત ડીકી કરવાનો હુકમ કરવા મેં. કરશોજી. વિકલ્પે :–આ કામના વાદીઓની જાણમાં કાઉન્ટર દાવા અરજીના પેરા નં. ૧ માં વર્ણવેલ ખુંટચારના વર્ણન વચ્ચેની દાવવાળી જમીનનો શાંત, કોઈપણ જાતના કોઈના અવરોધ કે અટકાયત વગરનો પ્રત્યક્ષ કબજો આ કામના પ્રતિવાદીઓનો છે તેવું ઠરવી એડવર્ડ્સ પઝેશન (Adverce Possession) થી દાવાવાળી જમીનના આ કામના પ્રતિવાદીઓ માલિક છે તેવું ઠેરવવા નો હુકમ કરવા મેં.કરશોજી.

૧૨) આંક:૫૮ તથા આંક:૬૩ ની અરજીના હુકમ આધારે ફ્રેમ થયેલ ઇસ્યુ નં.૧ તથા ઇસ્યુ નં.૨ સબંધે દલીલો:–આ ઇસ્યુ નં.૧ સાબિત કરવાનું બર્ડન વાદીઓના શીરે છે. ઉપર ઇસ્યુ નં.૧ થી ઇસ્યુ નં.૫ ની ચર્ચા કર્યા મુજબ આ કામના વાદીઓએ હકીકત સાબિત કરી શકેલ નથી કે સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની ખેતીની જમીન તેમની સ્વતંત્ર માલિકીની જમીન છે. તથા દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદીઓના કબજે ભોગવટે નથી ઉલ્ટાનું આ કામના વાદીઓના દસ્તાવેજી પુરાવા આંક:૧૨૪ તથા આંક:૧૨૫ (કે આ વાદીની આંક:૯૯ ની જુબાનીની ઉલટ તપાસમાં રજુ કરાવેલ છે તે દસ્તાવેજી પુરાવા પ્રતિવાદીઓએ આંક:૧૪૨ તથા આંક:૧૪૩ થી રજૂ કરેલ.) અનુક્રમે વાદી નં.૪/૧ ની મોડાસાના મે.ચીફ.જ્યું.મેજી સાહેબની કોર્ટના કી.કે.નં.૧૧/૨૦૧૯ ના કામે આપેલ જુબાનીની નકલ તથા વાદી નં.૨ શનાજી કલાજીનાઓ પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદીઓ વિરુદ્ધ આપેલ સદરહું ક્રીમીનલ કેસની ફરિયાદીથી સાબિત કરેલ છે કે પક્ષકારો તેમના વડીલ હુરાજી (સુરજી) ભાથીજી બામણીયાના ચાર દીકરાના સંતાનો/વારસો છે તથા તેમના વડવા હુરાજી (સુરાજી) ભાથીજી બામણીયાના ચાર દીકરા જેમાં કલાજી, મોતીજી, ફતાજી તથા માલાજી હતા. મોતીજી, ફતાજી તથા માલાજી પ્રતિવાદીઓના વડીલો છે. વધુમાં સાબિત કરેલ છે કે સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ખેતીની જમીન પહેલા પક્ષકારોના વડવા હુરાજી (સુરાજી) ભાથીજી ખાંટ વખતથી સ.નં.૨૦૯ (નવો સ.નં.૨૫૮) ની ખેતીની જમીન ખેડાતી હતી તથા તેમના બાદ આવતી પેઢીઓએ આ જમીન એટલે કે સ.નં.૨૦૯ (જેનો સ.નં.૨૫૮)ની જમીન ખેડેલ. વધુમાં આ દસ્તાવેજથી એવું પણ સાબિત કરેલ છે કે સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ની જમીન પક્ષકારોની મજીયારી જમીન છે. વધુમાં વાદીઓએ આંક:૪૦ ના લીસ્ટથી રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા આંક:૧૨૬ થી આંક:૧૨૯ (નિ.૪૦/૪ થી નિ.૪૦/૨) થી સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ના સને ૧૯૭૨–૭૩ થી સને ૨૦૦૩–૨૦૦૪ ના પાણીપત્રના ૭/૧૨ તથા આ દસ્તાવેજો આ કામના પ્રતિવાદીઓએ આંક:૧૩૬ થી આંક:૧૪૦ (નિ.૧૩૪/૧ થી નિ.૧૩૪/૫) સ.નં.૨૦૯ (જેનો નવો સ.નં.૨૫૮) ના ૭/૧૨ ના ઉતારા રજૂ કરી એવું સાબિત કરેલ છે કે સ.નં.૨૦૯ (નવો સ.નં.૨૫૮)ની ખેતીની જમીન પક્ષકારોના પરદાદા/વડવા હુરાજી(સુરાજી) ભાથીજી બામણીયાના ચારેય દીકરા કલાજી, મોતીજી, ફતાજી તથા માલાજી ખેડતા હતા. વધુમા આંક:૧૫૪ તથા આંક:૧૫૫ ના કોર્ટ કમીશનરે પંચો રૂબરૂ તૈયાર કરેલ અનુક્રમે પંચનામાની તથા કોર્ટ કમીશનરેશ્રીએ તૈયાર કરેલ સ.નં.૨૫૮ ની સ્થળસ્થિતિના નકશાથી તથા કોર્ટ કમીશનરના આંક:૧૫૨ ના મૌખિક પુરાવા (જુબાની) થી સાબિત કરેલ છે કે સ્થળે પક્ષકારોના વડવા હુરાજી બામણીયાએ સ.નં.૨૦૯ ની વહેચણી કરી આપ્યા મુજબ સ.નં.૨૫૮ ની ઉત્તર દક્ષિણ શેઢાથી પૂર્વ આવેલ જમીન વાદીઓના હિસ્સાની છે તથા સ્થળે પણ હિસ્સા તથા તેમાં પેટા હિસ્સા પાડી વાવેતર કરી, ઉપર લે છે. તથા આ સર્વે નંબરના ઉત્તર–દક્ષિણ શેઢાથી પશ્ચિમે આવેલ ખેતીની દાવાવાળી જમીન પ્રતિવાદીઓના હિસ્સામાં આવેલ છે તથા તેમા ખેતી કરી પ્રતિવાદીઓ ઉપજ લે છે. આમ ના કોર્ટના તથા ના.ડીસ્ટ્રીકટ

કોર્ટ બંન્ને હુકમોના આ કામના વાદીઓએ સ્ટેટસ્કો મેઈન્ટેઈન કરવાના હુકમનો ભંગ કરી, પ્રતિવાદીઓને કબજો છોડી દેવા ધમકીઓ આપેલ વાદીઓની સ્ટેટસ્કો મેઈન્ટેઈન કરવાના હુકમના ભંગની અરજી ખોટી અને ઉપજાવી કાઢેલ છે. વાદીઓ ક્યારેય સ.નં.૨૫૮ ની જમીનના સ્વતંત્ર માલિક નહોતા આ કામના પ્રતિવાદીઓ વાદીઓના કોઈ સબંધમાં ના હોવાની વાદીઓની હકીકત ઉપરની વિગતે ખોટી છે. પ્રતિવાદીઓ સ.નં. ૨૫૮ ની જમીનના ૫૦% દાવાવાળી જમીનના ભાગીદાર છે અને વડવાઓ વખતથી દાવાવાળી જમીન પહેલા પ્રતિવાદીના વડવાઓ તે પછી પ્રતિવાદીઓના પ્રત્યક્ષ કબજામાં છે. જેથી દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી દાવાવાળી જમીનમાં ખેડાણ કરવાનો પ્રયત્ન કરવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. તેથી સ્ટેટસ્કો મેઈન્ટેઈનના હુકમનો ભંગ કરવાનો વાદીઓનો આક્ષેપ ખોટો હોઈ ઉપરથી વાદીઓએ ધમકીઓ આપી કબજો પડાવવાનો પ્રયત્ન કરી, યથાસ્થિતિ જાળવવાના આંક:૫ તથા આંક:૧૮ ના હુકમનો વાદીઓએ ભંગ કરેલ હોઈ, વાદીઓની સ્ટેટરસ્કો મેઈન્ટેઈન કરવાના હુકમના ભંગની આંક:૫૮ ની અરજી નામંજૂર કરી, આ કામના પ્રતિવાદીઓની આંક:૬૩ ની ના.કોર્ટના હુકમના ભંગની અરજી મંજૂર કરી ઈસ્યુ નં.૧ નો જવાબ નકારમાં આપી, ઇસ્યુ નં.૨ નો જવાબ હકારમાં આપી, આ કામના વાદીઓને કાયદેસરની સજા તથા દંડ કરવાનો હુકમ કરવા મે.કરશોજી. ઉપર કરેલ ચર્ચા મુજબ મુદ્દા નં.૧ થી મુદ્દા નં.૫ નો જવાબ નકારમાં આપી વાદીઓનો આંક:૧ વાળો દાવો ખર્ચ સહિત રદ કરી સ્ટેટસ્કો મેઈન્ટેઈના ના કોર્ટના હુકમનો ભંગ કરવા બદલ સજા તથા દંડનો હુકમ કરવા તેમજ ઈસ્યુ નં.૫ થી ૧૦ નો જવાબ હકારમાં આપી આ કામના પ્રતિવાદીઓનો આંક: ૧૫ નો કાઉન્ટર દાવો ખર્ચ સહિત મંજૂર કરી, ડીકી કરવાનો હુકમ કરવા મેં.કરશોજી.

(૮) આ કામે દાવાના આખરી નિર્ણય માટે આંક– ૪૧ થી અમારા અગાઉના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીએ મુદ્દાઓ કાઢેલ છે, જે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

–: મુ દ્દા ઓ :–

:૧: શુ વાદીઓ પુરવાર કરે છે કે,મોજે બડોદરા ,તા. મોડાસાની સીમના જુના સરવે નં . ૨૦૯ જેનો નવો સર્વે નંબર ૨૫૮ વાળી જમીનના વાદીઓ એકલાજ સંયુકત માલીક અને કબજેદાર છે ?

:૨: શુ વાદીઓ પુરવાર કરે છે કે,દાવાવાળી જમીન સ્થળ ઉપર ઉત્તર દક્ષીણ તરફના પાંચ સરખા શેઢા પાડી વાદીઓ અલગ અલગ પોતપોતાના ભાગલામાં ખેતી કરે છે ?

:૩: શુ ં વાદીઓ પુરવાર કરે છે કે,દાવાવાળી જમીન સરકારશ્રીએ તેમના દાદા કલાજી દાનાજી બામણીયાને ફાળવેલ અને તેજ મીન કલાજીની સ્વ્પાર્જીત જમીન છે ?

:૪: શું વાદીઓ પુરવાર કરે છે કે,પ્રતિવાદીઓ સદર દાવાવાળી જમીનમાં કયારેય ખેતી કરવા આવેલ નથી કે પ્રતિવાદીઓએ સદર દાવાવાળી જમીન ઉપર કયારેય કબજો ભોગવટો પણ કરેલ નથી ?

:૫: શું વાદીઓ પુરવાર કરે છે કે,પ્રતિવાદીઓ તેમના વડવા સ્વ. હૂરાજીની વડીલોપાર્જીત

ખેતીની જમીન દાવાવાળી જમીનની જગ્યાથી આશરે બે કી.મી. દૂર બડોદરા સીમના સ.નં. ૬ માં આવેલ છે તે જમીનમાં તેમના હીસ્સામાં પ્રતિવાદીઓ ખેતી કરે છે ?

:૬: શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે,સદર દાવાવાળી જમીન બને પક્ષકારોની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે?

:૭: શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, જે તે સમયે તેમના વડવા સ્વ. હુરાજીભાથીજી બામણીયાએ દાવાવાળી જમીનના બે સરખા હીસ્સા કરી દાવાવાળી જમીનપૈકીની પૂર્વ તરફની જમીન વાદીઓનાદાદા દાનાજીના હીસ્સામાં અને પશ્ચિમ તરફની અડધી જમીન પ્રતિવાદી નં.૧ ના પિતા અને પ્રતિવાદી નં.ર , ૩ ને સ્થળે આપેલ ?

:૮: શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, કોાજી દાનાજી સંયુકત કુંટુંબનો વહીવટ સંભાળતા હોઈ કબજાના આધારે જમીન માલીકી હકકે સરકારશ્રીએ કલાજીને દાવાવાળી સર્વે નં. ર૦૯ ની ખેતીની જમીન તેમના નામે ગ્રાન્ટકરેલ ?

:૯: શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે,દાવાવાળી જમીનની પશ્ચિમ તરફની અડઘી જમીન તેમના પ્રત્યક્ષ કબજા ભોગવટામા આવેલ છે અને તેમાં ઉત્તર દક્ષીત દિશાના ત્રણ હીસ્સા પાડી તેઓ ખેતી કરાવે છે ?

:૧૦: શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે,દાવાવાળી જમીનની પૂર્વ તરફની અડઘી જમીન વાદીઓ અને તેમના કાકાના દિકરાઓને હીસ્સે આવેલ છે અને વાદીઓ પૂર્વ હીસ્સામાં મુખ્ય ત્રણ હીસ્સા તેમજ તેમાંપ ણ પેટચાહીસ્સા પાડી ખેતી કરાવી ઉપજ લે છે ?

:૧૧: શુ વાદીઓ તેમની દાવા અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

:૧ર: શુ પ્રતિવાદીઓ તેમના સામાદાવામાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

:૧૩: શું હુકમ અને હુકમનામુ ?

ત્યારબાદ આંક:૫૮ અને આંક: ૬૩ ની અરજી હેઠળ કરેલ હૂકમ મુજબ વધારાના મુદા કાઢવામાં આવેલ છે.

:૧: શું વાદીઓ આંક:૫૮ ની અરજી મુજબ પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓ કોર્ટના આદેશની અવગણના કરી નામ.કોર્ટનો આદેશનો ભંગ કરેલ હોય જેથી માગેલી દાદ મેળવવા હકકદાર છે ?

:૨: શું પ્રતિવાદીઓ આંક:૬૩ ની અરજી મુજબ પુરવાર કરે છે કે, વાદીઓ કોર્ટના આદેશની અવગણના કરી નામ.કોર્ટનો આદેશનો ભંગ કરેલ હોય જેથી માગેલી દાદ મેળવવા હકકદાર છે ?

**(૯)** ઉપરોકત વિગતોએ રજુ થયેલ પુરાવો તથા વાદીઓના તથા પ્રતિવાદીઓના વિ.વ.શ્રી ની દલીલોનું કાળજીપુર્વક મુલ્યાંકન કરતા ઉપરોકત મુદ્ધાઓના નિર્ણયો નીચે મુજબ કરવામાં આવેલ છે.:

-: નિ ર્ણ યો-:

(૧) નકારમાં.
(૨) નકારમાં.
(૩)અંશત હકારમાં.
(૪)નકારમાં.
(૫)હકારમાં.
(૬)હકારમાં.
(૭)હકારમાં.
(૮) હકારમા
(૯) હકારમા
(૧૦) હકારમા
(૧૧) નકારમા
(૧૨) હકારમા
(૧૩) આખરી હૂકમ મુજબ

વધારાના મુદાઓના નિણયો:-

:૧: નકારમાં
:૨: હકારમાં

**(૧૦)** ઉપરોકત મારા નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.:

**:: કા ર ણો ::**

આ કામે ઘડવામાં આવેલ મુદ્દા અન્વયે પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકન ના સિદ્ધાંતો ધ્યાને લેતા, જે હકીકત પ્લીડિંગ એટલે કે દાવા અરજી અને દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે હકીકતોનો પુરાવો ધ્યાને લઈ શકાય નહી. ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈઓ તથા દીવાની પ્રક્રિયા સંહિતાની જોગવાઈ ધ્યાને લેતાં વાદી કે પ્રતિવાદી એ જે હકીકત પોતાની દાવા અરજી કે દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે અંગેનો પુરાવો આવે તો પણ પ્લીડિંગમાં તેનો આધાર ન હોય તે હકીકત ઉપર આધાર ન રાખી શકાય.

ભારતીય પુરાવા અધિનિયમ પ્રકરણ –૭ માં કલમ –૧૦૧ માં સાબિતીના બોજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા નીચે મુજબ છે.

**કલમ –૧૦૧ :** કોઈપણ વ્યક્તિ ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબીત કરવા એક વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યક્તિ પર સાબિતીનો બોજો છે.

ઉપરોકત કલમ વંચાણે લેતા વાદીના દાવાની કોઈ બાબતો અંગે જયારે પ્રતિવાદી એ વિધાનો વિરુદ્ધ કબુલ કર્યા હોય, ત્યારે તેવી બાબતો વાદી દ્વારા હકારત્મક રીતે પુરવાર કરવી પડે. જો વાદી આ હકીકત હકારાત્મક પુરાવાથી પુરવાર કરી શકે તો,તેથી વિપરીત સાબિત કરવાનો બોજો પ્રતિવાદી ઉપર ખસે છે.નામદાર સુપ્રીમ કોર્ટે,ANIL RISHIV/s GURBAKSH SINGH, AIR 2006 SC 1971 ના ચુકાદામાં ઠરાવેલ છે કે, કલમ – ૧૦૧ ની પ્રાથમિક નિયમ અપરિવર્તનશીલ છે અને આ આરંભિક બોજો હંમેશા વાદીના શીરે છે અને જો તેનું તે પાલન કરે અને પોતાના દાવાની દાદ માટે પોતે હક્કદાર હોવાનું સાબીત કરે, ત્યારે તેથી વિપરીત સાબિત કરવાનો બોજો પ્રતિવાદી તરફ ખસે છે. આવા સંજોગોમાં પુરાવાનો બોજો તબદીલ થાય છે. વધુમાં,AGRICULTURE PRODUCE MARKET COMMITTEE V/s BHANDERI DHIRUBHAI NARSHIBHAI, 2008 (2)GLR 1153 ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, પ્લીડિંગમાં દર્શાવેલી હકીકત તે અંગે પુરાવો રજુ કર્યા સિવાય સાબિત માની શકાય નહી. સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, દાવા અરજી કે દાવા જવાબમાં કોઈપણ હકીકત જણાવેલ હોય, પણ જ્યાં સુધી તે હકીકતો મોખિક પુરવામાં અદાલત સમક્ષ સોગંદ ઉપર જણાવવામાં ન આવે ત્યાં સુધી તે હકીકતો પુરાવાનો ભાગ બની શકે નહિ કે તે હકીકતો અદાલત ધ્યાનમાં લઈ શકે નહિ કારણકે દાવા અરજી કે દાવા જવાબ પોતે કોઈ પુરાવો નથી. આમ, ઉપરોક્ત ઠરાવવામાં આવેલ સિદ્ધાંતો તથા કેસ હકીકતને ધ્યાને લઈને આ દાવાના પુરાવાની આગળ ચર્ચા કરવામાં આવેલ છે.

**(૧૧)** ઉપરોકત જણાવેલ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવે તો વાદી તર્ફે આંક–૯૯ વાદી નં. ૪/૧ લાલાભાઈ બાલાજી બામણીયાનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરવામાં આવેલ.જેમાં તેઓ દાવા અરજીની હકીકતો દોહરાવેલ જેથી પુનરાવર્તન ટાળવા સારૂ ચર્ચા કરવામાં આવતી નથી.જયારે વાદીની આ કામના પ્રતિવાદીઓના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે.જેમાં તેઓએ જણાવેલ છે કે, હુ ધોરણ–પ સુધી ભણેલ છુ. અને ગુજરાતી ભાષા લખી વાંચી શકુ છુ.એ વાત ખરી નથી કે હુરાજી ભાથીજી એ પીતા ના દાદા થાય છે.એ વાત ની મને ખબર નથી કે હુરાજી ભાથીજી એ બે લગ્ન કરેલ.એ વાતની મને ખબર નથી કે હુરાજી નુ પ્રથમ લગ્ન વજીબેન સાથે થયેલ.એ વાતની મને ખબર નથી કે હુરાજી નુ બીજુ લગ્ન ગલીબેન સાથે થયેલ.એ વાત ખરી છે કે કલાજી મારા દાદા થાય છે.એ વાત ની મને ખબર નથી કે કલાજી ના દાદી ગલીબેન તેમના દાદી થાય છે કે કેમ. એ વાત નથી મને ખબર ગલીબેન પ્રથમ લગ્ન કોઠી,તા. માલપુર મુકામે વાઘાજી ખાંટ સાથે થયેલ કે કેમ.એ વાત ની મને ખબર નથી કે ગલીબેનના પ્રથમ લગ્ન વાઘાજી ખાંટ સાથે થયેલ અને તે બન્ને ના લગ્ન જીવન થી દાનાજી નો જન્મ થયેલ કે કેમ અને ગલીબેન દાનાજી ને સાથે લઈ ને આવેલ કે કેમ.એ વાતની મને ખબર નથી કે ગલીબેન ના પ્રથમ પતી વાઘાજી ખાંટ નુ અવસાન થતા અમારા પર દાદા હુરાજી સાથે એમનુ બીજુ લગ્ન થયેલ કે કેમ.એ વાતની મને ખબર નથી કે ગલીબેન ના બીજા લગ્ન પછી હુરાજીના પ્રથમ પત્ની વજીબેન થી તેઓ ને સંતાન માં ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓ નો જન્મ થયેલ કે કેમ. એ વાત ખરી છે કે હુરાજી થકી થયેલ વજીબેન ના ત્રણ દીકરા પૈકી પ્રથમ દીકરા નુ નામ ફતાજી,બીજા માલાજી,તથા મોતીજી, તથા દીકરીઓ ના નામ ખેમીબેન,રૂખીબેન અને જમનીબેન છે.એ વાત ખરી નથી કે આ દીકરાઓ અને દીકરીઓ ના જન્મ પછી હુરાજી પત્ની વજીબેન તથા બીજી પત્ની ગલીબેન તથા દાનાજી તઓ સયુંકત કુટુંબ માં રહેતા હતા.એ વાતની મને ખબર નથી કે આ સાતે સંતાનો ના લગ્ન હુરાજી એ કરાવેલ કે કેમ.એ વાત ખરી છે કે તા.૨૬/૧૦/૧૮ ના રોજ દાવાવાળ ખેતર માં પ્રતીવાદીઓ સાથે બબાલ થયેલ હતી.એ વાત ખરી છે કે આ બનાવ અંગે ફરીયાદ થયેલ જેનો કેસ મોડાસા કોર્ટ માં ક્રી.કે.નં.૧૧/૧૯ થી ચાલેલો.એ વાત ખરી છે કે સદર કેસ માં મે જુબાની આપેલ હતી.એ વાત ખરી છે કે આ કેસ માં જે પ્રતીવાદીઓ હતા તે આરોપીઓ હતા અને તઓ ને સદર કેસ માં નામદાર કોર્ટે છોડી દીધેલ.મને નીસાની આંક–૬૩/એ /૩ વાળી જુબાની ની નકલ બતાવવા માં આવે છે જે જોઈને કહુ છુ કે તે જુબાની મે

નામદાર મોડાસા કોર્ટ માં કી.કેસ. નુ. ૧૧/૧૯ માં તા. ૨૭/૧/૨૦૨૦ ના રોજ આંક–૨૨ થી આપેલ જુબાની છે જે રજુ દાખલ આંક.૧૨૪ આપવા માં આવે છે.એ વાત ખરી નથી કે આ જુબાની ની ઉલટ તપાસ માં મે એવુ લખાવેલ છે કે '' એ વાત ખરી છે કે અમો તથા આરોપીઓ હુરાજી બામણીયા ના વારસો છીએ .એ વાત ખરી છે કે અમારા વડવા હુરાજી ના વતી આ જમીન ખેડાતી હતી.એ વાત ખરી છે કે તેમના ભાગ આવતી પેઢીઓએ પણ આ જમીન ખેડેલ હતી''.મને નીસાની આંક–૬૩/એ /૨ બતાવવા માં આવે છે જે જોઈ ને કહુ છુ કે ક્રિ.કેસ.નં.૧૧/૧૯ માં આપેલ ફરીયાદ જે સનાજી કલાજી બામણીયા એ તા. ૨૬/૧૦/૧૮ ના રોજ આપેલ હતી તેની નકલ છે.જે રજુ દાખલ **આંક. ૧૨૫** આપવા માં આવે છે.એ વાત ખરી નથી કે આંક–૧૨૫ વાળી ફરીયાદ માં શનાજી કલાજી ગલાજી નાઓ એ બીજા નંબર ના ફકરા માં એવુ લખાવેલ છે '' મારા પરદાદા હુરાજી નાઓએ બે લગ્ન કરેલ હતા જે પ્રથમ વજીબેન સાથે તથા બીજા ગલીબેન સાથે કરેલ હતા જેમાં ગલીબેન થી મારા દાદાજી તેમજ વજીબેન થી ફતાજી,મોતીજી,તથા માલાજી એમ મારા દાદા ને ચાર ભાઈઓ હતા જેમાં મારા દાદા દાનાજી થી મારા પીતાજી કલાજી તથા ભેમાજી તથા નાનાજી અને મારા કુટુબી કાકા ભતાજી ને પાંચ દીકરા છે જેમાં કાન્તીભાઈ તથા ડાહ્યાભાઈ છે જેમાં ડાહ્યાભાઈ ને બે પુત્ર છે જેમાં મહેશભાઈ સૈથી મોટો પુત્ર છે તેમજ મોતીજી ને એક દીકરો નામે રમણભાઈ છે જે રમણભાઈ ને બે દીકરા છે જેમાં કલ્પેશભાઈ છે તેમજ કુટુંબી દાદા માલાલજી ને એક પુત્ર નામે પ્રેમજીભાઈ માલજીભાઈ છે અમો બધા હાલ અલગ રહીએ છીએ અને અમારી બધી જમીન મજીયારી છે ''. એ વાત ખરી છે કે હુરાજીના સયુકત કુટુબ માં રહેતા દીકરાઓ માં ચાર દીકરા પૈકી દાનાજી સૌથી મોટા હતા.એ વાત ખરી છે કે મારા વડવા હુરાજીના સંયુકત કુટુબ માં રહેતા દીકરાઓ માં દાનાજી સૌથી મોટા હતા અને કુટુંબનો ખેતી સાથે નો તમામ વહીવટ સંભાળતા હતા.મને માર્ક ૪૦/૪ થી નો દાવાવાળા સર્વે નંબર નો સાત બાર નો ઉતારો બતાવવા માં આવે છે જે જોઈ કહુ છુ કે સને–૧૯૭૨–૭૩ માં ખેતી કરાવનાર ના નામ કલાજી દાનાજી,નાનાજી દાનાજી તેમજ ભેમાજી દાનાજી,મોતીજી સુરાજી તથા ફતાજી સુરાજી છે જેને રજુ દાખલ આંક.૧૨૬ આપવા માં આવે છે. એ વાત ખરી છે કે આંક–૪૦/૫ ના બીજા પાના પર સને–૧૯૭૩–૭૪ નુ પાણી પ્ર ત્રક બતાવવા માં આવે છે જે જોઈ કહુ છુ કે દાવાવાળા સર્વે નંબર માં ખેતી કરનાર નુ નામ કલાજી દાનાજી,નાનાજીદાનાજી તેમજ ભેમાજી દાનાજી,મોતીજી સુરાજી તથા ફતાજી સુરાજી,માલાજી સુરાજી છે જેને રજુ દાખલ આંક.૧૨૭ આપવા માં આવે છે. એ વાત ખરી

છે કે આંક–૪૦/૬ તથા ૪૦/૭ માં પણ સને૧૯૮૫ માં ઉપર જણાવેલ છ નામ લખેલ છે અને સને–૧૯૮૬ થી ૧૯૮૯ સુધી કલા દાના લખેલ છે તથા ૧૯૯૦ થી સને–૧૯૯ ૪, સુધી બામણીયા સનાજી વિગેરે સને–૧૯૯૫ સને–૨૦૦૪ સુધી સનાજી વિગેરે અને ફતાજી સુરાજી વીગેરે લખેલ છે. જેને રજુ દાખલ આંક.૧૨૮ તથા આંક–૧૨૯ આપવા માં આવે છે. એ વાત ખરી છે કે સને–૨૦૦૪ થી રેવન્યુ રેકર્ડ મેન્યુઅલ બંધ થઈ ગયેલ અને કોમ્પ્યુટર રાઈજ થઈ ગયેલ.એ વાત ખરી નથી કે કોમ્પ્યુટર રાઈઝ રેવન્યુ રેકર્ડ ચાલુ થતા ઈ ધારા માં મળી મારા વડવાએ ફતાજી.મોતીજી,તથા માલાજી ના નામ દાવાવાળા સર્વે નંબર માં નામ પાણી પત્રક માંથી કાઢી નખાવેલ.એ વાત ખરી છે કે દાનાજી ના મોટા દીકરા મારા દાદા કલાજી હતા. અ વાત ખરી છે કે દાનાજી ઉમંર લાયક થતા ના મોટા દીકરા મારા દાદા કલાજી ખેતી તેમજ ઘરનો વહીવટ કરતા હતા.એ વાત ખરી છે કે દાનાજીના ત્રણ દીકરા હતા જેમના નામ કલાજી,ભેમાજી અને નાનાજી હતા.એ વાત ખરી છે કે દાનાજી ગુજરી ગયા બાદ તેમના ઘરનો તમામ વહીવટ કલાજી કરતા હતા.એ વાત ખરી છે કે તે દરમ્યાન સરકારશ્રીએ ખેડુતોના ખેડાણ હેઠળની કબજાવાળી સરકારી જમીનો જુના કબજેદારોને તેમના કબજા આધારે કબજા હેઠળની જમીનો માલીક તરીકે આપવાનો નિર્ણય કરેલો.એ વાત ખરી છે કે કલાજી ઘરનો તથા ખેતીનો વહીવટ કરતા હતા તેથી દાવાવાળી જમીનો સરકારશ્રી પાસેથી તેમના નામે મંજુર કરાવેલી.એ વાતની મને ખબર નથી કે દાવાવાળી જમીન સિવાયની જમીનો અમારા વડવા સુરાજીએ તેમની તમામ મિલ્કતો દાવાવાળી જમીન સિવાયની જમીનો તેમના બીજા પત્ની ગલીબેનના વિરોધના કારણે બે હીસ્સામાં વહેચણી કરી આપેલી.એ વાતની મને ખબર નથી કે દાવાવાળો સર્વે નંબર પણ બે ભાગમાં વહેંચવામાં આવેલ હતો.એ વાત ખરી નથી કે સર્વે નં.૨૫૮ નો પુર્વ ભાગનો હીસ્સો ગલીબેનના પુત્રના હિસ્સામાં આવેલ હતો.એ વાત ખરી નથી કે સર્વે નં.૨૫૮ નો પશ્ચિમ ભાગનો હીસ્સો વજીબેનના પુત્રના હિસ્સામાં આવેલ હતો.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આખો સર્વે નં.૨૫૮ અમારા કબજામાં છે.એ વાત ખરી છે કે ઉત્તર દક્ષીણનો શેઢો આવેલો છે.એ વાત ખરી નથી કે શેઢાથી પુર્વ તરફનો શેઢો વાદીઓના હીસ્સામાં તથા પશ્ચિમ તરફનો શેઢો પ્રતિવાદીઓના હિસ્સામાં આવેલો.એ વાત ખરી નથી કે આ બંને હીસ્સા ઉત્તર દક્ષીણ શેઢાથી જુદા પડે છે. એ વાત ખરી નથી કે પશ્ચિમ તરફનો હીસ્સો પ્રતિ. નં.૧ ના પિતા મોતીજી, પ્રતિ. નં.૨ ના વડીલ ફતાજી તથા પ્રતિ. નં.૩ ના વડીલ માલાજીના હીસ્સે આવેલ.એ વાત ખરી નથી કે પશ્ચિમ તરફનો હીસ્સો પ્રતિવાદીઓના

ત્રણ ભાગમાં વહેંચાયેલો છે.એ વાત ખરી છે કે નામ.કોર્ટમાંથી સ્થળ સ્થિતિનો નકશો તથા પંચનામુ કરવા માટે અધિકારી આવેલા.એ વાત ખરી છે કે કોર્ટ કમિશ્નરીશ્રીએ કલાજી તથા અમારી હાજરીમાં દાવાવાળી જમીનનુ પંચનામુ કરેલ તથા નકશો તૈયાર કરેલ જે આ કામે નિ.૧૧/૨ તથા નિ.૧૧/૩ થી રજુ છે.એ વાત ખરી નથી કે કોર્ટકમિશ્નર મારફતે પંચનામુ અને નકશો કરેલ તે વખતે ઉત્તર દક્ષીણથી પશ્ચિમ દિશાએ આવેલ જમીન પ્રતિવાદીના કબજામાં હતી.એ વાત ખરી છે કે નિ.૧૧/૨ અને ૧૧/૩ થી રજુ પંચનામુ અને નકશા બાબતે અમે કોઈ વાંધો લીધેલ નથી.એ વાત ખરી નથી કે દાવાવાળી જમીન પ્રતિવાદીઓના વડવા અને તેમના પછી પ્રતિવાદીઓ માલીકી હકકે ખેતી કરાવે છે અને તેમાંથી ઉપજ મેળવે છે.એ વાત ખરી નથી કે દાવો કર્યો તે અગાઉ પ્રતિવાદીઓ કે તેમના વડવાઓને જમીનમાં ખેડતા અમોએ કે અમારા વડીલોએ કાંઈ વાંધો લીધેલ નથી કે કોઈ અવરોધ કરેલ નથી. એ વાત ખરી નથી કે દાવો કર્યો તે અગાઉ અને આજરોજ પણ દાવાવાળી જમીન પ્રતિવાદીઓના કબજામાં છે.એ વાત ખરી નથી કે મારી સરતપાસમાં જણાવેલ તમામ હકીકતો ખોટી જણાવુ છુ.એ વાત ખરી નથી કે મારી સરતપાસમાં જણાવેલ કે દાવાવાળી જમીન અમારા કબજામાં છે એ હકીકત ખોટી જણાવેલ છે.એ વાત ખરી નથી કે ૨૦૦૪ પછીનુ દાવાવાળી જમીનનુ રેકર્ડ રેવન્યુ અધીકારી સાથે મળીને ખોટુ ઉપજાવી કાઢેલ છે.એ વાત ખરી નથી કે આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૧૨)** બાદમાં આ કામના પ્રતિવાદી નં. ૧ રમણજી મોતીજી બામણીયાનાઓનુ આંક: ૧૩૨ થી સરતપાસનુ સોગંદનામુ રજૂ કરવામાં આવેલ છે.જેમાં પોતાના દાવા અરજીના જવાબ તથા કાઉન્ટર કલેઈમની વીગતો જણાવેલ જેથી પુનરાવર્તન ટાળવા સારૂ ચર્ચા કરવામાં આવતી નથી.

ત્યારબાદ સદર સાહેદની વાદીઓના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે જેમાં હુ ધોરણ પાંચ સુધી ભણેલો છુ.હુ ગુજરાતી વાંચી સમજી શકુ છુ.એ વાત ખરી છે કે મારા પિતાજી મોતીજી અને બીજા બે ભાઈઓ જેમાં ફતાજી અને માલાજી એમ ત્રણ ભાઈઓ હતા.એ વાત ખરી છે કે મારા પિતાજી તથા તેમના બે ભાઈઓ બધા મરણ પામેલ છે.એ વાત ખરી છે કે મારા પિતાજીની માલીકીની જમીન તથા તેમના બે ભાઈઓ વચ્ચે જમીનની વહેચણી થઈ ગયેલ છે.
સવાલ– તમારા પિતાજીની જમીની હતી તેમના મરણ પછી તમારી માતા અને તમારુ તથા

તમારી બહેનનુ નામ દાખલ થયેલ છે?

જવાબ–હા.એ વાત ખરી છે કે ફતાજી તથા માલાજી બંને ભાઈઓ ગુજરી ગયા બાદ તેમની જમીન તેમના વારસદારોના નામે દાખલ થયેલ છે.એ વાત ખરી છે કે મારા પિતાજીની જમીનમાં અમો હાલ ખેતી કરીએ છીએ.એ વાત ખરી છે કે માલાજી અને ફતાજીની જે જમીન આવેલી છે તેમાં તેમના વારસદારો ખેતી કરે છે.સવાલ– તમારા પિતાજીની જમીન ,માલાજીની તથા ફતાજીની જમીનમાં વાદીઓ ખેતી કરે છે?જવાબ– વાદીઓ ખેતી કરતા નથી.તેમને જમીન ગીરો મુકેલી છે. એ વાત ખરી છે કે કલાજી બામણીયાના પાંચ છોકરા હતા.જેમાં મગાજી કલાજી ,સનાજી કલાજી,સાયબાજી કલાજી,બાલાજી કલાજી અને ફલાજી કલાજી હતા.એ વાત ખરી છે કે મારા પિતાજી તથા અમો કલાજી દાંનાજીના સીધા વારસદારોમાં આવતા નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અગાઉની પેઢીના વારસદાર તરીકે છીએ.એ વાત ખરી છે કે દાવાવાળા સર્વે નં.૨૫૮ જુનો સર્વે નં.૨૦૯ વાળી જમીન મુળથી આંક–૧૦૫ થી રજુ કરેલ નોંધ નં.૫૩ થી કલાજી દાનાજી બામણીયાના નામે રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ છે.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કલાજી દાનાજી ઘરનો વહીવટ કરતા હતા.તેઓ દાનાજી હુરાજીના વારસદાર હોવાથી તેઓ જમીનોનો વહીવટ કરતા હતા.એ વાત ખરી છે કે આંક–૧૧૨ થી ૧૧૩ વાળી દાવાવાળી જમીનના નમુના નં.૭/૧૨ તથા ૮/અ ના ઉતારામાં વાદીઓના નામ આવેલા છે મારુ નામ નથી.તે જ રીતે આંક–૧૦૧ થી રજુ કરેલ નમુના નં.૭/૧૨ તથા આં ક–૧૦૨ થી રજુ કરેલ નમુના નં.૮/અ માં વાદીઓના નામ આવેલા છે મારુ નામ નથી.એ વાત ખરી છે કે કલાજી દાનાજી બામણીયા ગુજરી ગયા ત્યારબાદ વાદીઓના નામ જમીનમાં વારસાઈથી દાખલ થયેલા.એ વાત ખરી છે કે સદર દાવાવાળી જમીનમાં નામ. કોર્ટમાં દાવાો દાખલ થયા બાદ તા.૨૭/૧૧/૨૦૧૯ ના રોજ આંક–૧૧૪ વાળી નોંધ નં.૧૪૪૧ થી પ્ર તિવાદી નં.૪ બાલાજી ગુજરી ગયા બાદ તેમના વારસદારોના નામ દાખલ થયેલ છે.એ વાત ખરી છે કે સદર દાવાવાળી જમીનમાં નામ. કોર્ટમાં દાવાો દાખલ થયા બાદ તા.૧૧/૦૧/૨૦૨૧ ના રોજ આંક–૧૧૫ વાળી નોંધ નં.૧૪૯૯ થી પ્રતિવાદી નં.૫ સાયબાજી ગુજરી ગયા બાદ તેમના વારસદારોના નામ દાખલ થયેલ છે.એ વાત ખરી છે કે નોંધ નં.૧૪૪૧ તથા નોંધ નં.૧૪૯૯ દાખલ થયેલ તે સામે અમોએ કે અમારા તર્ફે પ્રતિવાદીઓમાંથી કોઈએ વાંધો રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે આ કામના વાદીઓએ દાવાવાળી જમીનમાં બરોદરા ગૃપ સેવા સહકારી મંડળીમાંથી ધીરાણ મેળવેલ તે બાબતે રેવન્યુ રેકર્ડેમાં નોંધ નં.૧૫૦ તથા નોંધ નં.૧૦૮૧ આં

ક –૧૧૭ વાળી દાખલ થયેલ જે કામે અમો પ્રતિવાદીએ કોઈ વાંધો રજુ કરેલ નથી.એ વાતની મને ખબર નથી કે દાવો શરૂ હતો તે વખતે બીજી બેંકોમાંથી લોન લીધેલી હશે.મને આંક–૧૦૩ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે નોંધ નં.૯૩૩ વાળી નોંધ તા.૨૬/૪/૨૦૧૦ ના રોજ દાખલ કરેલ તે તા.૧૧/૬/૨૦૧૦ ના રોજ નામંજુક કરવામાં આવેલ હતી જેની વિરૂઘ્ધ અમોએ કોઈ અપીલ કરેલ નથી.એ વાત ખરી છે કે સદર દાવાવાળી જમીન બાબતે નામ.કોર્ટમાં દાવો દાખલ થયો તે પહેલાં અને તે પછી વખતો વખત વારસાઈ બાબતે તેમજ ધિરાણ બાબતે નોંધો દાખલ થયેલ છે તે વિરૂઘ્ધ અમો પ્રતિવાદીએ કે બીજા સહ પ્રતિવાદીઓએ રેવન્યુ અધીકારી સાહેબો સમક્ષ કોઈ લેખીત અરજી કે વાંધો રજુ કરેલ નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વાદીઓએ અમોને મૌખીક રીતે અમારુ નામ દાખલ કરાવવાનુ જણાવતા અમો અરજી કે વાંધોઓ રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે પાણી પત્રકમાં અમારા વડીલોના નામો દાખલ થયેલ તે નામો કઈ રીતે દાખલ થયેલા તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે દાવો દાખલ થયા બાદ અમારા વકીલ સાહેબે અમારા વતી જવાબો તથા નિવેદનો રજુ કરેલા.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જવાબો સાચા હતા.એ વાત ખરી નથી કે દાવાવાળી જમીનમાં વાદીઓના હીસ્સાઓ અલગ અલગ પડેલ અને તેઓ અલગ અલગ ખેતી કરે છે.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હીસ્સાઓ અલગ પડેલ નથી સાથે ખેતી કરે છે.એ વાત ખરી નથી કે મારા સોંગદનામામાં જણાવેલ તમામ હકીકતો ખોટી જણાવેલ છે.એ વાત ખરી નથી કે દાવાવાળી જમીનમાં અમારા પિતાજી કે અમારો કોઈ લાગ હીસ્સો કે હકક આવેલ ન હોવા છતાં જમીન પડાવી લેવાના ઈરાદે ખોટુ સોગંદનામુ ,ખોટી જુબાની રજુ કરી આ કામે આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૧૩) ત્યારબાદ સદર કેસમાં આ કામના પ્રતિવાદી તરફે સા. ખાંટ દિનેશકુમાર ભેમાભાઈનુ આક:૧૪૬ સરતપાસનુ સોગંદનામુ રજૂ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, અમો સોગંદનામું કરનાર જન્મથી બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લીમાં રહીએ છીએ તથા અમારી સમજણથી આ કામના પક્ષકારોને તથા તેમના વડવાઓને ઓળખીએ છીએ. આ કામના પક્ષકારો એક જ વડવાના સંતાનો છે. અમો સોગંદનામું કરનારની ખેતીની જમીન મોજે બડોદરા, તા.મોડાસાની સીમમાં સ.નં.૨૫૯ (જેનો જુનો સ.નં.૨૦૮) છે. જે જમીન આ કામના પક્ષકારોની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની જમીન સર્વે નંબર ૨૫૮(જુનો સ.નં.૨૦૯) ની ખેતીની જમીનથી પશ્ચિમ દિશાએ આવેલ છે તથા અમો સોગંદનામું કરનારની

જમીનમાં અમારું ખેતી વિષયક રહેઠાણ અંગેનું મકાન અમારા વડવાઓ વખતથી બનાવેલ છે. અમો સોગંદનામું કરનારના વડીલો સદરહ મકાનમાં રહેતા હતા તે પછી અમો સોગંદનામું કરનાર જન્મથી જ સદરહુ મકાનમાં રહીએ છીએ. જેથી સદરહુ દાવાવાળી જમીન સ.નં.૨૫૮ અંગે સંપૂર્ણપણે માહિતગાર છીએ. જે જમીનમાં મૂળથી આ કામના પક્ષકારો તથા તે અગાઉ તેમના વડવાઓ સંયુક્ત ખેતી કરાવતા હતા. આ કામના પક્ષકારોએ દાવાવાળી જમીનના તે પછી વર્ષો પૂર્વે બે ભાગ ઉત્તર–દક્ષિણના શેઢાથી કરેલ છે. જેમાં આ શેઢાથી પૂર્વ તરફનો ભાગ આ કામના વાદીઓ અને તેમના કાકાના દીકરાઓનો છે. જયારે પશ્ચિમ તરફનો ભાગ આ કામના પ્રતિવાદી નં.૧ રમણજી મોતીજી સુરાજી બામણીયા, પ્રતિવાદી નં.૨ ફતાજી સુરાજી બામણીયા તથા પ્રતિવાદી નં.૩ માલાજી સુરાજી બામણીયાનો આવેલ છે. આ કામના હુ ધોરણ–૧૮ છુ.એ વાત ખરી છે કે ટીસ્કી ૮ મહીના પહેલા સદર ગેરેજ મારી આ પ્રતિવાદીઓ અને હતો.એ વાત ખરી છે કે હુ ક ` છે.મે તા. ૧૧, રમણકાકા વાદીઓએ તેમના હીસ્સાના પૂર્વના ભાગમાં મુખ્ય ત્રણ ઉત્તર–દક્ષિણ દીશાના ભાગ અને તેમાં પણ પેટા ભાગ કરી માલિકી હકે સ.નં.૨૫૮ પૈકીની પૂર્વ તરફની જમીનમાં તેમના વડવાઓ વખતથી ખેતી કરતા આવેલ છે. તેવી જ રીતે પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાઓએ તેમના પશ્ચિમ તરફના ભાગમાં તેમના વડવાઓ વખતથી ઉત્તર–દક્ષિણ દીશાના ત્રણ ભાગ કરી પોત–પોતાના હિસ્સાઓમાં ખેતી કરાવે છે જેની અમોને બરાબર ખબર હોઈ આ સોગંદનામાથી જાહેર કરીએ છીએ. જો વાદીઓ એવું કહેતા હોય કે સ.નં.૨૫૮ ની ખેતીની જમીન તેમની સ્વતંત્ર માલિકીની છે તો તે હકીકત ખરી નથી.જયારે ઉલટતપાસમાં જણાવેલ કે,હુ ધોરણ–૧૨ સુધી ભણેલો છુ.હુ મોટર સાઈકલ રીપેરીંગનુ કામ ટીસ્કી મુકામે કરૂ છુ.એ વાત ખરી છે કે ટીસ્કી મુકામે આવેલ ગેરેજ મારી માલીકીનુ છે. એ વાત ખરી છે કે આઠેક મહીના પહેલા સદર ગેરેજ મારી માલીકીનુ થયેલ અને તે પહેલાં હુ ગેરેજમાં નોકરી કરતો હતો.એ વાત ખરી છે કે હુ કામ કરવા માટે સવારે જાઉ અને રાત્રે પાછો આવુ છુ.એ વાત ખરી છે કે આ પ્રતિવાદીઓ અમારા ધરે આવતા જતા હોય છે કારણકે અમારા ખેતર પાસે પાસે છે.મે તા.૧૧/૨/૨૦૨૬ ના રોજ આ કામે જે સોગંદનામુ કરેલ તે દિવસે મારા ઉપર રમણકાકાનો ફોન આવેલ તેથી હુ ધરેથી આવેલ.એ વાત ખરી છે કે સોગંદનામુ કરવા રમણકાકાએ બોલાવતા હુ આવેલ.એ વાત ખરી નથી કે તા.૧૧ /૨/૨૦૨૬ ના રોજ મે રજુ કરેલ સોગંદનામુ તૈયાર હતુ.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે વિગતવાર લખાવેલ.એ વાત ખરી નથી કે રમણભાઈને ફાયદો થાય એટલે મે આ કામે સોગંદનામુ કરેલ.એ વાત ખરી નથી કે મારા સોગં દનામામાં જણાવેલ તમામ હકીકતો પ્રતિવાદીઓને ફાયદો થાય તે માટે ખોટી જણાવેલ

છે.એ વાત ખરી નથી કે મે ખોટુ સોગંદનામુ કરી ખોટી જુબાની આપુ છુ.

**(૧૪)** ત્યારબાદ પ્રતિવાદીઓ આંક–૧૪૯ થી પટેલ રણછોડભાઈ શીવાભાઈ નુ સોગંદનામુ રજુ કરેલ.જેમાં તેઓએ જણાવેલ કે, અમો સોગંદનામું કરનાર જન્મથી બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લી મુકામે રહીએ છીએ તથા શરૂઆતથી આ કામના પક્ષકારોને તથા તેમના વડવાઓને અમો ઓળખીએ છીએ. આ કામના પક્ષકારો એક જ વડવાના સંતાનો છે. આ કામના પક્ષકારોની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની ખેતીની જમીન સર્વે નં.૨૫૮ (જુનો સ.નં.૨૦૯) આવેલ છે. જે જમીનની ઉત્તર દિશાએ અડીને બડોદરા ગામમાંથી મોડાસા અથવા બહાર જવાનો પાકો ડામર રોડ આવેલ છે. આ રોડથી અમો સોગંદનામું કરનારને અવાર નવાર મોડાસા વિગેરે જવા માટે આ રોડ ઉપર થઈને નીકળવાનું થાય છે તેથી આ પક્ષકારોની સદરહુ સંયુક્ત માલિકીની જમીન અમોએ જોયેલ છે. જે જમીન વર્ષોથી આ કામના પક્ષકારો સ્થળે ભાગલા પાડીને પોતપોતાના હિસ્સામાં અગાઉ તેમના વડવા તથા તે પછી આ કામના પક્ષકારો પોતપોતના હિસ્સાની જમીનમાં ખેતી કરાવે છે. અને આમ સદરહુ દાવાવાળી જમીન સ.નં.૨૫૮ અંગે અમો સોગંદનામું કરનાર સંપૂર્ણપણે માહિતગાર છીએ. આ જમીનમાં મૂળથી આ કામના પક્ષકારો તથા તે અગાઉ તેમના વડવાઓ સંયુક્ત ખેતી કરાવતા હતા. આ કામના પક્ષકારોએ દાવાવાળી જમીનના તે પછી વર્ષો પૂર્વે બે ભાગ ઉત્તર–દક્ષિણના શેઢાથી કરેલ છે. જેમાં આ શેઢાથી પૂર્વ તરફનો ભાગ આ કામના વાદીઓ અને તેમના કાકાના દીકરાઓનો છે. જયારે આ શેઢાથી પશ્ચિમ તરફનો ભાગ આ કામના પ્રતિવાદી નં.૧ રમણજી મોતીજી સુરાજી બામણીયા, પ્રતિવાદી નં.૨ ફતાજી સુરાજી બામણીયા તથા પ્રતિવાદી નં.૩ માલાજી સુરાજી બામણીયાનો આવેલ છે. આ કામના વાદીઓએ તેમના હીસ્સાના પૂર્વના ભાગમાં મુખ્ય ત્રણ ઉત્તર–દક્ષિણ દીશાના ભાગ અને તેમાં પણ પેટા ભાગ કરી માલિકી હકે સ.નં.૨૫૮ પૈકીની પૂર્વ તરફની તેના હિસ્સાની ૫૦% જમીનમાં તેમના વડવાઓ વખતથી ખેતી કરતા આવેલ છે. તથા તેમના હિસ્સાની જમીનમાં કાચું ઝુપડું આવેલ છે. તેવી જ રીતે પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાઓએ તેમના પશ્ચિમ તરફના ભાગમાં તેમના વડવાઓ વખતથી ઉત્તર–દક્ષિણ દિશાના ત્રણ ભાગ કરી પોત–પોતાના હિસ્સાઓમાં ખેતી કરાવે છે તેમજ શેઢાને અડીને આવેલ પ્રતિવાદી નં.૧ શ્રી રમણજી મોતીજી સુરાજી બામણીયાના હિસ્સાની જમીનમાં કાચું ઝુપડું આવેલ છે. જેની અમોને બરાબર ખબર હોઈ આ સોગંદનામાથી જાહેર કરીએ છીએ. જો વાદીઓ એવું કહેતા હોય કે સ.નં.૨૫૮ ની ખેતીની જમીન તેમની સ્વતંત્ર માલિકીની છે તો તે હકીકત ખરી નથી.

બાદમાં સદર પ્રતિવાદી સાહેદની આ કામના વાદીઓના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે. મારા પરીવારમાં એક દીકરો અને ત્રણ દીકરીઓ છે.મારો દીકરો નોકરી

કરે છે અને ઘરે જ રહે છે.હુ ખેતી ધરાવુ છુ.મારી ખેતીની જમીન બડોદરા તા.મોડાસા માં આવેલ છે.હુ ખેતીકામ જાતે કરૂ છુ કે નોકર રાખીને પણ કરાવુ છુ. એ વાત ખરી છે કે આ કામના પક્ષકારોને હુ ઓળખુ છુ.એ વાત ખરી છે કે બરોદરાના પ્રતિવાદી પૈકી હીરાજી ફતાજી અને કાં તીજી ફતાજી અમારા ખેતી કામ કરવા આવે છે.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હુ તેમને કામ કરવાના પૈસા આપુ છુ એટલે આવે છે.એ વાત ખરી છે કે મારા સોગંદનામામાં જણાવેલ હકીકત કે બરોદરા ગામમાંથી મોડાસા અથવા બહાર જવાનો પાકો ડામર રોડ આવેલ છે અને તે રોડથી અમો અવાર નવાર મોડાસા વિગેરે જવા માટે નીકળવાનુ થાય છે અને તે રસ્તામાંથી ગામના અન્ય લોકો પણ અવર જવર કરે છે.એ વાત ખરી નથી કે હીરાજી ફતાજી અને કાંતીજી ફતાજી અમારા ખેતી કામ કરવા આવતા હોય તેમને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ.એ વાત ખરી નથી કે સોગંદનામામાં જણાવેલ તમામ હકીકતો પ્રતિવાદીઓને મદદ કરવા ખોટી ઉભી કરી ખોટુ સોગંદનામુ કરી આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૧૫)** ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓ તરફે સા. હાથીજી મોતીજી બામણીયાનુ આંક: ૧ ૫૦ થી સરતપાસનુ સોગદનામુ રજૂ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, અમો સોગંદનામું કરનાર જન્મથી બડોદરા, તા.મોડાસા, જી.અરવલ્લીમાં રહીએ છીએ તથા અમારી સમજણથી આ કામના પક્ષકારોને તથા તેમના વડવાઓને ઓળખીએ છીએ. આ કામના પક્ષકારો એક જ વડવાના સંતાનો છે. અમો સોગંદનામું કરનારની ખેતીની જમીન મોજે બડોદરા, તા.મોડાસાની સીમમાં સ.નં.૨૭૩ છે. જે જમીન આ કામના પક્ષકારોની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની જમીન સર્વે નંબર ૨૫૮ (જુનો સ.નં.૨૦૯) ની ખેતીની જમીનની નજીક આવેલ છે તથા અમો સોગંદનામું કરનારની જમીનમાં અમારું ખેતી વિષયક રહેઠાણ અંગેનું મકાન અમારા વડવાઓ વખતથી બનાવેલ છે. અમો સોગંદનામું કરનારના વડીલો સદરહુ મકાનમાં રહેતા હતા તે પછી અમો સોગંદનામું કરનાર જન્મથી જ સદરહુ મકાનમાં રહીએ છીએ. જેથી સદરહુ દાવાવાળી જમીન સ.નં.૨૫૮ અંગે સંપૂર્ણપણે માહિતગાર છીએ. જે જમીનમાં મૂળથી આ કામના પક્ષકારો તથા તે અગાઉ તેમનાS વડવાઓ સંયુક્ત ખેતી કરાવતા હતા. આ કામના પક્ષકારોએ દાવાવાળી જમીનના તે પછી વર્ષો પૂર્વે બે ભાગ ઉત્તર–દક્ષિણના શેઢાથી કરેલ છે. જેમાં આ શેઢાથી પૂર્વ તરફનો ભાગ આ કામના વાદીઓ અને તેમના કાકાના દીકરાઓનો છે. જયારે પશ્ચિમ તરફનો ભાગ આ કામના પ્રતિવાદી નં.૧ રમણજી મોતીજી સુરાજી બામણીયા, પ્રતિવાદી નં.૨ ફતાજી સુરાજી બામણીયા તથા પ્રતિવાદી નં.૩ માલાજી સુરાજી બામણીયાનો આવેલ છે. આ કામના વાદીઓએ તેમના હીસ્સાના પૂર્વના ભાગમાં મુખ્ય ત્રણ ઉત્તર–દક્ષિણ

દીશાના ભાગ અને તેમાં પણ પેટા ભાગ કરી માલિકી હકે સ.નં.૨૫૮ પૈકીની પૂર્વ તરફની જમીનમાં તેમના વડવાઓ વખતથી ખેતી કરતા આવેલ છે. તેવી જ રીતે પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાઓએ તેમના પશ્ચિમ તરફના ભાગમાં તેમના વડવાઓ વખતથી ઉત્તર–દક્ષિણ દીશાના ત્રણ ભાગ કરી પોત–પોતાના હિસ્સાઓમાં ખેતી કરાવે છે જેની અમોને બરાબર ખબર હોઈ આ સોગંદનામાથી જાહેર કરીએ છીએ. જો વાદીઓ એવું કહેતા હોય કે સ.નં.૨૫૮ ની ખેતીની જમીન તેમની સ્વતંત્ર માલિકીની છે તો તે હકીકત ખરી નથી.

બાદમાં સદર સાહેદની વાદીઓના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ લીધેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, હુ ભણેલો છુ અને ગુજરાતી વાંચી–લખી શકુ છુ. મારે ત્રણ સંતાનો છે જેમાં લાલાજી હાથીજી, સોમાજી હાથીજી અને કાળાજી હાથીજી છે અને તેઓ અલગ–અલગ રહે છે. હુ મારા નાના બાબા જોડે રહુ છુ. એ વાત ખરી છે કે મારી પોતાની ખેતીની જમીન મારા છોકરાઓ વચ્ચે વહેચણી કરી દીધેલ છે અને જેમ વહેચણી કરેલ તે મુજબ મારા છોકરાઓ ખેતી કરે છે. એ વાત ખરી છે કે મારી સરતપાસમાં જણાવેલ સર્વે નંબર ૨૭૩ વાળી જમીન બડોદરા ગામે આવેલી છે. એ વાત ખરી છે કે મે લગ્ન રીછવાડ ગામે કરેલ છે અને મારા પત્ની હયાત છે. એ વાત ખરી છે કે પ્રતીવાદી રમણજી મોતીજી ને ઓળખુ છુ. એ વાત ખરી છે કે રમજી મોતીજીએ પણ રીંછવાડ મુકામે લગ્ન કરેલ અને તેમના પત્નીનુ નામ દીવાબેન છે. એ વાત ખરી છે કે મારા પત્ની શાંન્તાબેન રમજીની પત્ની દીવાબેનના સગા ફોઈ થાય છે. એ વાત ખરી નથી કે પ્રતીવાદી નંબર રમણજી મોતીજી મારા સંબંધી થતા હોય તેમને સાર્થન આપવા ખોટી જુબાની આપુ છુ.

(૧૬) ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓ તરફે આંક:૧૫૨ થી કોર્ટ કમીશ્નરશ્રી સા. બીપીનચંન્દ્ર પોપટલાલ ચૌહાણની સોગદ પર મૌખીક જુબાની નોધવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, સદર દાવાના કામે આજરોજ મને સમન્સની બજવણી થતાં હુ નામ.કોર્ટમાં સાહેદ તરીકે હાજર થયેલ છુ.સદર દાવાના કામે અમોને નામ. કોર્ટ ધ્વારા કોર્ટ કમીશ્નર તરીકે નિમણુક કરતા અમોએ દાવાવાળા ખેતરનુ પંચનામુ તથા નકશો તૈયાર કરેલ.જે કમિશ્નર પત્ર આંક–૧૧ થી રજુ છે.કમિશ્નરપત્ર મળતા અમોએ પક્ષકારોને નોટીસ કરેલ.જે નોટીસ આ કામે નિ.૧૧/૧ થી રજુ છે.જેમાં મારી તથા પક્ષકારોની તથા તેમના વતી પ્ર તિનીધીઓની સહી છે.જેને રજુ દા. આંક–૧૫૩ આપવામાં આવે છે.તા.૫/૮/૧૮ ના રોજ અમોએ દાવાવાળી જગ્યાએ બડોદરા મુકામે ગયેલા.ત્યાં જઈને અમોએ પંચોને બોલાવેલ તથા

પંચો અને પક્ષકારોની હાજરીમાં પંચનામુ કરેલ.તે પંચનામામાં અમારી તથા બંને પંચોની તથા હાજર પક્ષકારોની સહીઓ છે.જે આ કામે નિ.૧૧/૨ થી રજુ છે.જેને રજુ દા. આંક–૧૫૪ આપવામાં આવે છે.એ વાત ખરી છે કે સ્થળે દાવાવાળા ખેતરની વચ્ચે ઉત્તર દક્ષીણ દીશાનો શેઢો આવેલો છે.પુર્વ દિશાની જમીન ત્રણ ટુકડામાં વહેંચાયેલી હતી.જેમાં કુવો તથા તુટેલ હાલતમાં ઝુંપડુ હતુ.પશ્ચિમ દિશાની જમીનમાં પણ ત્રણ ભાગલા હતા.જેમાં શેઢા ને અડીને તુટેલ હાલતમાં ઝુંપડુ હતુ અને તેની પુર્વે સરકારી પડતર જગ્યા હતી.જમીનની હદ પુરી થતાં પશ્ચિમ દિશાએ ભેમાજી ભુરાજી ખાંટની જમીન આવેલી છે.પંચનામુ કર્યા બાદ નકશો તૈયાર કરેલ. જેમાં મારી સહી છે.જે નકશો નિ.૧૧/૩ થી રજુ કરેલ છે. જેને રજુ દા.આંક–૧૫૪ આપવામાં આવે છે.મધ્ય છેડાથી પુર્વ દિશાની જમીન પુરી થતાં સરકારી પડતર જમીન બાદ વાં ઘુ આવેલુ છે.

બાદમાં સદર પ્રતિવાદીઓ તરફેના સાહેદની વાદીઓના વિ.વકીલશ્રી એ ઉલટતપાસ લીધેલ છે. જેમાં તેઓએજ ણાવેલ છે કે, એ વાત હાલ મને યાદ નથી કે પંચનામુ કરવા ગયેલ ત્યારે દાવા અરજીની નકલ સાથે લઈ ગયેલ કે કેમ? એ વાત ખરી છે કે નિ.૧૧/૧ થી રજુ નોટીસમાં એક જ વાદીની સહી લીધેલ.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તમામ વાદીઓ વતી એક જ વાદીની સહી લીધેલ.

સવાલ–નિ.૧૧/૧ માં જે વાદીની સહી છે તે સિવાય અન્ય વાદીઓને નોટીસની બજવણી કરાવેલ નથી?

જવાબ–તમામ વાદી તર્ફે એક જ વાદીએ જ સહી કરી તમામની નકલો લીધેલી.

એ વાત ખરી છે કે નિ.૧૧/૨ વાળા પંચનામામાં વાદી નં.૧ નો અંગુઠો કરેલ છે અને બાકીના વાદીઓની સહી નથી.એ વાત ખરી છે કે સદર પંચનામામાં તમામ પ્ર તિવાદીઓની સહી લીધેલ છે. એ વાત ખરી છે કે નકશામાં મારી સહી છે પંચોની નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નકશામાં પંચોની સહી લેવાની હોતી નથી.એ વાત ખરી છે કે પંચનામા વખતે તમામ પ્રતિવાદીઓ હાજર હતા..એ વાત ખરી છે કે પંચનામા વખતે વાદીઓ તર્ફે એક જ વાદી હાજર હતા.એ વાત ખરી છે કે બાકીના વાદીઓ પંચનામા અને નકશા વખતે ત્યાં હાજર નહોતા.એ વાત ખરી નથી કે પંચનામા વખતે તમામ પ્ર તિવાદીઓ હાજર હોય તેમના કહેવા પ્રમાણે પંચનામુ અને નકશો તૈયાર કરેલ.

**(૧૭)**તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય રેકર્ડ પરના તમામ મૌખીક અને લેખીત

પુરાવાઓ ધ્યાને લઈ નીચે મુજબની સંયુકત ચર્ચા કરવામાં આવે છે.

**મુદ્દા નં.૧ અને ૬**

મુદ્દા નં.૧ પુરવાર કરવાની જવાબદારી વાદીઓની છે કે ,મોજે બડોદરા ,તા. મોડાસાની સીમના જુના સરવે નં . ૨૦૯ જેનો નવો સર્વે નંબર ૨૫૮ વાળી જમીનના વાદીઓ એકલાજ સંયુકત માલીક અને કબજેદાર છે ? અને મુદ્દા નં.૬ પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીઓની છે કે,સદર દાવાવાળી જમીન બને પક્ષકારોની સંયુકત

માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે? આ બાબતે રેકર્ડ જોતાં વાદીઓ પોતાની દાવા અરજીમાં દાવાવાળી મિલ્કત તેમની એકલાની માલીકીની હોવાનુ જણાવેલ તથા આ કામના પ્રતિવાદીઓ તેમના ગામના હોવાનુ જણાવેલ.તથા પ્રતિવાદીઓ ખોટી રીતે દાવાવાળી મિલ્કતમાં હકક દાખલ કરવાનો પ્રયત્ન કરવાનુ જણાવેલ.જયારે પ્રતિવાદીઓ આંક–૧૨ ના જવાબમાં વાદીઓ તથા પ્રતિવાદીઓના વડવા સ્વ.હુરાજી ભાથીજી બામણીયાના વારસો હોવાનુ જણાવેલ તથા આંક–૧૫ થી કાઉન્ટર કલેઈમ કરી દાવાવાળી મિલ્કતમાં પુર્વ તર્ફે વાદીઓની જમીન તથા પશ્ચિમ તર્ફે પ્રતિવાદીઓ વર્ષોથી વાવેતર કરેલાનુ જણાવેલ.તથા બંને ભાગમાં ત્રણ ત્રણ ભાગલા પડેલ હોવાનુ જણાવી વાદીઓની હકીકતોનો ઈન્કાર કરેલ. આ બાબતે આ કામનુ રેકર્ડ તપાસતા આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓ હુરાજી ભાથીજી બામણીયાના વારસદારો હોવાનુ આ કામે રજુ થયેલ જુદા જુદા દસ્તાવેજો તથા બંને પક્ષકારો વચ્ચે થયેલ ક્રિ.કેસ. ધ્યાને લેતાં જણાઈ આવે છે.જેથી બંને પક્ષકારો એક જ કુટુંબના સભ્યો છે.તે હકીકત રેકર્ડ પરથી જણાઈ આવે છે.દાવાવાળી મિલ્કત બાબતે વાદીઓ આંક–૧૦૧ થી ૧૨૦ તથા ૧૨૭ થી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી દાવાવાળી મિલ્કત વાદીઓના દાદા કલાજી દાનાજીની માલીકીની હોવાનુ તથા જુદા જુદા વર્ષોમાં ધીરાણ મેળવેલ હોવાનુ જણાવેલ.પરંતુ રેકર્ડ જોતાં સદર દાવાવાળી જમીન સરકારી પડતર ફોરેસ્ટ હોવાનુ જણાઈ આવે છે.તથા સને–૧૯૫૦ થી ૧૯૬૦ સુધી ફોરેસ્ટના નામે ચાલી રહેલ.તથા સને–૧૯૬૧ કલાજી દાનાજીનુ નામ દાખલ થયેલ હોવાનુ જણાઈ આવે છે.પરંતુ સને–૧૯૭૨ થી સને–૨૦૦૪–૦૫ સુધી દાવાવાળી જમીન બંને પક્ષો એટલે કે વાદીઓ તથા પ્રતિવાદીઓના સંયુકત નામે હોવાનુ રેકર્ડ પરથી જણાઈ આવે છે.વધુમાં પ્રતિવાદીઓ આંક–૩૬ થી ૪૩ સ્વતંત્ર વ્યકિતઓના સોગંદનામાઓ રજુ કરેલ.જેઓએ સદર જમીન મુળથી જ બંને પક્ષકારોના વડવાઓ સંયુકત રીતે ખેતી કરતા હોવાનુ જણાવેલ.વધુમાં વાદી નં.૪/૧ ની ઉલટતપાસ જોતાં

આંક–૧૨૪ થી મુજબ તેઓએ સદર કેસમાં ઉલટતપાસમાં સ્વીકાર કરેલ કે બંન્ને પક્ષકારો હુરાજી બામણીયાના વારસો છે.તથા તેમના વડવા હુરાજી વતી આ જમીન ખેડાતી હતી તથા તેમના ભાગ આવતી પેઢીઓએ પણ આ જમીન ખેડેલ હતી.તેમજ આંક–૧૨૬ તથા આંક–૧૨૭ તથા આંક–૧૩૬ તથા આંક–૧૪૦ રજુ દસ્તાવેજમાં પણ આ કામના વાદીઓ અને પ્ર તિવાદીઓના નામો જણાઈ આવે છે.જેથી રેકર્ડ પરના તમામ દસ્તાવેજો જોતાં દાવાવાળી મિલ્કત બંને પક્ષકારોના સંયુકત નામે આવેલ હોવાનુ પ્રતિવાદીઓએ પુરવાર કરેલ છે.જયારે સદરહુ મિલ્કત માત્ર વાદીઓ એકલાની માલીકી તથા કબજા ભોગવટાની હોઈ તે હકીકત પુરવાર થઈ શકેલ નથી.જેથી ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં તથા મુદ્દા નં.૬ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.ર , ૭ અને ૧૦</u>**

મુદ્દા નં.ર પુરવાર કરવાની જવાબદારી વાદીઓની છે કે , દાવાવાળી જમીન સ્થળ ઉપર ઉત્તર દક્ષીણ તરફના પાંચ સરખા શેઢા પાડી વાદીઓ અલગ અલગ પોતપોતાના ભાગલામાં ખેતી કરે છે ? મુદ્દા નં.૭ પુરવાર કરવાની જવાબદારી વાદીઓની છે કે જે તે સમયે તેમના વડવા સ્વ. હુરાજીભાથીજી બામણીયાએ દાવાવાળી જમીનના બે સરખા હીસ્સા કરી દાવાવાળી જમીનપૈકીની પૂર્વ તરફની જમીન વાદીઓનાદાદા દાનાજીના હીસ્સામાં અને પશ્ચિમ તરફની અડધી જમીન પ્રતિવાદી નં.૧ ના પિતા અને પ્ર તિવાદી નં.ર , ૩ ને સ્થળે આપેલ.તથા મુદ્દા નં.૧૦ પુરવાર કરવાની જવાબદારી પ્ર તિવાદીઓની છે કે,દાવાવાળી જમીનની પૂર્વ તરફની અડધી જમીન વાદીઓ અને તેમના કાકાના દિકરાઓને હીસ્સે આવેલ છે અને વાદીઓ પૂર્વ હીસ્સામાં મુખ્ય ત્રણ હીસ્સા તેમજ તેમાંપ ણ પેટાહીસ્સા પાડી ખેતી કરાવી ઉપજ લે છે ? આ બાબતે રેકર્ડ તપાસતાં બંને પક્ષકારો એક જ કુટુંબના હોવાનુ જણાઈ આવે છે.આ દાવાનુ રેકર્ડ તપાસતાં સને–૧૯૭ર થી ર૦૦૪–૦પ સુધી બંને પક્ષકારોના સંયુકત નામે હોવાનુ રેકર્ડ પરથી જણાઈ આવે છે.અને પ્ર તિવાદીઓ તર્ફે આંક–૪૩ થી સ્વતંત્ર વ્યકિતઓના સોગંદનામાઓ જોતાં સદર દાવાવાળી મિલ્કત બે ભાગ ઉત્તર દક્ષીણના શેઢા કરી ,પુર્વનો ભાગ વાદીઓ તથા પશ્ચિમનો ભાગ પ્ર તિવાદીઓનો હોવાનુ જણાવેલ.જે ભાગોમાં બંને પક્ષકારો પેટા ભાગ પાડેલ હોવાનુ જણાઈ આવે છે.આ બાબતે આંક–૧પર થી પંચનામું કરનાર કોર્ટ કમિશ્નરને તપાસવામાં આવેલ.જેઓ જણાવેલ કે,સદર દાવાવાળી મિલ્કતનુ પંચનામુ તેમની પક્ષકારો તથા પંચોની હાજરીમાં

કરેલ.દાવાવાળુ ખેતરની વચ્ચે ઉત્તર દક્ષીણ દીશાનો શેઢો આવેલો છે.પુર્વ દીશાની જમીન ત્રણ ટુકડામાં વહેંચાયેલી છે તથા પશ્ચિમ દીશાની જમીનમાં પણ ત્રણ ભાગલા હતા.જે મુજબનુ તેઓ પંચનામુ કરેલ.આ કામે આંક–૧૫૪ થી પંચનામુ રજુ છે તથા આંક–૧૫૫ થી નકશો રજુ છે.વધુમાં કોર્ટ કમિશ્નરની ઉલટતપાસ દરમ્યાન સદર હકીકત વિરૂધ્ધ કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી.જે જોતાં દાવાવાળી જમીનમાં કુલ–૬ ભાગ પડેલ હોવાનુ જણાઈ આવે છે.જેથી વાદીઓના જણાવ્યા મુજબ ઉત્તર દક્ષીણ તરફના પાંચ શેઢો પાડેલાની હકીકત પુરવાર થતી નથી.જયારે પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં કુલ–૬ ભાગ પડેલ હોવાનુ પુરવાર કરેલ છે તેવુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે.જેથી મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં તથા મુદ્દા નં.૭ અને ૧૦ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૩ અને ૮</u>**

મુદ્દા નં.૩ પુરવાર કરવાની જવાબદારી વાદીઓની છે કે , શુ ં વાદીઓ પુરવાર કરે છે કે,દાવાવાળી જમીન સરકારશ્રીએ તેમના દાદા કલાજી દાનાજી બામણીયાને ફાળવેલ અને તેજ મીન કલાજીની સ્વ્પાર્જીત જમીન છે ? તથા મુદ્દા નં.૮ પુરવાર કરવાની જવાબદારી પ્ર તિવાદીઓની છે કે ,શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, કલાજી દાનાજી સંયુકત કુંટુંબનો વહીવટ સંભાળતા હોઈ કબજાના આધારે જમીન માલીકી હકકે સરકારશ્રીએ કલાજીને દાવાવાળી સર્વે નં. ૨૦૯ ની ખેતીની જમીન તેમના નામે ગ્રાન્ટકરેલ ? આ બાબતે રેકર્ડ તપાસતાં સદર દાવાવાળી જમીન સરકારી પડતર ફોરેસ્ટ હોવાનુ જણાઈ આવે છે.તથા સને–૧૯૫૦ થી ૧૯૬૦ સુધી ફોરેસ્ટના નામે ચાલી રહેલ.તથા સને–૧૯૬૧ કલાજી દાનાજીનુ નામ દાખલ થયેલ હોવાનુ જણાઈ આવે છે.પરંતુ સને–૧૯૭૨ થી સને–૨૦૦૪–૦૫ સુધી દાવાવાળી જમીન બંને પક્ષો એટલે કે વાદીઓ તથા પ્રતિવાદીઓના સંયુકત નામે હોવાનુ રેકર્ડ પરથી જણાઈ આવે છે.જેથી સદર જમીન વાદીઓના દાદા કલાજી દાનાજીને સરકારશ્રીએ ફાળવેલ હોવાનુ પુરવાર થાય છે.જે હકીકત આ કામે રજુ આંક–૧૦૪ થી આંક–૧૦૬ રજુ દસ્તાવેજો જોતાં ફલીત થાય છે.જેથી પ્રતિવાદીઓ પુરવાર કરવામાં સફળ નીવડેલ કે આ કામની દાવાવાળી જમીન સરકારશ્રીએ કલાજી દાનાજીને ફાળવેલ હતી.પરંતુ વાદી નં.૪/૧ ની ઉલટતપાસ જોતાં હુરાજી સંયુકત કુટુંબમાં રહેતા ચાર દીકરાઓ પૈકી દાનાજી સૌથી મોટા હતા અને કુટુંબનો ખેતી સાથેનો તમામ વહીવટ સંભાળતા હતા.તથા દાનાજીના મોટા દીકરા કલાજી હતા અને કલાજી ખેતી તથા ઘરનુ તમામ વહીવટ કરતા હતા.વધુમાં સ્વીકાર કરેલ કે ,સરકારશ્ર

ીએ ખેડુતોના ધીરાણ હેઠળની કબજાવાળી સરકારી જમીનો જુના કબજેદારોને તેમના કબજા આધારે જમીનનો માલીક તરીકે આપવાનુ નિર્ણય કરેલ તથા કલાજી ઘરનો તથા ખેતીનો વહીવટ કરતા હતા.જેથી દાવાવાળી જમીનો સરકારશ્રી પાસેથી તેમના નામે મંજુર કરાવેલ.જે હકીકત જોતાં દાવાવાળી જમીન કલાજી દાનાજીને સરકારશ્રીએ ફાળવેલ.પરંતુ સદર જમીન તેમની સ્વપાર્જીત હોય તે હકીકત પુરવાર થતી નથી.જેથી મુદૃા નં.૩ નો જવાબ અશંત હકારમાં આપવામાં આવે છે તેમજ તમામ ચર્ચા જોતાં કલાજી દાનાજી સંયુકત કુંટુંબનો વહીવટ સંભાળતા હોઈ કબજાના આધારે જમીન માલીકી હકકે સરકારશ્રીએ કલાજીને દાવાવાળી સર્વે નં. ૨૦૯ ની ખેતીની જમીન તેમના નામે ગ્રાન્ટ કરેલ તે હકીકત વાદી નં.૪/૧ ની ઉલટતપાસ જોતાં પ્રતિવાદીઓ પુરવાર કરેલ હોય મુદૃા નં .૮ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદૃા નં.૪ અને ૯**

મુદૃા નં.૪ પુરવાર કરવાની જવાબદારી વાદીઓની છે કે પ્રતિવાદીઓ સદર દાવાવાળી જમીનમાં કયારેય ખેતી કરવા આવેલ નથી કે પ્રતિવાદીઓએ સદર દાવાવાળી જમીન ઉપર કયારેય કબજો ભોગવટો પણ કરેલ નથી ? મુદૃા નં.૯ પુરવાર કરવાની જવાબદારી વાદીઓની છે કે દાવાવાળી જમીનની પશ્ચિમ તરફની અડધી જમીન તેમના પ્રત્યક્ષ કબજા ભોગવટામા આવેલ છે અને તેમાં ઉત્તર દક્ષીત દિશાના ત્રણ હીસ્સા પાડી તેઓ ખેતી કરાવે છે ?આ બાબતે મુદૃા નં.૨ અને ૭માં ચર્ચા કર્યા મુજબ બંને પક્ષકારો સંયુકત કુટુંબના હોય દાવાવાળી મિલ્કતમાં પુર્વ ભાગે વાદીઓ ત્રણ ભાગલામાં તથા પ્રતિવાદીઓ ત્રણ ભાગલામાં ખેતી કરતા હોવાનુ આ કામે રજુ પંચનામુ તથા નકશો જોતાં હકીકત પુરવાર થાય છે.જેથી મુદૃા નં.૪ નો જવાબ નકારમાં તથા મુદૃા નં.૯ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદૃા નં.૫**

મુદૃા નં.૫ પુરવાર કરવાની જવાબદારી વાદીઓની છે કે,પ્રતિવાદીઓ તેમના વડવા સ્વ. હૂરાજીની વડીલોપાર્જીત ખેતીની જમીન દાવાવાળી જમીનની જગ્યાથી આશરે બે કી.મી. દૂર બડોદરા સીમના સ.નં. ६ માં આવેલ છે તે જમીનમાં તેમના હીસ્સામાં પ્રતિવાદીઓ ખેતી કરે છે ? આ કામનુ રેકર્ડ તપાસતાં આંક–૧૬૫ થી ૧૬૬ સુધીના દસ્તાવેજો પ્રતિવાદીઓ તર્ફે રજુ કરવામાં આવેલ.જે જોતાં સદર જમીન બંને પક્ષકારોની સંયુકત માલીકીની હોવાનુ ફલીત થાય છે.પરંતુ સદર જમીન સ્વ.હુરાજી પ્રતિવાદીઓને ફાળવેલ હોય

તે દર્શાવતો કોઈ પણ પુરાવાઓ વાદીઓ તર્ફે રજુ થયેલ નથી.જેથી મુદ્દા નં.૫ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૧૧ થી ૧૩ તથા વધારાના મુદ્દા નં.૧ અને ૨**

આમ, ઉપરોકત સમગ્ર પુરાવાકીય સામગ્રી ધ્યાને વંચાણે લેતાં તેમજ તેનુ એકદરે મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે વાદીઓ તરફે રજૂ કરેલ દાવા અરજીના સમર્થનમાં આંક:૯૯ ની વાદી નં.૪/૧ લાલાભાઈ બાલાજી બામણીયાનુ સરતપાસનુ સોગંદનામુ અને તે લગત આ કામના પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસ તેમજ વાદીઓ તરફે ઉપરોકત રજૂ કરેલ તેઓના સમર્થનમાં જે જે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે તે તમામ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ જોતાં અને તેનુ મૂલ્યાંકન કરતાં વાદીઓ તેઓના દાવાની હકીકતો સંપૂર્ણપણે પુરવાર કરી શકેલ હોવાનુ જણાઈ આવતુ નથી અને જેથી મુદ્દાઓમાં જણાવ્યા મુજબની હકીકતો વાદીઓએ પુરવાર કરી શકેલ નથી. જયારે આ કામના પ્રતિવાદીઓ તરફે આંક : ૧૩૨ ના સા. રમણજી મોતીજી બામણીયાનુ સરતપાસનુ સોગં દનામાની હકીકતો અને તે લગત વાદીઓના વિ.વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસ તેમજ આ કામના પ્રતિવાદીઓ તરફે આંક : ૧૪૬ ના સા. ખાંટ દિનેશકુમાર ભેમાભાઈનુ સરતપાસનુ સોગદનામાની હકીકતો અને તે લગત વાદીઓના વિ.વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસ તેમજ આ કામના પ્રતિવાદીઓ તરફે આંક : ૧૪૯ ના સા. પટેલ રણછોડભાઈ શીવાભાઈનુ સરતપાસનુ સોગદનામાની હકીકતો અને તે લગત વાદીઓના વિ.વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસ તેમજ આ કામના પ્રતિવાદીઓ તરફે આંક : ૧૫૦ ના સા. હાથીજી મોતીજી બામણીયાનુ સરતપાસનુ સોગંદનામાની હકીકતો અને તે લગત વાદીઓના વિ.વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસ તેમજ આંક:૧૫૨ થી આ કામના પ્રતિવાદીઓ તરફે સા. કોર્ટ કમીશ્નરશ્રી બીપીનચંન્દ્ર પોપટલાલ ચૌહાણની સોગંદ પરની જુબાનીઓ ધ્યાને વંચાણે લેતાં તેમજ આકામના પ્રતિવાદીઓ તરફે સદર સરતપાસના સોગંદનામા તથા જુબાનીઓના સમર્થનમાં રજૂ કરેલા ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને વંચાણે લેતાં તેમજ એકબીજા સાથે મૂલ્યાંકન કરતાં આ કામના પ્રતિવાદીઓ તેમના દાવાજવાબની હકીકતો પુરવાર કરતા હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં સદર કેસમાં આંક:૩૭ ના પુરાવાલીસ્ટથી નિ.૩૭/૧ થી નિ. ૩૭/૪૩ સુધીના જુદી જુદી વ્યકિતઓના પ્રન્સિપાલ સિનિયર સીવીલ જજ સા.શ્રીની કોર્ટના રજીસ્ટાર રુબરુ કરવામાં આવેલા સોગદનામાઓ પણ

ધ્યાને વંચાણે લીધા. તેઓ તમામ વ્યકિતઓ પ્રતિશવાદીઓ તરફેની હકીકતોને મદદરૂપ થાય તેવી હકીકતો જણાવે છે. તેમજ આક:૬૩/એ થી રજૂ કરેલા કુલ:પાંચ દસ્તાવેજોની હકીકતો પણ વંચાણે લઈએ તો તે પણ પ્રતિવાદીઓ તરફે મદદરૂપ થાય તેવા પુરાવા રજૂ થયેલ હોવાનુ જણાય છે. તેમજ આક:૧૩૪ ના પુરાવાલીસ્ટથી આક: ૧૩૬ થી આક: ૧૪૪ સુધીના રજૂ કરેલ તમામ દસ્તાવેજોમાંની હકીકતો ધ્યાને વંચાણે લઈએ તો તે પણ તમામ દસ્તાવેજો પ્ર તિવાદીઓની તરફેણમાં મદદરૂપ કરતા હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમાં આક:૧૫૨ ના કોર્ટ કમીશ્નરશ્રીના પુરાવામાં પણ આક: ૧૫૩ ની નોટીશ, આક:૧૫૪ થી કોર્ટ કમીશ્નરશ્રીએક રેલ પંચનામુ તથા આક: ૧૫૫ થી વાદવાળી સ્થળસ્થિતિનો કોર્ટ કમીશ્નર ધ્વારા તૈયાર કરવામા આવેલ નકશો જોતાં પણ તે હકીકતો પ્રતિવાદીઓ તરફે મદદરૂપ થતી હોવાનુ સ્પષ્ટપણે જણાઈઆવે છે. આમ,મુદ્દા નં.૧ થી ૧૦ સુધી કરેલ સમગ્ર ચર્ચા કર્યા પ્રમાણે મોજે બડોદરા ,તા. મોડાસાની સીમના જુના સરવે નં.૨૦૯ જેનો નવો સર્વે નંબર ૨૫૮ વાળી જમીનના વાદીઓ એકલાજ સંયુકત માલીક અને કબજેદાર હોવાની હકીકતો પુરવાર કરતા નથી તેમજ દાવાવાળી જમીન સ્થળ ઉપર ઉત્તર દક્ષીણ તરફના પાંચ સરખા શેઢા પાડી વાદીઓ અલગ અલગ પોતપોતાના ભાગલામાં ખેતી કરતા હોવાની હકીકતો પુરવાર કરતા નથી તેમજ દાવાવાળી જમીન સરકારશ્રીએ તેમના દાદા કલાજી દાનાજી બામણીયાને ફાળવેલ અને તેજમીન કલાજીની સ્વપાર્જીત જમીન હોવાની હકીકતો વાદીઓએ પુરવાર કરેલ નથી. તેમજ પ્રતિવાદીઓ સદર દાવાવાળી જમીનમાં કયારેય ખેતી કરવા આવેલ નથી કે પ્ર તિવાદીઓએ સદર દાવાવાળી જમીન ઉપર કયારેય કબજો ભોગવટો પણ કરેલ હોવાની હકીકતો પણ વાદીઓએ પુરવાર કરેલ નથી. તેમજ પ્રતિવાદીઓ તેમના વડવા સ્વ. હૂરાજીની વડીલોપાર્જીત ખેતીની જમીન દાવાવાળી જમીનની જગ્યાથી આશરે બે કી.મી. દૂર બડોદરા સીમના સ.નં.૬ માં આવેલ છે તે જમીનમાં તેમના હીસ્સામાં પ્રતિવાદીઓ ખેતી કરતા હોવાની હકીકતોપુરવાર કરેલ નથી. તેમજ સદર દાવાવાળી જમીન બને પક્ષકારોની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ હોવની હકીકતો પ્રતિવાદીઓએ પુરવાર કરેલ છે તેમજ જે તે સમયે તેમના વડવા સ્વ. હુરાજીભાથીજી બામણીયાએ દાવાવાળી જમીનના બે સરખા હીસ્સા કરી દાવાવાળી જમીનપૈકીની પૂર્વ તરફની જમીન વાદીઓનાદાદા દાનાજીના હીસ્સામાં અને પશ્ચિમ તરફની અડધી જમીન પ્રતિવાદી નં.૧ ના પિતા અને પ્રતિવાદી નં.૨ , ૩ ને સ્થળે આપેલ હોવાની હકીકતો આ કામના પતિવાદીઓએપુરવાર કરેલ છે તેમજ

કલાજી દાનાજી સંયુકત કુંટુંબનો વહીવટ સંભાળતા હોઈ કબજાના આધારે જમીન માલીકી હકકે સરકારશ્રીએ કલાજીને દાવાવાળી સર્વે નં. ૨૦૯ ની ખેતીની જમીન તેમના નામે ગ્રાન્ટ કરેલ હોવાની હકીકતો પણ પ્રતિવાદીઓએ પુરવાર કરેલ છે તેમજ દાવાવાળી જમીનની પશ્ચિમ તરફની અડધી જમીન તેમના પ્રત્યક્ષ કબજા ભોગવટામા આવેલ છે અને તેમાં ઉત્તર દક્ષીત દિશાના ત્રણ હીસ્સા પાડી તેઓ ખેતી કરાવતા હોવાની હકીકતો પણ પ્ર તિવાદીઓ તરફે પુરવાર કરેલ છે તેમજ દાવાવાળી જમીનની પૂર્વ તરફની અડધી જમીન વાદીઓ અને તેમના કાકાના દિકરાઓને હીસ્સે આવેલ છે અને વાદીઓ પૂર્વ હીસ્સામાં મુખ્ય ત્રણ હીસ્સા તેમજ તેમાં પણ પેટાહીસ્સા પાડી ખેતી કરાવી ઉપજ લેતા હોવાની હકીકતો પ્ર તિવાદીઓ તરફે પુરવાર કરેલ છે તેમજ વાદીઓ તેમની દાવા અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા નથી પરંતુ પ્રતિવાદીઓ તેમના સામાદાવામાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા હોવાનુ જણાય છે .ત્યારબાદ આંક:૫૮ અને આંક: ૬૩ ની અરજી હેઠળ કરેલ હૂકમ મુજબ વધારાના મુદા કાઢવામાં આવેલ છે. જે મુદ્દાઓ બાબતે બંને પક્ષકારો તર્ફે કોઈ ઠોસ કે સચોટ પુરાવાઓ રજુ થયેલ નથી.જેથી સદરહુ મુદ્દાઓનો જવાબ નકારમાં આપવામાં આવે છે.જેથી ઉપર કરેલ ચર્ચા મુજબ વાદીઓ પોતાની દાદ મેળવવા હકકદાર ઠરતા ન હોય મુદ્દા નં. ૧૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાંઆવે છે જયારે પ્રતિવાદીઓ તેમના સામા દાવામાં જણાવ્યા મુજબની પોતાની દાદ મેળવવા હકકદાર ઠરતા હોય મુદ્દા નં. ૧ ૨ નો નિર્ણય નકારમાં ઠરાવવામાંઆવે છ.તેમજ વધારાના મુદા નં.૧ અને ૨ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.૧૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

## -:<u>આ ખ રી હુ ક મ</u>:-

:૧: વાદીઓનો દાવો આથી ''નામંજૂર '' યાને કે '' રદૃ '' કરવાનો હૂકમ કરવામાં આવે છે.

:૨: જયારે પ્રતિવાદીઓ તરફે રજૂ કરેલ કાઉન્ટર કલેઈમ દાવો મંજૂર કરવામાં આવે છે. અને આથી એવો હૂકમ કરવામાં આવે છે કે, મોજે બડોદરા,તા.મોડાસા, જી. અરવલ્લીના સ.નં. ૨૫૮( જુનો સ.નં. ૨૦૯ ક્ષેત્રફળ હે. ૦૩-૦૧-૫૫ આરે. ચો.મી. વાળી

જમીન પૈકી કાઉન્ટર દાવા અરજીના પેરા ન. ૧ માં વર્ણવેલ ખુંટ ચારના વર્ણનવાળી અડધી જમીનના પ્રતિવાદીઓ માલિક કબજેદાર છે અથવા વિકલ્પે સ.નં. ૨૫૮(જુના સ.ન. ૨૦૯ ) વાળી સદરહુ જમીનના પ્રતિવાદીઓ સંયુકત માલીક કબજેદાર છે તેવુ ઠરાવવામાં આવે છે.

તેમજ આ કાઉન્ટર દાવાના પેરા નં.૧ મા વર્ણજેલ ખુંટ ચારના વર્ણનવાળી મોજે બડોદરા, તા.મોડાસા, જી. અરવલ્લીના સ.નં. ૨૫૮(જેનો જુનો સ.નં. ૨૦૯) પૈકીની અડધી પશ્ચિમ તરફની પ્રતિવાદીઓના હીસ્સાની જમીનમાં આ કામના પ્ર તિવાદીઓને તથા તેમના વંશ, વાલી, વારસો, અને માણસોને ખેતી કરી ઉપજ લેતા આ કામના વાદીઓ કે તેમના ઘરના સભ્યો, માણસો, નોકરો, એજન્ટો, એસાનીઓ કે મુખત્યારો અડચણ, અવરોધ કરે કરાવે નહી કે ધાકધમકી આપે અપાવે નહી તેવો આ કાઉન્ટર દાવો ચાલી ગયે કાયમી જાથુનો મનાઈહૂકમ વાદીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવે છે.

:૩: આ કામમાં વાદીઓ તથા પ્રતિવાદીઓએ પોતપોતાનો ખર્ચ જાતે ભોગવવો.

:૪: ઉપરોકત હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ, **તા.૩૦ મી,** માહે **: જુન ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦.૦૬.૨૦૨૬
મોડાસા.

( એસ. આર. શર્મા )
એડીશનલ સીવીલ જજ,
મોડાસા.
Judge Code No.GJ-01571